પ્રકાશક :

શ્રી મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટી.

રાજકોટ

પ્રથમાવૃત્તિ : અષાડ શુદી ૨ ૧૯૯૩ :: પ્રત ૧૧૦૦

દ્વિતીયાવૃત્તિ :: પોષ શુદી ૧૫ ૧૯૯૪ · પ્રત ૧૫૦૦

વિક્રમ સવત્ ૧૯૯૪ :: વીર સંવત્ ૨૪૬૪

ઈ. સ. ૧૯૩૮

: મુદ્રક :

શાહ બ્રધર્સ પ્રિન્ટીંગ પ્રેસ,

લલ્લુભાઈ બિલ્ડીંગ

રાજકોટ

આકાંક્ષાથી સુખપ્રાપ્તિ થશે એમ સમજીને શરીરને સતાવવામા લાગે છે, તેઓનું દુ:ખમા પણ આનંદ માણવાનું કારણ દુ:ખ સાથે સુખ સંયુક્ત થઈ ગયું હોય છે, તે છે. પોતાને અત્યારે પીડી રહેલા તપસ્વીઓ પોતાને માટે સ્વર્ગની અને અત્યારે સુખ મેળવી રહેલા ભોગી માટે નરકની કલ્પના કરીને તેમના તરફ તિરસ્કારની નજરે જોતા હોય છે આ બધાની વૈજ્ઞાનિક ઢબે ચર્ચા કરતા રજનીશજી કહે છે કે પશુ તો પ્રકૃતિમા જીવે છે પરંતુ મનુષ્ય પ્રકૃતિથી નીચે પડીને, વિકૃત થતાં પશુથી બદતર હાલતમા જાય છે; તેમ જ પ્રકૃતિથી ઉપર ઊઠીને— અતિક્રમણ કરીને સંસ્કૃતિમાં પણ પ્રવેશ કરી જાય છે. તપ એ મનુષ્યને ઊર્ધ્વગમનની દિશામાં લઈ જવાની પ્રક્રિયા છે તપનો બીજો અર્થ થાય છે — જીવન ઊર્જા, ઊર્ધ્વગામી હોવું તે તેનો સ્વભાવ છે. પણ જન્મોજન્મની આદતોને કારણે આપણે તેને અધોગામી બનાવેલ છે. રજનીશજીના હિસાબે આ શક્તિને ઊર્ધ્વગમનની દિશામા લઈ જવી એ તેનો ખરો અર્થ છે. તેમના કહેવા મુજબ ખોટો તપસ્વી આદત બનાવે છે અને કામ-કેન્દ્રને શક્તિ ન મળે તે માટે દમન અને ઓછું ભોજન વગેરેનો આશરો લે છે, પણ તેથી તે વાસના-મુક્ત નથી થતો પરતુ સાચો તપસ્વી પોતાનો સ્વભાવ શોધે છે અને આદત સાથે લડતો નથી, પણ તેના સ્વીકાર દ્વારા ધ્યાનનુ રૂપાંતરણ કરે છે. તે શક્તિ પેદા કરે છે અને તેને નવા કેન્દ્રો પર ઊર્ધ્વગામી કરે છે. એક વખત તપની આ ભૂમિકા સમજાઈ જાય તો તપના એક-એક અંગમાં ઊતરવાનું આસાન થઈ જાય છે.

તપ એ આચરણ હોઈ સાધક માટે ઘણું ઉપયોગી છે. નિ:શંક રીતે રજનીશજીએ તપની જે વૈજ્ઞાનિકતા છે તેના આધારે વિધાયક માર્ગની જે પ્રરૂપના કરી છે તે જૈન અને જૈનેતર દરેક સાધક માટે ઘણી મદદરૂપ થશે તેવી આશાથી આપના હાથમાં આ પુસ્તક મૂકતાં અત્યંત આનંદ થાય છે

ગોવિંદ ચૈતન્યના પ્રણામ

પ્રાર્થનાનું જેમને વ્યસન જ પડ્યું હોય તે જ માત્ર કહી શકે. જીવનને સાર્થક અને પ્રભુમય બનાવવામાં પ્રભુપ્રાર્થના એક અમોઘ સાધન છે; અને તેથી પૂજ્યશ્રી વ્યાખ્યાનના આરંભમાં હમેશાં પ્રાર્થના ઉપર હૃદયસ્પર્શી મૌલિક વિચારોદ્વારા સચોટ ઉપદેશ આપી પ્રભુ-ભક્તિ તરફ જનતાને દોરવા પ્રયત્નશીલ રહે છે; અને એ રીતે પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવે છે. પૂજ્યશ્રીના આ વિચારોનુ મનન કરી જીવનસાફલ્ય કરવા માટે અમે સૌ કોઇને સાગ્રહ અનુરોધ કરીએ છીએ.

બીજાં ચાર વ્યાખ્યાનોમાં 'જનસેવા' ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. અત્યારે જનસેવા કેવી ઉપરછલી બની ગઇ છે! વાસ્તવિક જનસેવા કેવી હોય! અને સેવા પાછળ આત્મસમર્પણની ભાવના અને ધગશ કેટલી હોવી જોઇએ વગેરે વાતોને ગંગાના પ્રવાહ જેવી પોતાની શીતળ અને સ્વચ્છ વાણીથી તેમજ સમર્થ વાક્પટુતાથી સત્ય સ્વરૂપમા પ્રત્યક્ષ કરી બતાવી, જનસેવાનો સાચો આદર્શ કેવો હોવો જોઇએ તે માટે જનસેવક 'મઘા'નું પ્રાચીન દૃષ્ટાંત આપવામાં આવ્યુ છે.

'માનવધર્મ,' 'બ્રહ્મચર્ય' અને 'સંતતિનિયમન' નામના વ્યાખ્યાનોમાં આજના સમાજના અને વર્ત્તમાન સમયના એ સળગતા પ્રશ્નોનો વિચાર કરવામાં આવ્યો છે એ વ્યાખ્યાનોમા મહાત્મા ગાધીજીએ 'બ્રહ્મચર્ય' અને 'સંતતિનિયમન' વિષે જે વિચારો દર્શાવ્યા છે તે વિચારોનો સુંદર સુમેળ થએલો જોઇ શકાશે.

અને અતમા જૈનદૃષ્ટિએ ખાદીવિષયક વ્યાખ્યાનોનો સાર આપવામાં આવેલ છે. સયમ, સાદગી, સેવા વગેરેને જીવનમાં ઉતારવા માટે ખાદી કેટલી બધી સાધનભૂત છે તે વિષે જૈનદૃષ્ટિએ વિચાર કરી, જૈનોએ ખાદીને શા માટે અવશ્ય અપનાવવી જોઇએ એ સ્પષ્ટ કરવામા આવ્યુ છે.

(૧૫) જે ઇન્દ્રિય સૌથી વધુ બહાર લઈ જાય છે, તે જ ઇન્દ્રિય સૌથી વધુ અંદર લઈ જવાનું દ્વાર થાય છે.
(૧૬) મહાવીરના મતે આત્માની ત્રણ સ્થિતિઓ — બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા.
(૧૭) ઇન્દ્રિયો બહાર પદાર્થ સાથે જોડે છે, અંદર આત્મા સાથે જોડે છે.
(૧૮) મનુષ્યની સંભાવના—બહિરાત્માની સ્થિતિમાથી અંતરાત્માના માર્ગ દ્વારા પરમાત્મા સુધી પહોંચવાની
(૧૯) ઇન્દ્રિયોનાં બે રૂપ — ઐન્દ્રિક અને અતીન્દ્રિય.
(૨૦) રશિયન અંધ છોકરી દ્વારા વાંચવાની અતીન્દ્રિય શક્તિનો થયેલો વિકાસ.
(૨૧) મહાવીરની સંયમની દૃષ્ટિનો આધાર — અતીન્દ્રિય શક્તિનો વિકાસ.
(૨૨) નિષેધની ધારણાને કારણે તપશ્ચર્યા દ્વારા દુર્બળ થઈ ગયેલા બુદ્ધ.
(૨૩) નિષેધથી આત્મ-બળ તો પ્રાપ્ત નથી થતું, પરંતુ શરીર-બળ પણ નષ્ટ થાય છે.
(૨૪) પ્રત્યેક વ્યક્તિની અતીન્દ્રિય સંભાવના — તે જાણવા માટેના પ્રયોગો.
(૨૫) સાધક માટે જરૂરી — પોતાના વ્યક્તિત્વના રૂપને શોધવુ.
(૨૬) વ્યક્તિત્વના આધારે મનુષ્યના ચાર રૂપ.
(૨૭) ધર્મ નષ્ટ થવાનું બુનિયાદી કારણ — ધર્મને જન્મની સાથે જોડવો.
(૨૮) દુનિયાના ધાર્મિક થવા માટેની શરત — ધર્મની પસંદગીની સ્વતંત્રતા.
(૨૯) પોતાની પસંદગીથી થયેલો નાસ્તિક જન્મથી ધાર્મિક વ્યક્તિ કરતા વધુ બળવાન.

વિષયાનુક્રમ

રાજકોટ સદરમાં અપાયેલાં જાહેર વ્યાખ્યાનો

રાજકોટ શહેરમાં અપાયેલાં જાહેર વ્યાખ્યાનો

ખાદી વિષયક વ્યાખ્યાનો

(૧) સંયમ સંકોચ નથી, પણ વિસ્તાર છે

સૂર્યાસ્તના સમયે, જેવી રીતે કોઈ ફૂલ પોતાની પાખડીઓ બીડી દે — એવો સંયમનો અર્થ નથી. પરંતુ સંયમનો અર્થ એ છે કે સૂર્યોદયના સમયે જેવી રીતે કોઈ કળી પોતાની પાખડીઓ ખુલ્લી કરે. સંયમ એ કોઈ મૃત્યુના ભયથી સંકોચાઈ ગયેલા ચિત્ત રુગ્ણ દશા નથી; સંયમ અમૃતની વર્ષામાં પ્રફુલ્લિત થયેલા, ન કરતા ચિત્તની દશા છે. સંયમ કોઈ ભયથી કરાયેલો સંકોચ નથી કોઈ પ્રલોભનને કારણે ક્રમને પાડવી પડેલી આદત નથી. સંયમ અભયની દશામા ચિત્તનો થયેલો વ્યાપ અને વિસ્તાર છે. સંયમ કોઈ આનંદની ઉપલબ્ધિથી અંતરવીણા પર ઉત્પન્ન થયેલુ સગીત

સંયમ નિષેધ નથી, પણ વિધેય છે; negative ન positive છે. પરતુ પરપરા નિષેધને માનીને ચાલે છે. કે નિષેધ સરળ છે, જ્યારે વિધેય અતિ મુશ્કેલ છે. મરવુ ઘણુ સ છે, પણ જીવવું ઘણુ અઘરુ છે. આપણને લાગે છે — ના, જી ઘણું સહેલુ છે, પણ મરવુ ઘણું અઘરું છે. પરંતુ જેને આ જીવવુ કહીએ છીએ, એ ફક્ત મરવું જ છે; બીજુ કશું નથી.

સંકોચાઈ જવા કરતા બીજું કશું સહેલું નથી અને ખીલ કરતા વધુ કઠણ પણ કાંઈ નથી કેમ કે ખીલવાને માટે અંતર-ઊર્જ (આતર શક્તિ)નુ જાગરણ જોઈએ છે. પણ સકોચાઈ જવા માટે કે જાગરણની, કોઈ નવી શક્તિની જરૂર નથી જૂની શક્તિ ઓ થઈ જાય તોપણ સંકોચાવાનું થઈ જાય છે; જ્યારે વ્યાપ તો ન શક્તિનો ઉદ્ભવ થાય ત્યારે જ થાય છે.

નોંધ

આ પુસ્તકની પ્રસિદ્ધિ અર્થે રાજકોટનિવાસી
શ્રીયુત્ ગોપાલજી ભીમજી પારેખે
રૂ. ૧૦૧)ની આર્થિક સહાયતા આપી છે.

છોડી રહ્યા છે તે જ સંયમ છે. પણ આપણને એવું નથી લાગતુ કે મહાવીર જે કાંઈ પ્રાપ્ત કરી રહ્યા છે તે સંયમ છે. વળી ધ્યાન રાખજો કે પામ્યા સિવાય છોડવું અશક્ય છે. જે પામ્યા વિના છોડશે એ રુગ્ણ થઈ જશે, બીમાર થઈ જશે. એ અસ્વસ્થ થ જશે, સંકોચાઈ જશે અને અંતે મરી જશે એટલે પામ્યા સિવાય છોડવું અશક્ય છે.

(૩) વિધાયક સંયમ દ્વારા અંતર્-જગતની શ્રેષ્ઠતર વસ્તુની ઉપલબ્ધિ

જ્યારે હું કહું છુ કે ત્યાગની અત્યંત જુદી ધારણા છે અને સંયમનુ સાવ જુદુ રૂપ અને પરિમાણ પ્રગટ થાય છે, ત્યારે હું એમ કહું છુ કે મહાવીર જેવા લોકો જે કાંઈ પામે છે, તે પામવું એટલુ વિરાટ છે કે એની તુલનામાં ગઈ કાલ સુધી એમના હાથમા જે હતુ તે મૂલ્યહીન અને વ્યર્થ થઈ જાય છે. વળી ધ્યાન રાખજો કે મૂલ્યહીનતા સાપેક્ષ (relative) છે, તુલનાત્મક છે

જ્યા સુધી તમને શ્રેષ્ઠ તર નથી મળ્યુ, ત્યાં સુધી તમારા હાથમાં જે છે તે જ શ્રેષ્ઠતર છે. ભલે તમે ગમે તેટલુ કહો કે એ શ્રેષ્ઠતર નથી, પરંતુ તમારુ ચિત્ત કહેતુ જશે, એ જ શ્રેષ્ઠતર છે. કેમ કે એનાથી શ્રેષ્ઠતરને તમે જાણ્યું નથી. જ્યારે શ્રેષ્ઠતરનો જન્મ થાય છે, ત્યારે જ પહેલુ નિકૃષ્ટ થાય છે અને મજાની વાત તો એ છે કે નિકૃષ્ટને છોડવું નથી પડતું અને શ્રેષ્ઠને પકડવું નથી પડતુ. શ્રેષ્ઠ આપોઆપ પકડી લેવાય છે અને નિકૃષ્ટને છોડી દેવાય છે. જ્યાં સુધી નિકૃષ્ટને આપણે પ્રયત્નપૂર્વક છોડવું પડે, ત્યાં સુધી જાણવુ કે આપણને શ્રેષ્ઠની કોઈ ખબર નથી અને જ્યા સુધી શ્રેષ્ઠને આયાસ કરીને પકડવું પડે છે, ત્યા સુધી જાણવું કે હજી શ્રેષ્ઠ મળ્યું નથી. શ્રેષ્ઠનો સ્વભાવ જ એ છે કે એ પકડાઈ જાય છે, નિકૃષ્ટનો સ્વભાવ જ એ છે કે એ છૂટી જાય છે.

પરંતુ નિકૃષ્ટ આપણાથી છૂટતું નથી અને શ્રેષ્ઠ આપણી

જ્યારે શાન્તિ પ્રાપ્ત ન થઈ ત્યારે મને એવો વિચાર આવ્યો કે, મારા પ્રયત્નમાં અવશ્ય કોઈ પ્રકારની ખામી હોવી જોઈએ કે જેથી મને શાન્તિ મળતી નથી. મારા પ્રયત્નમાં શું ખામી હશે? એ વિષે વિચાર કરવાથી મારી સમજમાં એ આવ્યું કે, "હે! પ્રભો! મેં તારી પ્રાર્થના કરી નથી અને એટલા જ માટે મારો આત્મા અશાન્તિ અનુભવી રહ્યો છે. હવે એ અશાન્તિને દૂર કરવા માટે હે! પ્રભો! હું તારી પ્રાર્થના કરું છું અને તારા શરણે આવ્યો છું. તું મને શાન્તિ આપ."

પરમાત્મા પાસેથી શાન્તિ મેળવવા માટે પ્રાર્થના કરવામાં આવે છે પણ પરમાત્મા પાસે કેવી શાન્તિની પ્રાર્થના કરવી જોઈએ એ વિષે પણ વિચાર કરવો આવશ્યક છે; કારણ કે સંસારમાં ભિન્ન ભિન્ન પ્રકારના લોકો ભિન્ન ભિન્ન પ્રકારની શાન્તિ ચાહે છે. જેમની પાસે ધન નથી તે ધનની પ્રાપ્તિમાં, જેમને પુત્ર નથી તે પુત્રની પ્રાપ્તિમાં અને જેમનો કોર્ટમાં કેસ ચાલતો હોય છે તે કેસ જીતવામાં શાન્તિ માને છે. બે રાષ્ટ્રો પરસ્પર લડતા હોય ત્યારે તે પણ પરરાષ્ટ્રની હાર થાય અને પોતાની જીત થાય એમાં પોતાની શાન્તિ માને છે. આ પ્રમાણે ભિન્નભિન્ન વ્યક્તિઓ ભિન્ન ભિન્ન કાર્યની સફલતામાં શાન્તિ માને છે પણ વાસ્તવિક શાંન્તિ શામાં છે એ વિષે અત્રે વિચાર કરવો જોઈએ.

પરમાત્મા પાસે ધન, પુત્ર આદિની પ્રાપ્તિમાં શાન્તિ માની, એવી શાન્તિની પ્રાર્થના કરવી એનો અર્થ એ થયો કે, પોતપોતાની ભાવનાની પૂર્તિ માટે ભાવનાની સાથે ભગવાનને પણ ગુંથી લેવા એ છે આ સાચી શાન્તિ નથી અને આ પ્રકારની શાન્તિ પરમાત્મા પાસેથી મળી પણ ન શકે.

બે ભાઈઓ પરસ્પર લડતા હોય ત્યારે માતા કોની જીત અને કોની હાર ચાહે? તે તો એ જ ઇચ્છે કે, બન્ને ભાઈઓ પરસ્પર

ખેંચવા ન દો, એનાથી ઊલટું ખેંચો. તો નિષેધ એક આંતર-સંઘર્ષ (inner conflict) છે, જેમા શક્તિ વપરાય છે, પ્રાપ્ત નથી થતી. બધા સંઘર્ષોમા શક્તિ વ્યય થાય છે. જ્યા જ્યાં મન ખેંચે છે, ત્યાં ત્યાંથી એને પાછું ખેંચો, પાછું વાળો. કોણ પાછું વાળશે, કોને પાછું વાળશે? તમે જ ખેંચો છો. તમે જ આકર્ષિત થાઓ છો અને તમે જ પાછા જાઓ છો તમે તમારી અંદર વિભાજિત થઈ જાઓ છો શત-ખંડ તૂટી જાઓ છો. જેને મનો-ચિકિત્સક 'સિઝોફ્રેનિયા' (schizophrenia) કહે છે, એ તમારી અંદર પ્રગટ થાય છે તમે ખંડિત થઈ જાઓ છો. તમે બમણા—ત્રણગણા થઈ જાઓ છો. તમારી અંદર અનેક લોકો થઈ જાય છે. તમે તમને જ વિભાજિત કરીને લડવાનુ શરૂ કરી દો છો. એમા ક્યારેય જીત નહિ થાય. જ્યારે મહાવીરનો રસ્તો જીતનો રસ્તો છે. જે પોતાની સાથે લડશે એ કદી જીતશે નહિ.

(૫) મહાવીરનો સંયમ તમને ખંડિત બનાવવા માટે નહિ, પણ અખંડિત બનાવવા માટે

આ સૂત્ર ઊલટું લાગે છે. કેમ કે આપણને લાગશે કે લડ્યા વગર જીત કેવી રીતે થઈ શકે? જે પોતાની સાથે લડશે એ કદી જીતશે? કેમ કે પોતાની સાથે લડવુ એ પોતાના જ બે હાથોને લડાવવા જેવુ છે. એમા ન તો ડાબો જીતી શકે છે કે ન તો જમણો; કેમ કે બંનેની પાછળ મારી જ તાકાત છે. મારી જ શક્તિ લાગે છે. એમ ઇચ્છું કે ડાબાને જિતાડી દઉં, ત્યારે પણ ડાબો નથી જીતતો અને એમ ઇચ્છું કે જમણાને જિતાડી દઉં ત્યારે પણ જમણો નથી જીતતો કેમ કે બંનેની પાછળ હું જ હોઉં છું.

આ જે વ્યક્તિત્વમા ખંડન થઈ જાય છે, disintegration થઈ જાય છે, એ માણસને વિક્ષિપ્તતા તરફ લઈ જાય છે. માણસ એવો દેખાય છે કે જાણે એની અંદર એનો દુશ્મન ઊભેલો હોય.

અપ્રગટ રૂપ સંસારના અંદર પ્રાર્થના હોય છે. જેમકે આ વિનામ વિનાના ખાસ બારીબારણાં બંધ કરી દેવામાં આવે તો હવાનો પ્રવેશ થઈ ન શકે અને શ્વાસનો ધામ પણ રુંધાવા લાગે પણ બારીબારણાં બંધ હોવા છતાં શ્વાસ રુંધાય નહિ તો એમ કહેવું જોઈએ કે, પ્રગટ કે અપ્રગટ રૂપે આ હોલમાં કોઈ ઠેકાણેથી અવશ્ય હવા આવે છે. આ જ પ્રમાણે અત્યારે ભલે પ્રગટરૂપે દૈવી ભાવના જોવામાં આવતી ન હોય તોપણ અપ્રગટરૂપે એ દૈવીભાવના સંસારમાં અવશ્ય પ્રવર્તે જ છે. જો સંસારમાં દૈવીભાવના પ્રવર્તતી ન હોય તો જેમ હવા વિના શ્વાસ રુંધાવા લાગે તેમ દૈવીભાવના વિના સંસારમાં મહા અશાન્તિ ફેલાઈ જાય. સંસારમાં અત્યારે એવી ઘોર અશાન્તિ પ્રવર્તતી નથી એટલા માટે દૈવીભાવના અવશ્ય પ્રવર્તે છે એમ માનવું જોઈએ. દૈવી ભાવનાનો વિકાસ કરો અને એ માટે પરમાત્માનું શરણ લો.

આ જ્યુબિલિ હૉલમાં હવાની આવ-જા માટે અનેક બારીબારણાં છે, છતા વધારે હવા માટે પહેલેથી ગોઠવવામાં આવેલાં પંખાનો હેતુ એ હોવો જોઈએ કે, જેમને બારીબારણાંમાંથી આવતી હવા ઓછી જણાય તે લોકો પંખાની હવા પણ લઈ શકે? આ જ પ્રમાણે જો તમારામાં દૈવી-ભાવના રૂપી હવા ઓછી છે તો તમારે ભગવાન શાન્તિનાથની પ્રાર્થનારૂપી હવાનો વિશેષ ઉપયોગ કરવો જોઈએ કે જેથી તમારામાં દૈવીભાવના વિશેષ વધવા પામે.

પ્રાર્થનાનું આટલું મહત્ત્વ સમજમા આવી જાય તો વધારે કહેવાનું કાંઈ બાકી રહેતુ નથી. પણ ધન, પુત્ર આદિ સાંસારિક કાર્યોના સિદ્ધિ માટે કરવામા આવતી પ્રાર્થના સાચી શાન્તિ આપી શકતી નથી, એટલા માટે હું એટલું જ કહુ છુ કે, સંસારના કોઈપણ કામમાં શાન્તિ માની એ શાન્તિ મેળવવા માટે જ પરમાત્માની

રસ્તો એ નથી કે હું પોતાની ઇન્દ્રિયો સાથે લડું; જીતવાનો રસ્તો એ છે કે હું મારા અતીન્દ્રિય સ્વરૂપની શોધમા લાગી જાઉં જીતવાનો રસ્તો એ છે કે મારી અંદર છુપાયેલા જે બીજા ખજાના છે, એની શોધમા હું લાગી જાઉં. જેમ જેમ એ ખજાના મારી આગળ ખૂલતા જાય છે, તેમ-તેમ ગઈ કાલ સુધી જે મહત્ત્વપૂર્ણ હતુ, તે બિન-મહત્ત્વપૂર્ણ થવા લાગે છે. ગઈ કાલ સુધી જે આકર્ષતો હતો તે હવે નથી આકર્ષતો. ગઈ કાલ સુધી જે ચિત્ત બહારની દિશામા જતુ હતુ તે હવે અંતરની દિશામા આવવા લાગે છે.

(૮) બધી ઇન્દ્રિયો બાહ્ય જગત સાથે જોડે છે, તેમ આંતર-જગત સાથે પણ જોડે છે

જરા ઉદાહરણ લઈને સમજીએ. એક માણસ ભોજન માટે ખૂબ આતુર છે, પરેશાન છે, એમા એને ખૂબ રસ છે. તો એ સંયમને માટે શું કરે? રસનો નિગ્રહ કરે, એ જ આપણને દેખાય છે. આજે આ રસ ન લે, કાલે પેલો રસ ન લે, પરમ દિવસે ત્રીજો રસ ન લે આ ભોજન છોડી દે, પેલુ ભોજન છોડી દે પરંતુ શુ ભોજનના પરિત્યાગથી રસનો પરિત્યાગ થઈ જશે? સંભવ તો એવો છે કે ભોજનના પરિત્યાગથી પહેલાં તો રસ વધશે. જો એ હઠ કરીને ઊભો રહે તો રસ રૂંધાઈને ઠીંગરાઈ જશે, મુક્ત નહિ થાય. પરંતુ એમ ઠીંગરાઈ ગયેલો, કુંઠિત થઈ ગયેલો રસ એના વ્યક્તિત્વને પણ ઠીંગરાવી દેશે, કુંઠિત કરી દેશે.

જે ભોજન કરવામાં પણ ભયભીત થઈ જાય છે તે અભયને શી રીતે પામશે? ના, મહાવીર આને સંયમ નથી કહેતા. મહાવીર જેને સંયમી કહે છે તેવી વ્યક્તિ રસના પાગલપણાથી મુક્ત થઈ જાય છે. મહાવીર એક બીજો ભીતરનો રસ શોધે છે કે જે ભોજનથી નથી મળતો. એક બીજો પણ રસ છે કે જે અંતર સાથે જોડાવાથી મળી જાય છે.

જો આપણે બરાબર સમજીએ તો, આપણી બહારની જેટલી

ખરાબ પદાર્થોની મલીનતાથી દુર્ગન્ધયુક્ત થઈ જાય તે દુર્ગન્ધ કોઈ છે ત્યારે કોઈ વિવેકી પુરુષ ચન્દનની લાકડીની આવી અવસ્થા જુએ છે ત્યારે તે એમ જ કહે છે કે " આ દુર્ગન્ધ ચન્દનની નથી પણ ખરાબ પદાર્થોની છે. ચન્દનમા તો સુગન્ધ જ હોય છે." એ ચન્દનની લાકડીને ઘસવામા આવે અને તેની ઉપર લાગેલાં ખરાબ પદાર્થને દૂર કરવામા આવે તો આ જ ચન્દનની લાકડી સુગન્ધ આપે. આ સુગન્ધ કાંઈ બહારથી આવી નથી, પણ તે તો તેમા જ હતી પણ જ્યાસુધી બહારની લાગેલી ખરાબ ચીજને દૂર કરી, એ ચન્દનની લાકડીને ઘસવામા ન આવે ત્યાસુધી તેમાથી સુગન્ધ પ્રગટતી નથી જ્યારે ચન્દનને ઘસવામા આવે છે ત્યારે તેમાથી સુગન્ધ જ પ્રગટે છે.

જ્ઞાનીજનો કહે છે કે, આ આત્મા પણ ચન્દનની સમાન સુગન્ધી છે, પણ દુસગને લીધે એમા અશાન્તિરૂપ દુર્ગન્ધ પેદા થવા પામી છે તે દુસગ શુ છે ? આ પ્રશ્નના જવાબમા જૈન સિદ્ધાન્ત કહે છે કે, દુસગ કર્મજનિત પાપ છે વેદાન્તીઓ એને 'માયા' કહે છે અને સાંખ્ય લોકો એને 'પ્રકૃતિ' કહે છે આ પ્રમાણે ભિન્ન ભિન્ન દાર્શનિકોએ દુસગ વિષે ભિન્ન ભિન્ન કલ્પનાઓ કરી છે પણ એ બધાનો સાર માત્ર એટલોજ છે કે, આત્મા પોતે તો સુગન્ધમય જ છે પણ સગને લીધે તેમાથી દુર્ગન્ધ આવે છે, અર્થાત્ આત્મામા તો શાન્તિ જ છે પણ કર્મસયોગને લીધે શાન્ત આત્મા પણ અશાન્ત બની ગયો છે અને દુ:ખ અનુભવી રહ્યો છે. કર્મસયોગને લીધે જ આત્માને અશાન્તિ ભોગવવી પડે છે.

કોઈ કહે કે, દેવોની વાત એક બાજુ મૂકીએ તોપણ મનુષ્યોમા પણ એવા કેટલાક મોટા મોટા માણસો છે કે જેઓ અહી શાન્તિ

આવે તો રસ રૂંધાઈ જાય છે, કુંઠિત થઈ જાય છે, મરી જાય છે. અને ઇન્દ્રિય બહારની બાજુએ જ પડી રહે છે. ઇન્દ્રિયોને ભીતરની તરફ વાળવી એ જ સંયમની પ્રક્રિયા છે

(૧૦) કર્ણેન્દ્રિયને ભીતરની દિશામાં વાળવાની પ્રક્રિયા

પણ ઇન્દ્રિયોને ભીતરની તરફ કેવી રીતે વાળીશું? ક્યારેક નાના એવા પ્રયોગો કરશો તો ખ્યાલમા આવવા માંડશે. ઘરમા બેઠા છો બહારના અવાજો સાભળવાનુ શરૂ કરો. ખૂબ જાગ્રત થઈને સાભળો કે કાન શું શું સાભળી રહ્યા છે બધી વસ્તુઓ પ્રતિ જાગ્રત થઈ જાઓ. રસ્તા પર ગાડીઓ ચાલી રહી છે, હોર્ન વાગી રહ્યા છે, આકાશમાથી વિમાન પસાર થઈ રહ્યું છે, લોકો વાતો કરી રહ્યા છે બાળકો રમી રહ્યા છે, રસ્તા પરથી લોકો પસાર થઈ રહ્યા છે, સરઘસ જાય છે—બધા અવાજો તરફ પૂરા જાગી જાઓ. જ્યારે આ બધા અવાજોની પ્રતિ પૂરી રીતે જાગેલા હો, ત્યારે એક વાત એ પણ ખ્યાલ કરો કે કોઈ એવો પણ અવાજ છે કે જે બહારથી નથી આવી રહ્યો, પણ જે અંદર જ ઉત્પન્ન થઈ રહ્યો છે? અને ત્યારે તમે એક અલગ જ પ્રકારની નિસ્તબ્ધતાના, નીરવતાના ધ્વનિને સાભળવા માડશો. આ બજારની ભીડમાં પણ એક અવાજ છે કે જે અંદર આખો વખત ગુંજી રહ્યો છે.

પરંતુ આપણે બહારની ભીડના અવાજમા એટલા તો સંલગ્ન છીએ કે એ અંતરની નિ:સ્તબ્ધતાનો અવાજ આપણને સંભળાતો નથી. બધા અવાજોને સાભળતા રહો ન લડો, ન હટો. બસ, સાંભળતા રહો ફક્ત એક શોધ ભીતર શરૂ કરો કે શું આ બધા અવાજોમા એક અવાજ એવો પણ છે કે જે બહારથી નથી આવતો, પણ ભીતરમાં જ ઉત્પન્ન થઈ રહ્યો છે? અને તમે ઘણા જ જલદી એ નિ:સ્તબ્ધતાના અવાજને, કે જેવો ક્યારેક ક્યારેક નિર્જન વનમાં સંભળાય છે, તેને ભરબજારમાં, સડક પર પણ સાંભળવા શક્તિમાન બનશો. ખરું તો એ છે કે જંગલમા તમને જે

વિષયાનુસાર ન ચાલ્યા ! પિતાની હિતશિક્ષા ભૂલી ગયો. અને સન્મતિ છોડી અમાર્ગ ઉન્નતિના ... ગયો અને એને મુનિમ જેવા હિતૈષીઓની વાત ન ગમતી ... એટલું જ નહિ પણ જ્યારે મુનિમ વગેરે કોઈ અમાર્ગ ... છોડી દેવાની હિતસલાહ આપતા ત્યારે તે એમ વિચારતો કે, 'આ બધા લોકો મારી મોજમઝામાં બાધા ઊભી કરવા ચાહે છે.' જ્યારે મનુષ્ય વિષયની લાલસામાં પડી, પિતાની હિતશિક્ષાની અવહેલના કરે છે ત્યારે મુનીમ આદિની હિતસલાહની તેને શી પરવા હોય ? વિષયી પુરુષને તો જે વિષયભોગની વાત કહે તે જ પ્રિય લાગે છે અને જે તેનો વિરોધ કરે છે તે અપ્રિય લાગે છે. શેઠના પુત્રની આવી અવદશા જોઈ, સ્વામીભક્ત મુનીમ વગેરે તેની નોકરી છોડી ચાલ્યા ગયા

શેઠનો પુત્ર વિષયવાસનામાં પડી જઈ ધનને ઉડાડવા લાગ્યો. થોડા દિવસોમાં તો તેનું બધું ધન ઉડી ગયું અને પરિણામે મકાનો વગેરે સ્થાવર મિલ્કત પણ ગિરવી મૂકવા પડયાં. શેઠના પુત્રની દશા ભિખારી જેવી થઇ ગઈ ત્યારે તેના મોજશોખના સાથીઓ પણ તેને છોડીને ચાલ્યા ગયા. જ્યારે શેઠના પુત્રને ખાવાનાં પણ સાસા પડવા લાગ્યા ત્યારે તેને ભિક્ષા માંગીને ખાવાનુ માથે આવી પડ્યું બીજાનું કરજ ચુકવવામાં મોડું કરીએ તો ચાલી શકે પણ પેટનું કરજ તો ચુકવવુ જ પડે છે હવે ભિક્ષા માગીને પેટ ભરવા સિવાય બીજો રસ્તો ન હતો. શેઠનો પુત્ર ભિખારી બની ગામમાં ભટકવા લાગ્યો કોઈવાર તેને પકવાન જેવું સારું ખાવાનુ મળતુ તો કોઈવાર રોટલીનો ટૂકડો પણ મળતો નહિ જ્યારે સારું ખાવાનુ મળતું ત્યારે તે પ્રસન્ન થતો અને જ્યારે લૂખોસૂકો રોટલાનો ટૂકડો મળતો ત્યારે તે દુખી થતો. આ પ્રમાણે શેઠના પુત્રના દિવસો પસાર થવા લાગ્યા એક દિવસ તે ભિખ માગતો માગતો મુનીમને

(૧૧) સંયમની ઉપલબ્ધિ—જ્યારે ભીતર અને બહાર બધું સમ થઈ જાય ત્યારે

જેમ જેમ આપણે ભીતર જઈએ છીએ, તેમ તેમ બહાર અને ભીતરનું અંતર ઓછું થતું જાય છે. અને એક સમય એવો આવી જાય છે જ્યારે ન તો કાંઈ બહાર કે ન તો કાંઈ ભીતર રહી જાય છે. એક જ રહી જાય છે કે જે બહાર પણ છે અને ભીતર પણ છે. જે દિવસે આ ઘડી આવે છે કે જે બહાર છે તે જ ભીતર છે અને જે ભીતર છે તે જ બહાર છે એ દિવસે તમે સંયમને, એ સમતા(equilibrium)ને ઉપલબ્ધ થઈ જાઓ છો કે જ્યાં બધું સમ થઈ જાય છે, જ્યા બધુ સ્થિર થઈ જાય છે, જ્યા બધું મૌન થઈ જાય છે, જ્યા કોઈ હલનચલન નથી હોતુ, જ્યાં કોઈ દોડધામ નથી હોતી, જ્યા કોઈ કંપન નથી હોતુ.

(૧૨) નેત્રેન્દ્રિયને ભીતરની દિશામાં વાળવાની પ્રક્રિયા

કોઈ પણ ઇન્દ્રિયથી શરૂ કરો અને ભીતરની તરફ આગળ વધતા જાઓ. તુરત જ એ ઇન્દ્રિય તમને ભીતર સાથે જોડવાનુ કારણ બની જશે. આખથી જોવું શરૂ કરો, પછી આંખ બંધ કરી દો. બહારના દૃશ્ય જુઓ, જોતા રહો અને ધીરે ધીરે અંતરના દૃશ્ય પ્રતિ જાગ્રત થાઓ. ખૂબ જલદી તમને બહારનાં બે દૃશ્યોની વચમાં ભીતરના દૃશ્યોની ઝલક આવવી શરૂ થઈ જશે.

ક્યારેક ભીતરમાં એવો પ્રકાશ ભરાઈ જશે કે જે બહાર સૂર્યની પણ આપવાની શક્તિ નહિ હોય. ક્યારેક ભીતરમા એવા રંગ ફેલાઈ જશે કે જે ઇન્દ્ર-ધનુમાં પણ નથી હોતા ભીતરમાં એવાં ફૂલ ખીલી ઊઠશે કે જે પૃથ્વી પર ક્યારેય પણ ખીલ્યાં નથી. જ્યારે તમે ઓળખવા લાગશો કે આ બહારનુ ફૂલ નથી, આ બહારનો રગ નથી, આ બહારનો પ્રકાશ નથી, ત્યારે તમે પહેલી વાર તુલના કરી શકશો કે બહાર જે પ્રકાશ છે તેને પ્રકાશ કહેવો કે ભીતરની તુલનામા એને પણ અંધકાર કહેવો બહાર જે ફૂલ ખીલે છે એને

મુનીમે તેને [illegible] કહ્યું કે, 'તું [illegible] નહિ [illegible] [illegible] નથી. [illegible] પણ તું મારા કહેવા પ્રમાણે તો ચાલીશને!'

શેઠના પુત્રે જવાબ આપ્યો કે, 'આટલી ખરાબ સ્થિતિને પહોંચ્યા પછી પણ જો આપની હિત શિખામણ ન માનું તો મારા જેવો બીજો કોણ દુર્ભાગી હોય? હું આપના કહેવા પ્રમાણે અવશ્ય ચાલીશ અને આપ જે કહેશો તે પ્રમાણે વર્તીશ.

મુનીમે કહ્યું કે, 'જો તું મારા કહેવા પ્રમાણે ચાલીશ તો તો આજે પણ શ્રીમન્ત જ છો.' મુનીમે શેઠના પુત્રને સ્નાનાદિ કરાવી નવાં કપડાં પહેરાવ્યાં અને પોતાના ઘરે તેને રાખ્યો. થોડાક દિવસ સાથે રહેવાથી જ્યારે મુનીમને પાકો વિશ્વાસ થઇ ગયો કે, શેઠનો પુત્ર હવે મારૂં કહેવું માનશે અને ખરાબ માણસોની સંગતિ નહિ કરે ત્યારે તેણે પોતાની પુંજીથી તેનું ઘર ગીરવીમાંથી છોડાવ્યું અને તે ઘરમાં દટાએલા રત્નો કાઢી શેઠના પુત્રને સોંપ્યા અને તેને તેના પિતાની પૂર્વ સ્થિતિએ પહોંચાડયો. આ પ્રમાણે મુનીમે શેઠના પુત્રને સુધારના માર્ગે ચડાવ્યો તો તે મુનીમનો ઉપકાર માનશે કે નહિ?

આ તો દૃષ્ટાન્ત છે. આ દૃષ્ટાન્તની પાછળ રહેલો હેતુ તપાસો અને એ દૃષ્ટાંતને તમારા જીવનમાં ઉતારો.

આપણે બધા ભગવાનના પુત્રો છીએ. ભગવાન શાન્તિનાથ કોના છે? બધા પોતપોતાના કહેશે પણ શાન્તિનાથ ભગવાન જેમના છે અને જેઓ શાન્તિનાથ ભગવાનના છે તેમનો વ્યવહાર કેવો હોવો

ચંદ્ર-તારાઓ પાસેથી નથી મળતો, જે ફૂલોથી નહિ, જે ઝાકળથી નહિ, જે સૂર્યની ગરમીથી પણ નહિ, કે સવારના શીતળ પવનના સ્પર્શથી પણ નથી આવ્યો. અને જે દિવસે તમને એ સ્પર્શનો અનુભવ થશે, તે દિવસે જ સમજજો કે તમે ભીતરનો સ્પર્શ પામી લીધો છે. એ દિવસે બહારના સ્પર્શ વ્યર્થ થઈ જશે પછી પ્રત્યેક વ્યક્તિએ એ જ ઇન્દ્રિય પકડી લેવી જોઈએ કે જે એની સૌથી વધુ તીવ્ર અને સજગ ઇન્દ્રિય હોય.

(૧૪) વિધાયક સંયમ માટે વધુ સક્રિય ઇન્દ્રિયને પકડવી ઉપયોગી

અહીં હું તમને એ કહી દઉં કે જો તમે સંયમને નિષેધાત્મક રૂપે સમજ્યા હશો, તો તમે તમારી જે ઇન્દ્રિય સૌથી વધુ તીવ્ર છે, એને દુશ્મન બનાવી લેશો પરંતુ જો તમે સંયમને વિધાયક રૂપે સમજ્યા હો તો તમારી જે ઇન્દ્રિય સૌથી વધુ સક્રિય છે, એ જ તમારી મિત્ર છે. કેમ કે તમે એના દ્વારા જ ભીતર પહોંચી શકશો.

હવે જે માણસને રંગોમાં કોઈ રસ નથી, જે હજી બહારના રંગોને પણ જાણી, માણી કે સમજી શક્યો નથી, તેને ભીતરના રંગ સુધી પહોંચવામાં ઘણી મુશ્કેલી પડશે જે માણસને સંગીતમાં કોઈ અર્થ માલૂમ નથી પડતો, ફક્ત શોરબકોર માલૂમ પડે છે, બહુ બહુ તો વ્યવસ્થિત શોરબકોર અથવા તો ઓછામાં ઓછા હેરાન કરનારા ધ્વનિઓ માલૂમ પડે છે, તે માણસને અંતરધ્વનિ તરફ જવાનું કઠણ પડશે. એને મુશ્કેલી પડશે, અડચણ થશે. તમારી જે ઇન્દ્રિય તમને સૌથી વધુ પરેશાન કરતી માલૂમ પડે છે, એ જ તમારી મિત્ર છે કેમ કે એ જ ઇન્દ્રિય સૌથી પહેલાં અંદરની બાજુ થોડી જઈ શકે છે. તો તમે તમારી સક્રિય ઇન્દ્રિયને શોધી લો.

ગુર્જિયેફની પાસે કોઈ જતું તો એ પૂછતો કે તારી સૌથી મોટી નબળાઈ કઈ છે? પહેલાં તું મને તારી સૌથી મોટી નબળાઈ

(એ ભલે આંખ હોય, ભલે સ્વાદ હોય, ભલે ધ્વનિ હોય—કંઈ પણ હોય), જે રસ્તે તમે સૌથી વધુ બહાર જાઓ છો યા જે રસ્તે તમે તમારાથી સૌથી વધુ દૂર ચાલ્યા ગયા છો, એ જ રસ્તો તમારા સંયમની વિધાયક દિશામા સહયોગી બનશે. એનાથી તમારે પાછા ફરવાનુ છે.

એની સાથે લડવું નહિ. એની સાથે લડીને તો તમે તેને તોડી નાખશો. તોડ્યા પછી પાછા ફરવું તમારે મુશ્કેલ થઈ જશે. તમને ઘણું અજબ લાગશે. પરંતુ હું ભારપૂર્વક કહેવા માગુ છું લોકો ઇન્દ્રિયોને કારણે બહાર ભૂલા નથી પડતા. માત્ર જે ઇન્દ્રિયો રસ્તા તેઓ તોડી નાખે છે તે ઇન્દ્રિયોને કારણે બહાર ભૂલા પડે આપણે બધા આ રસ્તાઓને તોડીએ છીએ. મારી પાસે લો આવે છે અને કહે છે કે અમારી કોઈ બીજી તકલીફ નથી બ આ સ્વાદ અમને ખૂબ હેરાન કરે છે. કોઈ પણ રીતે સ્વાદ છુટકારો કરી દો. એમને ખબર જ નથી કે જે એમને હેરાન ક રહ્યો છે, એ જ એમના પાછા ફરવાનો માર્ગ છે આને હું છુ સંયમની વિધાયક દૃષ્ટિ.

(૧૬) મહાવીરના મતે આત્માની ત્રણ સ્થિતિઓ—બહિરાત અંતરાત્મા અને પરમાત્મા

આના એક બીજા પાસાને ધ્યાનમાં લેવું જોઈએ. જે ઇન્દ્રિયો આપણી પાસે છે, એનુ એક તો પ્રગટ રૂપ છે— આપણે બહિરિન્દ્રિય કહીએ છીએ મહાવીરે આત્માની ત્રણ સ્થિતિ કહી છે એકને તેઓ કહે છે બહિરાત્મા બહિરાત્મા એ આત્ કહે છે કે જે હજુ ઇન્દ્રિયોનો બહારની બાજુએ ઉપયોગ કરી ર છે બીજાને મહાવીર અંતરાત્મા કહે છે. અંતરાત્મા એ આ છે કે જે હવે ઇન્દ્રિયોનો અંદરની દિશામાં ઉપયોગ કરી રહ્યો ત્રીજાને મહાવીર કહે છે પરમાત્મા. પરમાત્મા એ આત્મા છે જેનું બહાર અને અંદર મટી ગયુ છે. જેનું ન તો કાંઈ બહાર :

છે એવી ભાવના પ્રગટશે ત્યારે, પછી ભલે તે સ્ત્રી હોય કે પુરુષ હોય, તે દુઃખી હોય કે સુખી બધામાં પરમાત્માનુ રૂપ જોતાં આવશે. આંખો દ્વારા પરમાત્માના રૂપનું દર્શન થાય એ જ આંખનો સાચો લાભ છે. પણ આંખો આ દર્શન લાભ ન લેતા લોકો કોઈ સુન્દરી તરફ કામદૃષ્ટિ ફેંકે છે અને આંખોને મલિન કરે છે.

'હરિજન બન્ધુ' માં ગાંધીજીએ એક અગ્રલેખ લખ્યો છે તેમાં એક બાઈએ તેમની પાસે ફરિયાદ કરી છે કે, "આજકાલ સ્ત્રીઓના એવાં અશ્લિલ ચિત્રો વિજ્ઞાપન માટે પ્રચલિત કરવામાં આવ્યાં છે કે, સ્ત્રીઓ જાણે એ માટે જ મર્જી ગઈ ન હોય ?" વાસ્તવમા આજકાલ દૈનિક પત્રોમાં, પુસ્તકોમા અને વિજ્ઞાપનોમાં સ્ત્રીઓના જ ફોટાઓ આપવામા આવે છે. આવું કરનાર લોકો, પુરુષોમા નીચ વિચાર જાગ્રત કરી પોતાની ઇષ્ટ સાધના કરવા ચાહે છે પણ તેઓ એટલુ જાણતા નથી કે, અમારી જન્મદાત્રી માતા પણ સ્ત્રીઓમાની એક છે એ માતાની આ પ્રમાણે અવહેલના કરવી એ શુ પુત્રને માટે યોગ્ય છે ? પણ લોકો એ વસ્તુ જોતા નથી. આ આંખોનો દુરુપયોગ છે ખરાબ ચિત્રો જોઈ અપ્રસન્ન થવુ અને સારા ચિત્રો જોઇ પ્રસન્ન થવુ એ પણ સારી ખાવાની ચીજ મળવાથી પ્રસન્ન થવું અને ખરાબ ચીજ મળવાથી ખિન્ન થવા જેવુ ભિખારીપણુ છે

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં બતાવવામાં આવ્યુ છે કે, પ્રત્યેક ઇન્દ્રિયોનો દુરુપયોગ કરવાથી આત્મા કેવીરીતે ભિખારી બને છે અને સંસારમા ભટકે છે ? જ્યારે સદ્ગુરુ મળે છે ત્યારે તેને આત્મભાન થાય છે સાચા સદ્ગુરુ તો તે જ છે કે, જે માનપૂજાને ચાહતા ન હોય પણ એમ ચાહતા હોય કે એ મને માને કે ન માને અથવા તે નાસ્તિક પણ હોય તો પણ પતિતાત્માને પોતાના આત્મા સમાન

હાથ ઊંચો થઈ શકતો નથી. મારો સંકલ્પ મારા હાથ સાથે ક્યાં જોડાયેલો છે.

હવે એ ખૂબ નવાઈની વાત છે કે શરીર તો છે પદાર્થ અ સંકલ્પ છે ચેતના. તો ચેતના અને પદાર્થ કેવી રીતે અને ક્યાં જોડાતાં હશે! ઘણુ અદૃશ્ય હશે એ જોડાણ. બહાર મારો હાથ ફક્ત પદાર્થ સાથે જ જોડી શકે છે. પરંતુ એટલા માટે હાથ પર નારા થવાની કોઈ જરૂર નથી. એ હાથ ભીતર આત્મા સાથે પણ જો છે. જો આ હાથમા હું મારી ચેતનાને બહારની દિશામા પ્રવાહિ કરું, તો એ બીજાના શરીર પર જઈને અટકી જાય છે. જો જ ચેતનાને હું મારા હાથ પર પાછી ફેરવી લઉં, ગંગોત્રીની ત પાછો ફરી જાઉં, મૂળ તરફ પાછો ફરી જાઉં, તો એ મારા આત્મા લીન થઈ જાય છે.

હાથમા વહી રહેલી શક્તિ, બહારની દિશામા બહિરાત્માનુ છે. એ જ હાથમાં વહી રહેલી શક્તિ, અંદરની દિશામાં અંતરાત્મ રૂપ છે જ્યાં શક્તિ વહેતી જ નથી, ત્યાં પરમાત્મા છે. પરમાત્ સુધી પહોચવું હોય તો અંતરાત્મામાથી પસાર થવું પડશે.

બહિરાત્મા આપણી આજની સ્થિતિ છે—ચાલુ હાલ પરમાત્મા આપણી સંભાવના છે—આપણું ભવિષ્ય, આપણી નિયતિ અંતરાત્મા આપણો યાત્રા-પથ છે. એમાથી આપણે પસાર થ પડશે. એમાંથી પસાર થવાના રસ્તા એ જ છે કે જે બહાર જવા રસ્તા છે. આ થઈ એક વાત

(૧૯) ઇન્દ્રિયોનાં બે રૂપ—ઐન્દ્રિક અને અતીન્દ્રિય

બીજી વાત એ છે કે ઇન્દ્રિયો બહાર સ્થૂળ સાથે જોડે ભીતરમા સૂક્ષ્મ સાથે એટલા માટે ઇન્દ્રિયોના બે રૂપ છે. એક જેને આપણે ઐન્દ્રિક શક્તિ કહીએ છીએ તે અને બીજી, જે આપણે અતીન્દ્રિય શક્તિ કહીએ છીએ તે.

રહે છે ન, તું ભગવાનના ચરણનો ભિખારી કેમ બની [illegible] છે? તે તું તારા આત્માને ઓળખાવીને [illegible] નાખે તે, તારામાં જ ભગવાન બેઠા છે. તારી એ ભગવાન [illegible] પ્રગટ થઈ જશે એટલા માટે [illegible] ના ભરોસા ઉપર વિશ્વાસ રાખો અને આત્મામાં જે શક્તિ રહેલી છે એ શક્તિને પ્રકટ કરવા માટે સક્રિય પ્રયત્ન કરો તો તેમાં કલ્યાણ જ છે. આત્માની શક્તિને પ્રકટ કરવાનું સાધન પરમાત્માની પ્રાર્થના જ છે એટલા માટે આત્માની શક્તિને પ્રગટ કરવા માટે પરમાત્માની પ્રાર્થના કરો, પણ સાંસારિક ઇચ્છાની પૂર્તિ માટે પરમાત્માની પ્રાર્થનાનો ખરાબ ઉપયોગ ન કરો

આ વાત મેં કહી અને તમે બધાએ સાંભળી. હવે તો એ પ્રમાણે આચારમાં ઉતારવાનું જ બાકી રહે છે. કોઈ વ્યક્તિ પોતાની બુદ્ધિ પ્રમાણે આ વિષયમાં બીજા પ્રકારની કલ્પના પણ કરી શકે એમ છે પણ આ વિષય બુદ્ધિવાદનો નથી આ તો આત્મવિશ્વાસનો વિષય છે માટે બુદ્ધિવાદને એક બાજુ મૂકી જો વિશ્વાસપૂર્વક આ પ્રાર્થનાને હૃદયમાં ઉતારો તો અપૂર્વ શાન્તિ મળશે.

ભગવાન શાન્તિનાથની જે પ્રાર્થના કરવામાં આવી છે તેમાં આ જ વિષયની ચર્ચા છે.

ભગવાન શાન્તિનાથ જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતાના તેજથી સંસારનો મહામારી રોગ પણ નાશ પામ્યો હતો. જો તમને આ વાત ઉપર વિશ્વાસ હોય તો તમે પણ ભગવાન શાન્તિનાથ તમારા હૃદયમાં ધારણ કરો. તમે કહેશો કે શું ભગવાન મોક્ષમાંથી અમારા હૃદયમાં જન્મવા આવશે? આ પ્રશ્નનો જવાબ એ છે કે, જે રાત્રે ભગવાન ગર્ભમાં આવે છે તે રાતે તીર્થંકરની માતાને ૧૪ સ્વપ્નો

હોવુ જોઇએ એણે વિચાર્યું કે શું આપણે બીજા બાળકોને કેળવી (trained) શકીએ? અને એણે અંધોની એક શાળામા વીસ બાળકો પર પ્રયોગ શરૂ કર્યો અને એ ચકિત થઈ ગયો કે બે વર્ષના પ્રયોગ પછી વીસમાંથી સત્તર બાળકો હાથથી અધ્યયન કરવાને સમર્થ થઈ ગયા. અને ત્યારે તો વાસિલિયેફે કહ્યુ કે ૯૭ ટકા માણસો હાથથી વાચી શકે એ શકય છે. બાકી જે ત્રણ રહ્યા તેમને માટે માનવુ જોઈએ કે હાથના હિસાબે તેઓ અંધ છે બીજું કોઈ કારણ નથી, સિવાય કે હાથના યંત્રમા ખામી હોય.

વાસિલિયેફના પ્રયોગોનુ એ પરિણામ આવ્યુ કે છાપાઓમા જેવા સમાચાર છપાયા કે કેટલાયે અંધ બાળકોએ પોતપોતાના ઘરમા પ્રયોગ કરવા માંડ્યા. અને મોસ્કો યુનિવર્સિટી પર જુદી જુદી જગ્યાએથી સેંકડો ખબરો આવવા લાગી કે અમુક બાળક વાચી શકે છે, પેલો બાળક પણ વાચી શકે છે ઘણી નવાઈની વાત છે કે હાથ કેવી રીતે વાચી શકતો હશે. હાથની પાસે તો આંખ નથી હાથ સાથે કોઈ સંબંધ જોડાતો હોય તેવુયે દેખાતુ નથી. હાથ સ્પર્શ કરી શકે છે. પરંતુ પછી ચાદર ઢાંકી દેવામા આવી એટલે તો સ્પર્શનો પ્રશ્ન પણ ન રહ્યો જેમ જેમ પ્રયોગોમા ઊંડા ઊતરતા ગયા, તેમ તેમ સ્પષ્ટ થતું ગયુ કે સવાલ હાથનો નથી, એ સવાલ અતીન્દ્રિય (parapsychic) છે.

એ છોકરીને પછી પગથી વંચાવવાની કોશિશ પણ કરાવાઈ. બે મહિનામા એ પગથી પણ વાચવા લાગી પછી એને સ્પર્શ વગર વાચવાની કોશિશ કરાવાઈ એ દીવાલની પેલી બાજુએ રાખેલા બોર્ડને પણ વાચી લેતી હતી. પછી એને માઈલો દૂર રાખેલી ચોપડી ઉઘાડીને વંચાવવામાં આવી અને એ ત્યાંથી પણ એને વાચી શકી. ત્યારે સ્પર્શ સાથે કોઈ સંબંધ ન રહ્યો. વાસિલિયેફે કહ્યુ, આપણે જેટલી શક્તિઓ વિશે જાણીએ છીએ, એના કરતા જરૂર કોઈ બીજી શક્તિ કામ કરી રહી હોય છે.

સંસારને શાન્તિ આપી શકાય નહિ; તેમ મને પણ તેથી શાન્તિ મળશે નહિ. કેમ કે ચક્રવર્તીનું રાજ્ય જ શાન્તિ આપનારું હોય છે, કારણ ચક્રવર્તીના અર્થની પૂર્તિ તો લોભ રાગ અને ના નિદાનથી થાય છે અને તે રાગ અને નિદાનના યોગે રાજ્ય મળે છે એટલે ભગવાનને લાગ્યું કે, આ રાજ્યથી સંસારની શાન્તિ થઈ શકશે નહિ. કદાચિત રાજ્યસંચાલનથી મારું પોતાનું કલ્યાણ તો કરી શકીશ પણ સમસ્ત સંસારને માટે ત્યાગનો આદર્શ ઉપસ્થિત થઇ શકશે નહિ આ પ્રમાણે વિચાર કરી, ભગવાન શાન્તિનાથે શાન્તિ માટે રાજ્યનો ત્યાગ કર્યો જૈન શાસ્ત્રની એ જ વિશેષતા અને મૌલિકતા છે કે, જે માર્ગ જગતના કલ્યાણનો હોય છે તે માર્ગે મહાન્ પુરુષો પોતે પણ જાય છે. એટલા જ માટે ભગવાન શાન્તિનાથે છ ખંડની સંપદાનો ત્યાગ કરી જગતના લોકોને ઉપદેશ આપ્યો કે, સંસારની સંપદાથી શાન્તિ મળી શકતી નથી માટે શાન્તિ મેળવવા માટે સંસારના ફંદામાંથી છૂટી જવું. શાસ્ત્રકારોએ ભગવાન શાન્તિનાથને જગતના શાન્તિદાતા ત્યારે જ માન્યા જ્યારે તેમણે જગતની શાન્તિ માટે છ ખંડની ઋદ્ધિસિદ્ધિનો ત્યાગ કર્યો.

ભગવાન શાન્તિનાથે, શાન્તિનો જે રાજમાર્ગ બતાવ્યો છે તે માર્ગે આપણે જઇએ તો અવશ્ય શાન્તિ મળે અને બીજાને પણ શાન્તિ પહોંચાડી શકીએ. માટે તમારી પાસે જે બળ અને જે શક્તિ છે તેનો બીજાની શાન્તિ માટે ઉપયોગ કરો. ભગવાન શાન્તિનાથ બીજાને શાન્તિ પહોંચાડવાને કારણે જ ભગવાન બન્યા છે માટે તમે પણ બીજાની શાન્તિ માટે યથાશક્તિ ત્યાગ કરો

કોઇ જગ્યાએ દુષ્કાલપીડિતો માટે ફંડ એકત્રિત થતું હતું. તેમાં એક વૃદ્ધ સ્ત્રીએ એક પૈસો આપ્યો ત્યારે આ ફંડમાં જેમણે

જીવવાવાળા માણુસને ક્યારેય ખબર નથી પડતી. સંયમની એ વિધાયક દૃષ્ટિ અતીન્દ્રિય સંભાવનાઓને વધારવાથી પ્રાપ્ત થાય છે.

મહાવીરે અતીન્દ્રિય સંભાવનાઓને વધારવા માટે ઘણા જ ગહન પ્રયોગો કર્યા છે. મહાવીરની પૂરે-પૂરી સાધનાને આ વાતથી જ સમજવી શરૂ કરશો તો આગળ જતા ઘણુ પ્રગટ થઈ શકશે મહાવીર વર્ષો સુધી ભોજન વગર રહેતા હોય તો એનુ કારણ છે કારણ એ છે કે એમણે ભીતરમા એક ભોજન પામવાનું શરૂ કરી દીધુ છે. જો મહાવીર પથ્થર પર સૂઈ જાય છે અને એમને ગાદીની કોઈ જરૂર નથી રહેતી તો એમણે ભીતરમા એક નવા સ્પર્શના અનુભવનુ જગત શરૂ કરી દીધું છે. મહાવીર જો ગમે તેવા ભોજનનો સ્વીકાર કરી લે છે, તો અસલમાં એમની ભીતરમા એક સ્વાદ જન્મી ચૂક્યો છે.

હવે એમને માટે બહારની ચીજો એટલી મહત્ત્વની નથી. ભીતરની ચીજ જ બહારની ચીજો પર છવાઈ જાય છે, impose થઈ જાય છે, એને ઘેરી લે છે. એટલા માટે મહાવીર સંકોચાયેલા નથી માલૂમ પડતા, ફેલાયેલા માલૂમ પડે છે. એમના વ્યક્તિત્વમા ક્યાય કોઈ સંકોચ નથી માલૂમ પડતો, વિસ્તાર માલૂમ પડે છે. તેઓ આનંદિત છે. તેઓ કહેવાતા સંન્યાસીઓ જેવા દુઃખી નથી

(૨૨) નિષેધની ધારણાને કારણે તપશ્ચર્યા દ્વારા દુર્બળ થઈ ગયેલા બુદ્ધ

બુદ્ધથી આ ન થઈ શક્યું. આનો વિચાર કરી લેવો ખૂબ જરૂરી છે. એમ કરવાથી આ વિષય સમજવો સહેલો થઈ જશે કેમ કે એમનુ વ્યક્તિત્વ (type) ભિન્ન હતુ એટલે બુદ્ધથી આ ન થઈ શક્યું. જે સાધના મહાવીરે કરી તે જ બુદ્ધે પણ શરૂ કરી. પરંતુ બુદ્ધને દરેક સાધના કર્યા પછી એવું લાગ્યુ કે આનાથી તો હું વધુ દીન-હીન થઈ રહ્યો છુ, ક્યાંય કશુ પામતો નથી. એટલા માટે ૭ વર્ષ પછી બુદ્ધે બધી તપશ્ચર્યા છોડી દીધી સ્વાભાવિકપણે

વ્યાખ્યાન: જન સેવા (૧)*

પ્રાર્થના

કુંથુ જિનરાજ તૂ ઐસો, નહીં કોઇ દેવ તો જૈસો ।
ત્રિલોકીનાથ તૂ કહીએ, હમારી બાંહ દૃઢ ગહિએ, ॥ કુંથુ ॥

શ્રી કુન્થુનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે. આજે મસ્તકમાં જોઇએ તેવી શાન્તિ નથી એટલે બોલવામાં અપૂર્ણતા રહી જાય એવો સભવ છે, પણ પરમાત્માની પ્રાર્થનાનો વિષયજ એવો છે કે, તેમાં અપૂર્ણતા કે ન્યૂનતાને સ્થાનજ નથી. ગમે તેવી તબીયત, યોગ્યતા કે શક્તિ હોય તો પણ પરમાત્માની પ્રાર્થના હમેશાં થઇ શકે છે એવુ જ્ઞાનીઓનુ કથન છે અને એ ઉપર મારો પણ વિશ્વાસ છે.

પ્રાર્થના કરવા વિષે આ તો વાત થઇ. પણ પરમાત્માની પ્રાર્થના કેવી રીતે કરવી જોઇએ! એ વિષે પણ વિચાર કરવો જોઇએ

વિચાર, બુદ્ધિ અને દૃષ્ટિબિન્દુની ભિન્નતા હોવાથી પરમાત્માની પ્રાર્થના પણ ભિન્ન ભિન્ન રીતિએ થઇ શકે છે, પણ જ્ઞાનીઓનુ કથન છે કે, આ ભિન્નતામા પણ એકતા રહેલી છે. ભિન્નવાક્યતામા

*સ્થળ :-રાજકોટ જ્યુબિલિ ફરબાર હૉલ તા ૨-૧૨-૩૬

બધું શરીર સુકાઈ ગયેલું છે. લોહીએ જાણે કે ફરવાનુ બંધ કરી દીધુ છે. ચામડી જાણે કે સંકોચાઈને ચોંટી ગઈ હોય તેવી થઈ ગઈ છે. આખુ શરીર મડદા જેવું થઈ ગયુ છે એવી જ ક્ષણમા નિરંજના નદીને પાર કરતી વખતે એમને ખ્યાલ આવ્યો કે 'ના, આ બધુ વ્યર્થ છે' અને હકીકતમા એ બધું બુદ્ધ માટે વ્યર્થ હતુ. પરંતુ એ બધાથી મહાવીર મહાશક્તિને ઉપલબ્ધ થના.

અસલમા બુદ્ધે જેમની પાસેથી એ વાત સાંભળી અને શીખ્યા એ બધુ નિષેધ હતું તેઓ કહેતા અમુક-અમુક છોડો, ફલાણું-ફલાણુ છોડો અને બુદ્ધ એ બધુ છોડતા ગયા તેમણે કહ્યુ તે મુજબ તેઓ કરતા ગયા જે ગુરુએ જે બતાવ્યુ તે પ્રમાણે એમણે કર્યું. એ બધુ છોડીને એમણે જાણ્યુ કે બધું છૂટી તો ગયુ, પણ મળ્યુ કાંઈ નહિ. અને હું ફક્ત દીન, હીન અને દુર્બળ થઈ ગયો

બુદ્ધને માટે એ માર્ગ નહોતો. બુદ્ધના વ્યક્તિત્વનો પ્રકાર ભિન્ન હતો, ઢાંચો અલગ હતો પછી બુદ્ધે બધાનો ત્યાગ કરી દીધો. બધા ત્યાગનો ત્યાગ કરી દીધો. ભોગનો ત્યાગ કરીને જોઈ લીધુ હતું કે એનાથી કાંઈ મેળવ્યું નહિ. એટલે બધા ત્યાગનો ત્યાગ કરી દીધો અને જ્યારે ત્યાગનો પણ ત્યાગ કરી દીધો ત્યારે બુદ્ધે મેળવ્યુ

મહાવીરની પ્રક્રિયામા અને બુદ્ધની પ્રક્રિયામા ઘણું એકબીજાથી ઊલટુ છે. એટલા માટે એક જ સમયમા પેદા થયા છતા બંનેની પરંપરા ઘણી જુદી છે. બુદ્ધે પણ મેળવ્યુ બુદ્ધ પણ ત્યા પહોંચ્યા કે જ્યા કોઈ પહોચે છે યા મહાવીર પહોચે છે. પરંતુ તેમણે ત્યાગથી ન મેળવ્યુ કેમ કે ત્યાગની જે ધારણા બુદ્ધના મનમા પ્રવેશી ગઈ હતી તે નિષેધની હતી ત્યા જ ભૂલ થઈ ગઈ

(૨૩) નિષેધથી આત્મ-બળ તો પ્રાપ્ત નથી થતું, પરંતુ શરીર-બળ પણ ચાલ્યું જાય છે.

પરંતુ મહાવીરની ધારણા તો વિધેયની હતી. જ્યારે પણ કોઈ ત્યાગ યા નિષેધથી ચાલશે તો ભૂલો પડશે, પરેશાન થશે અને

નથી [illegible] આવ્યાં આવીને અને તેનો નાશ [illegible] દૂર કરવા માટે [illegible] પરન્તુ [illegible] તેમાં [illegible] કરી નાખે છે અને [illegible] દૂર કરવા [illegible] બીજુ કષ્ટ માગી લે છે. પરમાત્માની પ્રાર્થના નવા કષ્ટોને માગી લેવા માટે નહિ પરન્તુ જે કષ્ટ ઉભુ થાય છે તે કષ્ટનું મૂળ કારણ તપાસી, કષ્ટથી મુક્ત થવાનો અને અશુદ્ધિને દૂર કરવાનો પ્રાર્થનાનો હેતુ છે

આજનો યુગ બુદ્ધિવાદનો છે એટલા માટે પ્રત્યેક કાર્ય પ્રારભતા પહેલા બુદ્ધિનો ઉપયોગ કરવામાં આવે છે. પણ જીવનસિદ્ધાન્ત અને બુદ્ધિસિદ્ધાન્ત બન્ને ભિન્ન ભિન્ન વસ્તુ છે. એટલા માટે બુદ્ધિના સિદ્ધાન્તની સાથે જીવનસિદ્ધાન્તનો પણ ઉપયોગ કરવો જોઈએ

જીવનસિદ્ધાન્ત આત્માને લગતો છે જ્યારે બુદ્ધિવાદ બુદ્ધિને લગતો છે. આત્મા ભૂત, ભવિષ્ય અને વર્તમાનરૂપ ત્રિકાલમાં એકરૂપ રહે છે જ્યારે બુદ્ધિ કોઈ વખત કેવી અને કોઈ વખત કેવી એમ અનેક રૂપ ધારણ કરે છે આત્મા તો નિત્ય છે જ્યારે બુદ્ધિ અનિત્ય છે. આત્મા બધાનો એક સરખો છે પણ બુદ્ધિ બધાની એક સરખી હોતી નથી પાપી કે ધર્માત્મા, જ્ઞાની કે અજ્ઞાની, વીર કે કાયર, સ્ત્રી કે પુરુષ બધાની બુદ્ધિ સુષુપ્તિ અવસ્થામા કોણ જાણે કયા લીન થઈ જાય છે। પણ તે અવસ્થામાય બધાનો આત્મા તો સ્વસ્થાને જ હોય છે ગાઢ નિદ્રા આવ્યે બુદ્ધિ વિલીન થઈ જાય છે ઇન્દ્રિયો અને મનનું સુઈ જવું એને જ સુષુપ્તિ અવસ્થા કહેવામા આવે છે અને સુષુપ્તિ અવસ્થામા બુદ્ધિ પણ શાન્ત થઈ જાય છે પણ જ્યારે આત્મા જાગે છે ત્યારે જેમ કોઇ વીર પુરુષ જાગીને

મિત્રનો, ત્યારે તમે મો ઊંચુ કરો છો અને જુઓ છો કે એ દ્વાર ઉપર ઊભેલો છે. તમે વિચારો છો કે સંયોગ છે ત્યારે તમે મોકો ચૂકી ગયા! ક્યારેક તમે વિચારો છો કે કેટલા વાગ્યા અને ખ્યાલ આવે છે કે નવ વાગ્યા હશે અને ઘડિયાળમાં જુઓ છો તો બરાબર નવ વાગ્યા છે. તમે વિચારો છો કે સંયોગ છે. ના, તમે મોકો ચૂકી ગયા!

એ એક અતીન્દ્રિય ઝલક મળી હતી. જો એવી કોઈ ઝલક તમને મળે તો એના પ્રયોગ કરો. એને સંયોગ ન કહો. જો તમે વિચારો કે ઘડિયાળમાં નવ વાગ્યા છે અને ખરેખર જો ઘડિયાળમાં નવ વાગેલા હોય, તો પછી એના પર પ્રયોગ કરવા શરૂ કરી દો. ક્યારેય પણ ઘડિયાળમા પહેલાં ન જુઓ, પહેલાં વિચારો અને પછી ઘડિયાળ જુઓ અને થોડા જ વખતમા તમને ખબર પડશે કે એ સંયોગ નથી કેમ કે એ એટલી બધી વાર બનવા લાગશે અને એમ બનવાના પ્રસંગોની સંખ્યા એટલી વધવા લાગશે કે જેથી એ સંયોગ નહિ રહી જાય.

અડધી રાત્રે ઊઠ્યા છો. પહેલા વિચારો કે કેટલા વાગ્યા. પછી જો એમ લાગે કે વિચારવામા ભૂલ થઈ શકે છે, તો થોડો વિચાર કરી લો કે કેટલા વાગ્યા છે. અને જે પહેલો ખ્યાલ આવે, એને જ ઘડિયાળ સાથે મેળવો; બીજા સાથે ન મેળવશો. બીજો ગરબડ હશે. પહેલો જે હશે તે જ ઠીક હશે. જો તમને દરવાજા ઉપર આવેલા મિત્રનો ખ્યાલ આવવો શરૂ થઈ જાય તો પછી જરા એના પર પ્રયોગ કરો જ્યારે પણ દ્વાર પર પગ-રવ સંભળાય, દરવાજાની ઘંટડી વાગે તો તરત દરવાજો ન ખોલવો. પહેલા આંખ બંધ કરો અને પહેલું જે ચિત્ર ખ્યાલમા આવે તેને ધ્યાનમા લઈ લો, પછી દરવાજો ખોલો.

થોડા જ દિવસમાં તમે અનુભવશો કે એ સંયોગ નહોતો એ તમારી ક્ષમતાની ઝલક હતી, જેને તમે સંયોગ કહીને ચૂકી રહ્યા

આપના મહાત્માઓએ ભક્તિને આ [illegible] યોગોમાં [illegible] આનન્દની ભાવના [illegible] [illegible] હનુમાન [illegible] યોગોના [illegible] પણ આ [illegible] યોગોમાં પર એક શીઘ્ર પન્થ છે, તે આત્મા છે અને તે આનન્દ-નિધિ છે.' આ મહાત્માઓના કથન ઉપર ધ્યાન રાખી તમે પણ તમારી બુદ્ધિને બહિર્મુખી ન બનાવતાં અન્તર્મુખી બનાવો અને પછી પરમાત્માની પ્રાર્થના કરો. બુદ્ધિ પોતે નડતી નથી. બુદ્ધિની સહાયતા વિના આગળ વિકાસ પણ થઇ શકતો નથી, પણ એ બુદ્ધિ બહિર્મુખી હોવી ન જોઇએ. બુદ્ધિ અન્તર્મુખી હોય તો જ આત્માની ઓળખાણ જલ્દી થઇ શકે'

આપણે બુદ્ધિને કારણે જ મનુષ્ય કહેવાઇએ છીએ. આત્માની દૃષ્ટિએ તો મનુષ્ય અને પશુમા કાંઇ અંતર નથી. જે કાંઇ ભેદ છે તે બુદ્ધિનો છે. પશુમા બુદ્ધિનો વિકાસ બરાબર થયો ન હોવાને કારણે તે ભૂતકાળ કે ભવિષ્યકાળનો વિચાર કરી શકતા નથી, પણ મનુષ્યમા બુદ્ધિનો વિકાસ થયો હોવાથી તે પુર્વાપર વિચાર કરી શકે છે જેમકે, કોઇ પશુએ દુષ્કાળના સમયે ઘાસચારો ન મળવાને કારણે દુઃખ સંકટો સહ્યાં હોય પણ જો તેને ઘાસની ગાડી મળી જાય તો તે ભૂતકાળનાં દુઃખ સંકટોને યાદ કરી તે ઘાસને સંભાળપૂર્વક ખાતો નથી પણ એક સાથે બધુ ઘાસ ખરાબ કરી નાખવાની ઇચ્છા રાખે છે આ પ્રમાણે પશુ ભૂતકાળના સંકટોને યાદ રાખી ભવિષ્યમા કાંઇ સુધાર કરી શકતા નથી એટલા માટે તે પશુ કહેવાય છે જ્યારે મનુષ્યમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનની પરિસ્થિતિ વિષે વિચાર કરવાની બુદ્ધિ હોવાથી મનુષ્ય કહેવાય છે.

ઇતિહાસ લખવાનો મુખ્ય ઉદ્દેશ ભૂતકાળ બતાવવાનો હોય છે પ્રાચીન સમયમા કેવા કેવા બુદ્ધિમાન માણસો હતા અને તેમણે

(૨૫) સાધક માટે જરૂરી—પોતાના વ્યકિતત્વના રૂપને શોધવું

કોઈ પણ દિશામા—પચ્ચીસ દિશાઓ ચોવીસે કલાક ખૂલે છે. જેઓ જાણે છે તેઓ તો કહે છે કે પ્રત્યેક ક્ષણે આપણે ત્રિભેટા ઉપર હોઈએ છીએ કે જ્યાથી દિશાઓ ખૂલે છે. એટલા માટે સાધકને માટે પ્રત્યેક ક્ષણે પોતાની દિશા શોધી લેવી ઘણી જરૂરી છે, નહિ તો એ ભૂલો પડી શકે છે. એમાં બીજાનો વાંક ન કાઢવો, પોતાને જ શોધવો અને પોતાની 'ટાઈપ'ને શોધવી—પોતાના ઢાચાને, પોતાના વ્યક્તિત્વના રૂપને શોધવુ; નહિ તો ભૂલ થઈ જાય છે

મહાવીરને માનવાવાળા ઘરમા તમારો જન્મ થયો હોય તેટલા ખાતર તમે મહાવીરના માર્ગ પર જઈ શકશો, એ અનિવાર્ય નથી. કોઈ નહિ કહી શકે કે તમારા માટે મહંમદનો માર્ગ ઠીક હશે કે કૃષ્ણનો માર્ગ ઠીક નહિ હોય એ પણ જરૂરી નથી કે તમે કૃષ્ણને માનવાવાળા ઘરમા જન્મ્યા છો એટલા માટે બંસરીમાં તમને કોઈ રસ આવી જશે એ જરા પણ જરૂરી નથી. એમ બની શકે કે તમારા માટે મહાવીર સાર્થક હોય કે જેમની સાથે બંસરીને ક્યાય પણ જોડી નથી શકાતી

જો મહાવીરની પાસે વાસળીને રાખો તો કા તો મહાવીરને હટાવવા પડશે યા વાસળીને હટાવવી પડશે. એ બંનેનો ક્યાય કોઈ મેળ જામતો નથી. કૃષ્ણના હાથમાથી વાસળીને હટાવી તો તો કૃષ્ણ ૯૦ ટકા હટી ગયા, ત્યા કાંઈ રહેશે જ નહિ કૃષ્ણના હાથમા વાસળી ન હોય, તો કૃષ્ણને ઓળખવા મુશ્કેલ છે જો એકલી વાસળી રાખેલી હોય, તો કૃષ્ણનો ખ્યાલ આવી શકે છે તો વ્યક્તિત્વની ટાઇપ છે

(૨૬) વ્યકિતત્વના આધારે મનુષ્યનાં ચાર રૂપ

આપણે પહેલા આ દેશમા માણસને ચાર વર્ણોમા વહેચ્યો હતો એ ઘણી મજાની વાત છે કે એ ચાર વર્ણ આપણી ચાર

[illegible]

આજ લોક કહે છે, અમે અમારા મનોવિકારોને ત્યાગીએ ભાવનાને અમૃતમય બનાવીએ? આ પ્રમાણે કહેનારાઓની મત એવી છે કે, ગૃહસ્થો ભાવનાને અમૃતમય બનાવી શકતા નથી જો કે સાધકદશામાં મનોવિકારો બાધક છે પણ જે અમૃ ભાવનાનો અભ્યાસી બની જાય છે તેને મનોવિકારો સર્વથા બાધ થતી નથી એટલા જ માટે હુ એટલુ જ કહુ છુ કે, પરમાત્માન પ્રાર્થનાદ્વારા ભાવનાને અમૃતમય બનાવવાનો અભ્યાસ કરો તમે પ્રાર્થના વિષે ઘણા દિવસથી સાંભળી રહ્યા છો તો તેની અસ હૃદય ઉપર પડી કે નહિ? જ્યારે દ્રવ્ય ચીજની અસર પડે છે તો ભાવ ચીજની અસર શુ નહિ પડે? જો તમે ઉપદેશ તમારા હૃદયમા ધારણ કરો તો તેની અસર તમારા જીવન ઉપ અવશ્ય પડશે અને તેથી તમારું કલ્યાણ પણ થશે.

ભાવનાને અમૃતમય બનાવવામાં અને ન બનાવવામાં શુ અન્તર છે? કોઇ એક જ કામ એક પાપી પુરુષ કરે, અને બીજો ધાર્મિક પુરુષ કરે, તો એ બન્નેના કામમા જે અતર રહે છે, તેજ અતર ભાવનાને અમૃતમય બનાવવામાં અને ન બનાવવામા રહે છે.

એક જ કામ કરવા છતાં, પાપી અને ધાર્મિકના કામમા જે અતર પડે છે, તે અતર ધાર્મિક પુરુષમાં રહેલી અમૃત ભાવનાને જ લીધે છે. જેમના હૃદયમાં ભક્તિનો અને અમૃતભાવનાનો પ્રવાહ સતત વહે છે તેમની આખો જુઓ, તેમનુ મુખ જુઓ તથા તેમની દરેક પ્રવૃત્તિ જુઓ; અને જે ધર્મથી દૂર દૂર ભાગે છે તેમની પણ

ઘટના પૃથ્વી પર નથી થઈ. કેમ કે એનાથી ફક્ત ઉપદ્રવ થાય છે બીજું કશું થતું નથી. પ્રત્યેક વ્યક્તિએ પોતાનો ધર્મ સચેત રૂપથી શોધવો જોઈએ. જીવનનું જે પરમ-લક્ષ્ય છે, એ જન્મથી નિશ્ચિત નથી થતું. એ તમારે શોધવું પડશે. એ ઘણી મુશ્કેલીથી નક્કી થાય છે. પરંતુ જે દિવસે એ નક્કી થઈ જશે, તે દિવસે તમારે માટે બધું સુલભ થઈ જશે. દુનિયામાથી ધર્મ નષ્ટ થવાના બુનિયાદી કારણોમાંનું એક કારણ એ છે કે આપણે ધર્મને જન્મ સાથે જોડ્યો છે; ધર્મ આપણી પોતાની ખોજ નથી.

એટલા માટે એવુ પણ થાય છે કે મહાવીરનો વિચાર એમના સમયમા જેટલા લોકોના જીવનમા ક્રાતિ લાવી શક્યો, એટલા લોકોના જીવનમાં તે પછીના ૨૫૦૦ વર્ષોમા પણ નથી લાવી શક્યો. એનું મૂળ કારણ એટલું જ છે કે મહાવીરની પાસે એ સમયે જે લોકો આવ્યા હતા તે તેમની પસંદગી (choice) હતી, જન્મ-રૂઢિ નહોતી; એ એમનો ચુનાવ હતો. એમના વ્યક્તિત્વમા અને મહાવીરના વ્યક્તિત્વમા કોઈ ખેચાણ, કોઈ ચુબકત્વ (magnetism) હતું, જેણે તેઓને આકર્ષ્યા હતા અને તેથી તેઓ એમની પાસે આવી ગયા. પરંતુ એમના સંતાનો? એમનાં સંતાનો ફક્ત જન્મને કારણે મહાવીરની પાસે આવી જાય તો તેઓ ક્યારેય એમની પાસે પહોચવાના નથી.

એ ખાતર મહાવીર, યા બુદ્ધ, યા કૃષ્ણ, યા ક્રાઇસ્ટના જીવનની ક્ષણોમાં એમની પાસે જે લોકો આવી ગયા છે, તેમના જીવનમા આમૂલ રૂપાંતરણ થઈ ગયું છે. પછી એ ઘટના ફરી વાર નથી બનતી. દરેક પેઢી ધીરે ધીરે ઔપચારિક થતી જાય છે. ધર્મ ઔપચારિક થતો જાય છે

(૨૮) દુનિયાના ધાર્મિક થવા માટેની શરત—ધર્મની પસંદગીની સ્વતંત્રતા

આપણે આ ઘરમાં જન્મ્યા છીએ, એટલા માટે મંદિરમાં

આજકાલ નામ પાડવા અંગે જૈન સમાજમાં ... આવે છે તેમ ઉપરથી લાગે છે કે આજે જૈનમાં નામ પાડવાની પ્રથા ભુલી પડી ગઈ છે પણ પહેલાની પ્રથા જુદા પ્રકારની હતી.

મહાવીર પૂર્વજન્મનો સંસ્કારી બાળક હતો. એટલે તેની આકૃતિ પ્રકૃતિ પારખનારા લોકો એમ કહેતા હતા કે, આ બાળક ખરો જ સંસ્કારી છે, એટલે તેની આગળ ભવિષ્યમાં કોઈ મોટું કામ થવાનું છે. આકૃતિ પૂર્વ સંસ્કારોની ભવ્યતાનો પરિચય આપે છે. એટલા જ માટે કહેવાય છે કે, 'પુત્રના લક્ષણ પારણામાંથી જ પરખાય છે.' કહેવત તો પુત્રના લક્ષણ પારણામાં પરખાય એમ કહે છે, પણ માતાના ગર્ભમાં પુત્ર હોય ત્યારથી પણ પુત્રના લક્ષણો પરખાય છે.

જેમ ચંદ્ર કે કમલ જોઈને લોકોને આનંદ થાય છે, તેમ આ મહા બાળકને જોઈને બધા લોકોને આનંદ થવા લાગ્યો. આ બાળકને જોઈને ભવિષ્યવેત્તાઓ કહેવા લાગ્યા કે 'લોકો જે તત્ત્વને જાણતા નથી તે તત્ત્વ આ બાળક બધાને સમજાવશે.'

મહાની બાલક્રીડા, તેનાં સંસ્કારો પ્રમાણે સમાપ્ત થઈ હવે તે થોડોક મોટો થયો એટલે તે પહાડ, ચન્દ્ર, સૂર્ય, નદી, તળાવ, વૃક્ષ આદિ પ્રાકૃતિક રચના જોઈ આનંદ પામવા લાગ્યો

જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે આ જ મોટુ અંતર છે કે, જે પદાર્થોને અજ્ઞાની પોતાના વિનોદનુ અને મોજમજાનું સાધન માને છે, તે જ પદાર્થોને જ્ઞાનીઓ પોતાના જીવનસાધનાનુ કલ્યાણકારી સાધન માને છે જેમકે ઝરણાનો 'ઝર્-ઝર્' અવાજ સાંભળી સાધારણ માણસ તો તેને વિનોદનુ કારણ માને છે, પણ જ્ઞાનીઓ એ ઝર્-ઝર્ અવાજ સાભળીને એવુ વિચારે છે કે, "આ ઝરણુ, હું અહીં આવ્યો તે પહેલા પણ ઝર્ઝર્ અવાજ કરતુ હતુ, અત્યારે પણ એવો જ અવાજ કરી રહ્યુ છે અને મારા ચાલ્યા જવા પછી પણ એવો જ અવાજ

૧૯૧૭ની રશિયન ક્રાંતિ પછી નાસ્તિકતા પણ ધર્મ છે. એટલા માટે રશિયામા નાસ્તિક બિલકુલ કમજોર છે. રશિયામાં નાસ્તિક જન્મને કારણે નાસ્તિક છે, એનો બાપ નાસ્તિક હતો, માટે તેઓ નાસ્તિક છે. એટલે નાસ્તિકતા પણ નિર્બળ અને નપુંસક બની ગઈ છે. એમાં પણ બળ નથી રહ્યું.

બળ તો હોય છે પોતાની પસંદગીમા. હુ જો મરવાને માટે પણ ખાડામાં કૂદવા જાઉં અને એ મારી પોતાની પસંદગી હોય, તો મારા મૃત્યુમાં પણ જીવનની આભા હશે. પણ જો મને ધક્કાને કારણે, ઔપચારિક રીતે સ્વર્ગ પણ મળી જાય તો સ્વર્ગની ગલીઓમાં પણ હું ઉદાસ થઈને ફરવા લાગીશ તે મારે માટે નરક બની જશે. એની સાથે મારા આત્માનો કોઈ મેળ મળશે નહિ.

સંયમને પસંદ કરો, પોતાને શોધો. સિદ્ધાંતનો બહુ આગ્રહ ન રાખો, પણ પોતાને શોધો, પોતાની ઇન્દ્રિયોને શોધો, પોતાના વહેણને જુઓ કે મારી ઊર્જા કઈ બાજુ વહે છે. એની સાથે લડો નહિ. એ જ તમારો માર્ગ બનશે. એનાથી જ પાછા ફરો અને વિધાયક રીતે થોડો થોડો અતીન્દ્રિય રૂપનો અનુભવ લેવાનુ શરૂ કરો. પ્રત્યેક વ્યક્તિની પાસે અતીન્દ્રિય ક્ષમતા છે. એને ખબર હોય કે ન હોય પ્રત્યેક વ્યક્તિ ચમત્કારિક રીતે અતીન્દ્રિય પ્રતિભાથી ભરેલી હોય છે. જરાક ક્યાંક દ્વાર ખખડાવવાની જરૂર છે અને ખજાના ખૂલવા શરૂ થઈ જાય છે. અને આમ થતાની સાથે જ ઇન્દ્રિયોનુ જગત ફીકું થઈ જાય છે.

(૩૦) મનુષ્યની જડતા—એકની એક ભૂલ વારંવાર કરવા અંગેની

બે ત્રણ વાતો સંયમના સંબંધમા બીજી સમજીએ. તે પછી આપણે તપની વાત કરીશુ. માણસ ભૂલો પણ નવી નવી નથી કરતો, જૂની જ કરે છે. જડતાનું આનાથી મોટુ બીજુ કયુ પ્રમાણ હશે? જો તમે તમારી જિંદગીમા પાછા ફરીને જોશો તો એક

[illegible]

આ પ્રમાણે [illegible] તે પોતાના હાથના [illegible] પોતાનું આંગણું તેમ પાડોશીનું આંગણું વાળી સાફ કર્યા કરતો [illegible] આ કામ [illegible] નિષ્કામબુદ્ધિએ કરતો હતો

માનો કે, ગામમાં જવાના બે માર્ગો છે. એક રસ્તો ગંદકીવાળો છે અને બીજો સાફ છે. તમે સાફ રસ્તે જ જવાનું પસંદ કરશો, પણ જે લોકો રસ્તો સાફ કરે છે તે તમને પસંદ નહિ પડે આ જ મોટી ખામી છે

મઘો કોઇ પ્રકારની આશાએ નહિ, પણ નિષ્કામભાવે પોતાનુ અને પાડોશીનુ આંગણુ સાફ કરતો. મઘાના આ કાર્યથી તેના ઘરના લોકો તેની ઉપર નાગજ થતા અને ઠપકો પણ આપતા. એટલુ જ નહિ પણ ઘરના અભણ માણસો તેને થપાટ પણ મારી લેતા. આમ હોવા છતાં, મઘો તો પોતાના કામમાં મશગૂલ રહેતો અને પોતે મેળવેલી શિક્ષાની પરીક્ષા થઇ રહી છે એમ માની બધા કષ્ટો શાન્તિપૂર્વક સહન કરતો પહેલા તો તે પોતાનુ અને પાડોશીનુ જ આંગણુ સાફ કરતો પણ જેમ જેમ તેની શક્તિ વધતી ગઇ તેમ તેમ તે પોતાનું કાર્યક્ષેત્ર પણ વધારતો ગયો.

અત્યારે લોકોની અધિકાંશ શક્તિ તો, માનસિક ચિન્તાઓથી નષ્ટ થઈ જાય છે આત્મામાં અનન્ત શક્તિ છે પણ લોકો એ આત્મિક શક્તિને વિકસાવવાનો માર્ગ ભૂલી ગયા છે એ કારણે જ તે શક્તિ દબાઇ ગઇ છે અત્યારે જેટલા આરામના સાધનો ઉભા થયા

બાકીના બુઢ્ઢાઓ હસ્યા, આંખ મીચકાવી એમણે કહ્યું, એમાં મૂંઝાઓ નહિ. બધાની જિંદગીમા બાળપણમાં આવા પ્રસંગ બને છે

નસરુદ્દીને કહ્યું, શું કહો છો! આ તો ગઈ કાલની જ વાત છે! What are you saying! This is about yesterday! બાળપણની વાત નથી, આ તો કાલની જ વાત છે

બાળપણ કરતા ઘડપણમા ચાલાકી ભલે વધી જતી હોય, ભૂલો બદલાતી નથી. હા, ઘરડા જરા હોશિયાર થઈ જાય છે, જલ્દી પકડાતા નથી, એ જુદી વાત છે. બાળક ઓછો હોશિયાર હોય છે, એટલે તરત પકડાઈ જાય છે. હજુ એની પાસે ચાલાકીના બહુ રસ્તા નથી આ તો એમ પણ હોઈ શકે છે કે બાળકને પકડવાવાળા લોકો છે, ઘરડાને પકડવાવાળા લોકો નથી. બાકી અનુભવમા કોઈ તફાવત પડતો હોય એવુ નથી દેખાતુ.

(૩૧) મુલ્લાંની બોધકથા — પાપ કર્યા વગર મનુષ્ય જીવી કેમ શકે?

નસરુદ્દીન ગુજરી ગયો. સ્વર્ગના દ્વાર પર પહોચ્યો છે. સો વર્ષ ઉપરનો થઈને મર્યો છે ઘણું જીવ્યો છે. કથા એવી છે કે સ્વર્ગના દરવાજા પર પહેરો ભરતા સેન્ટ પીટરે તેને પૂછ્યુ, 'ઘણા દિવસો રહ્યા, લાબો સમય રહ્યા. પૃથ્વી પર કેવા કેવા પાપ કર્યા છે?'

નસરુદ્દીને કહ્યુ, 'પાપ કર્યાં જ નથી.'

સેન્ટ પીટર સમજ્યો કે કદાચ પાપ શબ્દ ઘણો પારિભાષિક છે, એટલે આ બુઢ્ઢો સમજતો નહિ હોય એટલે એણે સ્પષ્ટ ભાષામાં પૂછ્યુ, ક્યારેય ચોરી કરી હતી?

નસરુદ્દીને કહ્યુ, 'ના'

'ક્યારેય જૂઠું બોલ્યા છો?'

નસરુદ્દીને કહ્યું, 'ના.'

'ક્યારેય શરાબ પીધો હતો?'

નસરુદ્દીને કહ્યું, 'ના.'

'ક્યારેય સ્ત્રીઓની પાછળ પાગલ થઈને ભટક્યા છો?'

મઘો જેમ જેમ પોતાનું કાર્ય કરતો ગયો તેમ તેમ તેની નિંદાનું જોર પણ વધતું ગયું. આ લોકોનું કેવું વલણ હતું કે મઘાની નિંદા કરવામાં આવતી. લોકો નિંદાથી ગભરાય છે પણ જો નિંદાથી ગભરાઈ ન જાય તો પૌષ્ટિક પદાર્થ જેમ શક્તિ આપે છે તેમ તે પણ શક્તિ આપે છે. મઘો નિંદાથી ગભરાતો નહિ. તે એમ માનતો હતો કે, મારા વિકાસમાં નિંદા પણ એક સાધન છે. પોતાની નિંદા સાંભળીને સામાન્યતઃ લોકોના મનમાં એક પ્રકારનો આવેશ આવી જાય છે. પણ જ્ઞાનીઓ એ આવેશનો સારો ઉપયોગ કરી લે છે જ્યારે અજ્ઞાનીઓ તેનો દુરુપયોગ કરે છે.

મઘો જ્યારે પોતાની નિંદા લોકો પાસેથી સાંભળતો ત્યારે તે પોતાના કામની કદર હવે થઈ છે એમ સમજી નિંદાથી ગભરાતો નહિ.

મઘાની લોકોમાં નિંદા થતી સાંભળી ત્યાંના બે નવયુવાનોને એવો વિચાર આવ્યો કે, "મઘાએ એવું શુ દુષ્કૃત્ય કર્યું છે કે, લોકો તેની નિંદા કરે છે. શુ તે દારૂ પીએ છે? વેશ્યાગમન કરે છે? જુગાર રમે છે? અથવા શું હોકો ચલમ પીએ છે! અથવા વર્ત્તમાન યુગની ભાષામા બીડી પીએ છે? કે હોટલમાં જઇ ચા કે સોડા લેમન ઢીચે છે? મઘાને તો આ વ્યસનોમાંનું એક પણ વ્યસન નથી છતાં લોકો તેની શા માટે નિંદા કરે છે? આ ગામના લોકો મઘાની નિંદાજ કરે છે એટલે મઘાના સારા કાર્યની પ્રશસા કોની પાસે જઇ કરુ? ભલે આખું ગામ મઘાના કાર્યને વખોડતુ હોય તો પણ તે જે કાર્ય કરી રહ્યો છે, તે વાસ્તવમાં લોકોપયોગી છે માટે તેના સત્કાર્યને કોઈ પણ રીતે વેગ આપવો જોઇએ"

આ પ્રમાણે બન્ને યુવકો મઘાના કાર્યની કદર કરવા લાગ્યા પહેલા યુવકે કહ્યુ કે, "ભાઈ! મારો અને તારો મત એક થવાથી

અનુભવ સાથે એનો કોઈ મેળ નથી ખાતો. અને આપણો એ સવાલ પણ સાચો છે. કેમ કે જ્યારે પણ આપણને સંયમનો ખ્યાલ આવે છે, ત્યારે નિષેધ કરવાનો વિચાર આવે છે—આ છોડો, આ છોડો, આ છોડો. તો આ જે આપણું જીવન છે, એ શું બધુ છોડી દેવા માટે છે? તો પછી જીવન ક્યાં છે?

આ નિષેધાત્મક થવાને કારણે તો આપણી બધી તકલીફ છે. હું નથી કહેતો કે આ છોડો, આ છોડો. હુ કહુ છુ કે આ પણ પામી શકાય છે, આ પણ પામી શકાય છે. આને મેળવો હા, આને મેળવવામા જરૂર કાઈક છૂટી જશે. પરંતુ ત્યારે ભીતરમા ખાલી જગ્યા નહિ પડે, ત્યારે ભીતરમા એક નવો ભરાવો (fulfil-ment) હશે.

આપણી બધી ઇન્દ્રિયો એક વ્યવસ્થા(pattern)મા જીવે છે. જો તમને અતીન્દ્રિય દૃશ્ય દેખાવા શરૂ થઈ જાય, તો એવુ નથી કે ફક્ત આખથી છુટકારો મળી જશે. ના, જે દિવસે આખથી છુટકારો મળી જાય છે, તે દિવસે અચાનક કાનથી પણ છુટકારો મળવો શરૂ થઈ જાય છે. કેમ કે અનુભવનુ એક નવુ રૂપ જ્યારે તમારા ખ્યાલમા આવે છે કે આખના જગતમા જો અતર્દૃશ્ય છે, તો પછી કાનના જગતમા પણ અતર્-ધ્વનિ હશે, અતર્નાદ હશે. પછી સ્પર્શના જગતમા પણ અતર્-સ્પર્શનુ જગત હશે. પછી સભોગના જગતમા પણ ભીતરની સમાધિ હશે. એ તત્કાળ ખ્યાલમા આવવા લાગે છે. જ્યારે કોઈ એક જગ્યાએથી અસયમનો ઢાચો તૂટી જાય તો બધી જગ્યાએથી દીવાલ હટવી શરૂ થઈ જાય છે. પ્રત્યેક ચીજ એક ઢાચામા ઊભેલી છે. એક ઈટ ખેચી લો અને બધુ પડી જાય છે.

(૩૩) બોધકથા—મુલ્લાંના ઘરની વ્યક્તિઓના એક સરખા ઢાંચાની

વસ્તીગણતરી ચાલતી હતી મુલ્લા નસરુદ્દીનને ઘેર અધિકારી આવ્યો છે. એને ઘરની વિગત પૂછે છે. મુલ્લા એકલો ઉદાસ બેઠો

બીજા યુવકે જવાબ આપ્યો કે, મારે આપનું કલ્યાણ કરી નિવૃત્તિમાર્ગે જવા [illegible] હોઈએ ત્યારે ત્યાગના ભાગી [illegible] ગુરૂ બનાવવા જોઈએ પણ આપણે [illegible] પ્રગતિ [illegible] કરવા [illegible] ત્યારે [illegible] પ્રગતિ કરવા [illegible] જરૂર રહે છે [illegible] ને ગુરૂ બનાવવાથી જ પ્રગતિ કરવા છતાં પણ અન્તરાત્માને પવિત્ર માર્ગે લઈ જઈ શકાય છે

આ પ્રમાણે વિચાર વિનિમય કરી બન્ને યુવકો મયાની પાસે આવ્યા. તે વખતે મયો સફાઈના કામમા લાગ્યો હતો. બન્ને યુવકોએ મયાને પ્રણામ કર્યા મયાએ વિનયપૂર્વક જવાબ આપ્યો કે. ભાઈઓ ! તમે મારામાં એવું શું જોયુ કે, તમે મને પ્રણામ કર્યા? હું તો એક સાધારણ માણસ છું મારી પાસે પહેરવાને પૂરતા કપડાં પણ નથી મારા જેવા ગરીબને તમે શા માટે નમસ્કાર કરો છો ?

યુવકો મયાની આટલી બધી નમ્રતા જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા અને તેની નિરભિમાનતાની પ્રશંસા કરવા લાગ્યા.

ગાંધીજી પણ થોડા અને સાદા કપડા પહેરે છે અને તમે કીંમતી કપડાં પહેરો છો, છતા તેમનો તમે કેટલો બધો આદર કરો છો ? તમે તેમનો જે આદરસત્કાર કરો છો તે તેમનુ મહત્કાર્ય જોઈને કરો છો. આ પ્રમાણે તમારો આત્મા તો પવિત્રતા ચાહે છે પણ બાહ્ય ઢોંગને લીધે આત્માની એ ભાવના દબાએલી રહે છે. લજ્જાની રક્ષા માટે કપડાં પહેરવામા આવે છે, પણ મૂળ ઉદ્દેશ ભૂલી જઈ બાહ્ય શૃંગારને મહત્ત્વ આપવામા આવે છે. લજ્જાની રક્ષા માટે કપડા પહેરવા જોઈએ એ ઉદ્દેશ શું આજની કૉલેજોમા સમજાવવામા આવે છે ?

(૩૪) મનોવિજ્ઞાન કહે છે—એક પાગલને સુધારવા માટે પૂરા સમૂહની ચિકિત્સા જરૂરી, ધર્મ કહે છે—એક વ્યક્તિના સુધરતાં પૂરો સમૂહ સુધારવા લાગે છે

એક પ્રકારની વ્યવસ્થામા ચીજોનું અસ્તિત્વ હોય છે હમણાં મનોવૈજ્ઞાનિક કહે છે કે જો તમારા ઘરમા એક માણસ પાગલ થાય છે, તો કોઈ ને કોઈ રૂપમાં તમારા આખા પરિવારમા પાગલપણાનો ઢાચો હશે, એટલા માટે નવુ મનોવિજ્ઞાન કહે છે કે પાગલના પરિવારની ચિકિત્સા ન કરાય, ત્યા સુધી તેની ચિકિત્સા નથી કરી શકાતી. પરિવારની ચિકિત્સા, family therapy, હવે નવી વિકસવા લાગી છે.

જેઓ વધુ વિચારે છે, તેઓ કહે છે કે પરિવારથી પણ શો ફરક પડશે? કેમ કે પરિવાર બીજા પરિવારોના ઢાચામા જીવે છે. તો જ્યા સુધી આખા સમાજ(society)ની ચિકિત્સા ન થાય, ત્યા સુધી એક પાગલને સુધારવો મુશ્કેલ છે. આ રીતે તેઓ સમૂહ-ચિકિત્સા(group therapy)ની વાત કરે છે. તેઓ કહે છે કે એ જે આખો સમૂહ છે એ સમૂહના ઢાચામા એક માણસ પાગલ હોય છે. કેમ કે બધી ચીજો પરસ્પર સંકળાયેલી છે.

પરંતુ એક વાત તેમના ખ્યાલમા નથી—જે હુ કહેવા માગુ છું. ક્યારેક ખ્યાલમાં આવે એમ બને, પરંતુ એને સો વર્ષ પણ લાગી જાય. એ વાત જરૂર સાચી છે કે જો એક ઘરમા એક માણસ પાગલ છે, તો કોઈ ને કોઈ સ્વરૂપમા એના પાગલપણામા આખા ઘરના લોકોનો ફાળો (contribution) છે. એ બધાએ કાંઈ ને કાંઈ સહયોગ આપ્યો છે, નહિ તો એ કેવી રીતે પાગલ થાત? અને એ પણ સાચુ છે કે જ્યા સુધી એ ઘરના બધા લોકો બરાબર ન થઈ જાય, ત્યાં સુધી એ માણસ સુધરી નથી શકતો. એ પણ સાચું છે કે એક પરિવાર એક મોટા સમૂહનો ભાગ છે. અને આખો સમૂહ એ પરિવારને પાગલ કરવામા કાંઈક ને કાંઈક ફાળો આપે છે.

અહીં [illegible] ઘર તો ઠીક છે પણ કેટલાક [illegible] ગંદુ છે. જ્યારે [illegible] ઘર ગંદા [illegible] એવો વિચાર આવે છે કે, [illegible] ઘર ગંદા હોય [illegible] કેટલાક લોકો એમ કહે છે કે, એ તો [illegible] છે. પણ [illegible] જે ગંદકી [illegible] તો હોતી નહિ! પણ જે ગંદી [illegible] કરે છે તે કેવી કહેવાય! એ [illegible] ઘરનો ન્યાય? અહિંસા-ધર્મનો મર્મ ન સમજવાને લીધે જ આવા ગંદકી રહેવા પામે છે જેમના ઘરમાં લોટ, દાળ કે એવી બીજી ખાદ્ય ચીજો સડેલી પડી રહે છે અને તેમાં જીવાત પડવા દે છે, તે લોકો અહિંસાધર્મનો મર્મ સમજ્યા નથી એમ કહેવું જોઈએ.

જે લોકો પોતાનુ ઘર સાફસુફ રાખી શકતા નથી તે લોકો પારકા ઘરને સાફસુફ શું કરી શકે?

કેટલાકો એમ કહે છે કે, જૈનધર્મ તો નિવૃત્તિપ્રધાન ધર્મ છે એટલે આવી પ્રવૃત્તિમા શા માટે પડવું? આ ઠીક છે. જ્યારે સસારથી નિવૃત્ત થઇ જાઓ ત્યારે નિવૃત્તધર્મનુ પાલન કરો એ બરાબર છે. પણ જ્યાસુધી તમે સંસારથી નિવૃત્ત થયા નથી, પ્રવૃત્તિમાં પડેલા છો ત્યાંસુધી તમે પરાધીન રહો અને પરાધીનતાને પોષ્યા કરો એમ જૈનધર્મ કહેતો નથી. પ્રવૃત્તિમાં રહેવા છતા પરાધીન રહો એમ જૈનશાસ્ત્ર કહેતુ નથી.

ભગવાન મહાવીરે ગૃહસ્થધર્મનુ જે વિધાન કર્યું છે એ વિધાન પ્રમાણે આચરણ કરવામાં આવે તો, ગૃહસ્થોના ઘરમા અશુચિ કે અપવિત્રતા સંભવે નહિ. પણ આજકાલ કેટલાક લોકો ગૃહસ્થ હોવા છતા સૂક્ષ્મ હિંસાનો તો વિચાર કરે છે પણ પરમ્પરાએ

શક્ય નથી. આ સમયે શક્ય નથી પરંતુ કોઈ એક વૃત્તિને તો તમે આ સમયે અને અત્યારે રૂપાંતરિત કરી શકો છો અને ધ્યાન રાખજો કે એ એકનુ બદલાવું એ તમારી બીજી ઇંદ્રિયોને બદલાવાને માટે દિશા રૂપ બની જશે

તમારા જીવનમાં પ્રકાશનુ એક કિરણ ઊતરી આવે, તો અંધારુ ચાહે તેટલુ જૂનુ હોય, ભયનુ કોઈ કારણ નથી. પ્રકાશનુ એક કિરણ અનંતગણા અંધારા કરતા વધુ શક્તિશાળી હોઈ શકે છે સંયમનુ એક નાનુ એવું સૂત્ર, અસંયમની જિંદગીઓને, અનંત જિંદગીઓને માટીમા મેળવી દે છે. પરંતુ જો એક સૂત્ર શરૂ કરવુ હોય તો વિધાયક દૃષ્ટિ રાખવાની છે.

શરૂઆત કરવાની હોય તો સૌથી શક્તિશાળી ઇન્દ્રિયથી કામ શરૂ કરવુ. જો શરૂ કરવુ હોય તો માર્ગથી ફંટાશો નહિ. જે માર્ગેથી આપણે બહાર ગયા છીએ તે જ માર્ગે પાછું ફરવાનુ છે. શરૂ જો કરવુ હોય, તો અંધાનુકરણ ન કરવું કે કયા ઘરમા જન્મ્યા છીએ પોતાના વ્યક્તિત્વની સમજને ધ્યાનમા લેવી અને પછી જ્યા પણ માર્ગ મળે, ત્યાં ચાલ્યા જવુ

(૩૬) ધર્મનું પાગલપણું—સાધનના અતિઆગ્રહને કારણે

મહાવીર જ્યાં પહોંચે છે, ત્યા જ મહંમદ પહોંચી જાય છે જ્યાં બુદ્ધ પહોંચે છે, ત્યા જ કૃષ્ણ પહોંચી જાય છે જ્યા લાઓત્સે પહોંચે છે, ત્યાં જ ક્રાઇસ્ટ પણ પહોંચી જાય છે.

ન માલૂમ તમને કઈ જગ્યાએથી દ્વાર મળી જશે તમે પહોંચવાની ચિંતા રાખજો, હું તો અમુક જ દરવાજેથી પ્રવેશ કરીશ એવી હઠ ન લેશો એ દરવાજો તમારા માટે દીવાલ બની રહે એમ પણ બનવાનો સંભવ છે. પરંતુ આપણે બધા એ હઠમા જ રહીએ છીએ કે અમે તો જિનેન્દ્રને માનવાવાળા છીએ, અમો જઈશું તો જિનેન્દ્રને માર્ગે જઈશું, યા તો અમે વિષ્ણુને માનવાવાળા છીએ અમે તો રામને માનવાવાળા છીએ, તો અમે રામના માર્ગે જઈશું

વ્યાખ્યાન : જન સેવા (૨)*



પ્રાર્થના

અરહનાથ અવિનાશી, શિવ-સુખ લીનો,
વિમલ વિજ્ઞાન-વિલાસી, સાહબ સીનો. ॥ ૧ ॥
તૂ ચેતન ભજ અરહનાથને, તે પ્રભુ ત્રિભુવનરાય;
તાત 'સુદર્શન' 'દેવી' માતા, તેહનો નન્દ કહાય ॥ સાહબ૦૨॥

શ્રી **અરહનાથ** ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે. જેમને પ્રાર્થના ઉપર વિશ્વાસ છે અને જે પ્રાર્થનામાં શક્તિ રહેલી છે એમ માને છે તેમને પ્રાર્થના એક અપૂર્વ વસ્તુ છે. પ્રાર્થના એ વિશ્વાસની વસ્તુ છે માટે તેના ઉપર વિશ્વાસ રાખવાથી તો અપૂર્વ વસ્તુની પ્રાપ્તિ થાય છે, પણ જો વિશ્વાસ વિના પ્રાર્થના કરવામા આવે તો, તે પ્રાર્થના પણ ઢોંગરૂપ બની જાય છે અને પરિણામે અપૂર્વ વસ્તુની પ્રાપ્તિ થતી નથી. કલ્પવૃક્ષમા કઇ વસ્તુ રહેલી નથી ? બધી વસ્તુઓ રહેલી છે; પણ જોવામાં એકપણ વસ્તુ આવતી નથી તો પણ કલ્પવૃક્ષને નીચે ,બેસી જે વસ્તુની કલ્પના

* સ્થળ :-રાજકોટ જ્યુબિલિ દરબાર હૉલ તા ૩-૧૨-૩૬.

તપ દ્વારા પ્રાણ-શક્તિનું ઊર્ધ્વગમન

પ્રવચનના મુખ્ય મુદ્દાઓ

(૧) તપની ખોટી વ્યાખ્યાઓને કારણે પહોંચેલુ નુકસાન
(૨) ભોગી ચિત્ત દ્વારા તપની ભૂલભરેલી વ્યાખ્યા: દુ ખની આકાંક્ષાથી સુખપ્રાપ્તિ
(૩) જ્યારે પાવલોવ શરાબીની શરાબની ટેવ છોડાવવામા નિષ્ફળ જાય છે.
(૪) દુ:ખ+ઇચ્છા એટલે તપ એવુ જે સમજે છે તે બરાબર નથી.
(૫) પોતાને ચાબુક મારીને કામવાસનાનુ દમન કરવા નીકળેલા લોકોનો ઊલટો અનુભવ
(૬) તપસ્વીઓનુ દુ:ખમા પણ આનંદ માનવાનુ રહસ્ય. દુ:ખનું સુખ સાથે જોડાઈ જવુ
(૭) શરીર દ્વારા અપેક્ષિત સુખ ન મળતા શરીરને સતાવવામાં લાગેલા કહેવાતા તપસ્વીઓ
(૮) ભોગી અને તપસ્વી—બને શરીર-કેન્દ્રિત
(૯) પોતાને સતાવી રહેલા તપસ્વીને બીજાને સતાવવામાં આવતો રસ
(૧૦) તપસ્વી દ્વારા પોતાને માટે સ્વર્ગની અને ભોગી માટે નરકની કલ્પના
(૧૧) તપસ્વીને ભ્રષ્ટ કરવા આવતી અપ્સરાઓ—એના જ દમિત ચિત્તની પેદાશ
(૧૨) દમન એટલે દબાવવું નહિ: દમન એટલે શાત થઈ જવું
(૧૩) ફ્રોઈડની શોધ—પ્રેમ અને ઝઘડો, કામ અને યુદ્ધ એક જ ચીજનાં બે રૂપ
(૧૪) જીવનનું દરેક રૂપ વિપરીત સાથે જોડાયેલુ
(૧૫) વિકૃતિ–પ્રકૃતિ–સંસ્કૃતિ
(૧૬) મનુષ્ય પ્રકૃતિથી નીચે પડતાં—વિકૃત થતા, પશુથી પણ બદતર હાલતમા જાય છે

આવી સ્થિતિ ઉભી થઈ જાય છે. એટલા માટે જ મારે પરમાત્માની પ્રાર્થનામાં મન પરોવવું જોઈએ.

આ પ્રમાણે સાથે આવી પડેલા સંકટને પ્રાર્થનામાં પ્રવૃત્ત થવાનું કારણ બનાવવું જોઈએ, પણ જ્યારે કોઈ ચીજને મેળવવા માટે અથવા કોઈ કષ્ટના નિવારણની ઈચ્છાએ જ પરમાત્માની પ્રાર્થના કરવામા નહિ આવે, ત્યારે સંકટો પણ તમારાથી દૂર ભાગશે.

ખેડુતને ઘાસની પણ જરૂર રહે છે પણ તેઓ કાંઇ ઘાસ જ માટે ખેતી કરતા નથી. પરન્તુ તેઓ તો સારો પાક કેમ થાય એ જ ઉદ્દેશથી ખેતી કરે છે. છતાં ધાન્યની સાથે ઘાસ પણ પેદા થઈ જાય છે. આજ પ્રમાણે પરમાત્માની પ્રાર્થના કરતી વખતે એમ વિચારવું જોઇએ કે, પરમાત્માની કૃપા મેળવવા માટે હુ પ્રાર્થના કરૂં છુ. કારણ કે પ્રાર્થનાદ્વારા પરમાત્માની કૃપા મેળવવામા આત્માનુ કલ્યાણ રહેલું છે. આવી ઉન્નત ભાવના રાખવાથી જેમ અન્નની સાથે ઘાસ પણ ઉગી નીકળે છે, તેમ સાસારિક વસ્તુની પણ સ્હેજે પ્રાપ્તિ થઇ જાય છે. પણ સસારની બધી વસ્તુઓની પ્રાપ્તિ કરવા કરતાં, આત્માનુ કલ્યાણ સાધવુ એ શ્રેષ્ઠ છે, માટે પરમાત્માની પ્રાર્થના આત્માના કલ્યાણ માટે જ કરવી જોઇએ. જો પરમાત્માની પ્રાર્થનાદ્વારા આત્મકલ્યાણ સાધી શકાય છે તો તુચ્છ વસ્તુઓની પ્રાપ્તિ માટે એ પ્રાર્થનાનો ઉપયોગ કરવો એ તો ચણાના બદલામા રત્ન આપવા જેવી મૂર્ખતા છે. આત્માનું કલ્યાણ ચાહનારે આવી મૂર્ખતા કરવી ન જોઇએ.

પરમાત્માની પ્રાર્થના ગમે તે સ્થાને અને ગમે તેવી પરિસ્થિતિમા કરી શકાય છે, પણ પ્રાર્થનામાં આત્મસમર્પણની અનિવાર્ય

(૧) તપની ખોટી વ્યાખ્યાઓને કારણે પહોંચેલું નુકસાન

અહિંસા છે આત્મા, સયમ છે પ્રાણ, તપ છે શરીર. સ્વભાવત અહિંસાના સબધમા ભૂલો થઈ છે, ખોટી વ્યાખ્યાઓ થઈ છે પરંતુ આ ભૂલો અને વ્યાખ્યાઓ અપરિચયની ભૂલો છે. સયમ સબધમા પણ ભૂલો થઈ છે, ખોટી વ્યાખ્યાઓ થઈ છે. પર એ ભૂલો પણ અપરિચયની ભૂલો છે. જેનાથી આપણે અપરિ છીએ એની ખોટી વ્યાખ્યા કરવી પણ કઠણ હોય છે. ખો વ્યાખ્યાને માટે પણ પરિચય જરૂરી છે. અને આપણો સૌથી વિ પરિચય તપ સાથે છે, કેમ કે એ સૌથી બાહ્ય રૂપ-રેખા છે. -શરીર છે.

તપની બાબતમા સર્વથી વધારે ભૂલો થઈ છે અને સ વધારે ખોટી વ્યાખ્યાઓ થઈ છે. અને એ ખોટી વ્યાખ્યા કારણે જેટલુ અહિત થયુ છે, એટલુ કોઈ બીજી ચીજથી નથી થ

એક ફેર છે કે તપની બાબતમા જે ખોટી વ્યાખ્યાઓ છે તે આપણી પરિચયની ભૂલો છે. તપથી આપણે પરિચિત છ અને તપથી આપણે સહેલાઈથી પરિચિત થઈ જઈએ છી અસલમાં તપ સુધી જવામા આપણે આપણી જાતને બદલવી નથી પડતી આપણે જેવા છીએ તેવા જ તપમા પ્રવેશ જઈએ છીએ. કેમ કે તપ દ્વાર છે અને એટલા માટે આપણે છીએ તેવા જ તપમા ચાલ્યા જઈએ તો તપ આપણને બ નથી શકતું, પણ આપણે તપને બદલી નાખીએ છીએ.

જેમને આ વાત ઉપર જ વિશ્વાસ નથી તેમને માટે આ વાત નિરર્થક છે પણ જેમને પ્રાર્થના ઉપર વિશ્વાસ છે તેમને આ વાત તદ્દન સાચી છે.

કોઈ એમ કહે કે, પરમાત્માની પ્રાર્થનાથી આત્મકલ્યાણ કરવાનું કહો છો પણ પરમાત્મા છે એની પ્રતીતિ કેમ થાય? કારણ કે પરમાત્મા તો અગમ્ય અગોચર કહેવાય છે, એટલે એમની પ્રતીતિ કેવી રીતે થાય? એને માટે હું મારા એક સ્વાનુભવની વાત કહું છું:-

મારા જે પ્રદેશમાં જન્મ થયો છે ત્યાં વરસાદ ખૂબ વરસે છે. ત્યાં વર્ષાઋતુમાં વાદળાઓથી હંમેશા આકાશ ઢંકાએલું રહે છે એટલે સૂર્ય અસ્ત પામ્યો છે કે નહિ? તેની કશી ખબર પડતી નહિ. પણ પોયણાના ફુલને જોઈને ખબર પડતી કે, હવે સૂર્ય અસ્ત પામ્યો છે. તે પ્રદેશમાં પોયણાના નામના એક જાતના ફુલ થાય છે, તે ફુલ જ્યારે વિકસિત થતાં ત્યારે સૂર્ય ઉગ્યો છે તેમ અને જ્યારે કરમાતા ત્યારે સૂર્ય આથમ્યો છે તેમ ખબર પડતી હતી

અત્રે એ વિચારવા જેવી વાત એ છે કે એક ફુલને સૂર્યના ઉદય-અસ્તની ખબર પડી જાય છે અને આપણા જેવા મનુષ્યોને ખબર પડતી નથી એ આપણી કેટલી બધી અપૂર્ણતા બતાવે છે? એક ફુલને સૂર્યના ઉદય-અસ્તની ખબર પડે છે, તો શુ આપણને તેની ખબર પડતી નહિ હોય? ખબર તો પડતી હશે, પણ સંસારની બીજી ધમાલમાં પડી જવાથી એ જાણેલી વાતને પણ ભૂલાઈ જવાય છે. અને પરમાત્માના વિષયમાં પણ તેની પ્રતીતિ કેમ થાય? આવા પ્રશ્નો પૂછવા લાગીએ છીએ આવા પ્રશ્નો ઉદ્‌ભવવાનુ મુખ્ય કારણ પોતાનામા રહેલી શક્તિનું અજ્ઞાન જ છે. પોતાનામાં રહેલી

પરેશાન થઈ ગયો છે કે ચિકિત્સક કહે છે કે એના લોહીમા શરાબ ફેલાઈ ગયો છે, એટલે જો શરાબ બંધ કરવામા નહિ આવે તો એ જીવવો મુશ્કેલ છે, એ બચવો બહુ મુશ્કેલ છે. પરંતુ એ છેલ્લા ત્રીસ વર્ષોથી શરાબ પીએ છે. એટલા લાબા વખતની આદત છે. ચિકિત્સકો ડરે છે કે જો એ આદતને તોડવામા આવે તો પણ મોત નીપજી શકે છે. એને પાવલોવની પાસે લાવવામા આવ્યો

પાવલોવે એને પોતાના એક નિષ્ણાત શિષ્યને સોપ્યો અને કહ્યુ કે આ વ્યક્તિને શરાબ પા. અને જ્યારે એ શરાબની પ્યાલી હાથમા લે, ત્યારે એને વીજળીના 'શૅાક' આપો. આવુ નિરંતર કરવાથી શરાબ પીવો અને વીજળીનો આચકો અને પીડા એ બે જોડાઈ જશે. શરાબ અને પીડા જોડાઈ જશે, conditioned થઈ જશે ત્યારે પીડામાથી છૂટવુ એટલે શરાબ છોડવો એમ બની જશે અને એક વાર જો મનમા એ ભાવ ઠસી જાય કે શરાબ પીડા દે છે દુ:ખ લાવે છે, તો શરાબ છોડવો મુશ્કેલ નહિ બને.

એક મહિના સુધી પ્રયોગ ચાલુ રાખવામા આવ્યો. એ મહિના સુધી એ માણસ પાવલોવની પ્રયોગશાળામા રોકાયો હતે એ આખો દિવસ શરાબ પીતો જ્યારે પણ શરાબનો પ્યાલો હાથમ લેતો ત્યારે એની ખુરશી 'શૅાક' આપતી. સામે બેઠેલો પેલો મને વૈજ્ઞાનિક બટન દબાવતો, ક્યારેક એનો હાથ હલી જતો, ક્યારે એના હાથમાંથી પ્યાલી પડી જતી

મહિના પછી પાવલોવે પોતાના યુવાન શિષ્યને બોલાવી પૂછ્યુ કે કાઈ થયુ ?

યુવાન શિષ્યે કહ્યુ, 'થયુ તો ઘણું બધું.'

પાવલોવ ખુશ થયો અને એણે કહ્યું, મેં કહ્યું જ હતુ 'કંડિશનિંગ'થી બધુ જ થઈ જાય છે. પણ એના શિષ્યે કહ્યુ કે ખુશ ન થાઓ કેમ કે લગભગ ઊલટું થયું છે.

પાવલોવે કહ્યુ, "ઊલટું ? તારા કહેવાનો અર્થ શો છે ?"

કોઈ [illegible] નથી, [illegible] [illegible] [illegible], કે [illegible] [illegible] [illegible] કરે છે તે [illegible] નથી અને જેઓ આધ્યાત્મિકતાને નામે [illegible] કરે છે તે લોકો આધ્યાત્મિકતાના નામને બદનામ કરે છે એમ કહેવું જોઈએ

આધ્યાત્મિકતા એ કાંઈ નાનીસૂની વસ્તુ નથી આધ્યાત્મિકતાને ગીતાજીએ બધી ક્રિયાઓમાં પ્રથમ સ્થાન આપ્યું છે. જ્યાં બીજાના હિત માટે નાની ચીજનો પણ ત્યાગ થઈ શકતો નથી ત્યાં ઊંચી આધ્યાત્મિકતા કેવી રીતે નભી શકે ? જ્યાં લોભ દગો હોય છે ત્યાં આધ્યાત્મિકતા ટકી જ શકતી નથી જ્યાં બીજાના હિત માટે પ્રાણ અર્પવાની પણ આનાકાની ન હોય ત્યાં આધ્યાત્મિકતા સહેજે આવે છે જેમકે, રાજા મેઘરથે કબુતર માટે શરીર ત્યાગ કર્યો હતો. શું તેમનામા આધ્યાત્મિકતા ન હતી ? તેમનામા આધ્યાત્મિકતા હતી અને એટલા જ માટે તેઓ બીજાના કલ્યાણ માટે શરીરત્યાગ કર્યો હતો. કારણ કે તેઓ સારી રીતે જાણતા હતા કે, બીજાના કલ્યાણ માટે આત્મસમર્પણ કરવું એ જ આધ્યાત્મિકતા છે. આ પ્રમાણે જે આધ્યાત્મિક હોય છે તે બીજાના હિતમા પોતાનુ હિત માને છે. બીજાના હિતમા પોતાનુ હિત કેવી રીતે રહેલું છે એ બતાવવા માટે મઘાની વાત કહેવામાં આવે છે :—

મઘાનું વૃત્તાન્ત

મઘો કુદરત પાસેથી એ બોધપાઠ શીખ્યો હતો કે, જે વાત મને પોતાને અનુકૂલ હોય તે જ બીજાના માટે પણ કરવી કુદરત પાસેથી જેવો બોધપાઠ મળે છે તેવો બોધપાઠ બીજે કયાયથી મળતો નથી, એવું જગતમાં ભૂતકાળના તેમજ વર્તમાનના અનેક દાખલાઓથી સ્પષ્ટ જણાય છે. જ્ઞાનીઓએ આખા બ્રહ્માણ્ડને પુરૂષાકાર બતાવેલ છે. એટલા માટે જો એનુ ધ્યાન ધરવામાં આવે તો આત્માને અપૂર્વ આનદ આવે

સાચી વાત એ છે કે દુ ખ ઇચ્છી જ શકાતું નથી; You cannot desire. It is impossible. એ અશક્ય છે. આપણે એમ કહી શકીએ કે સુખની જ ઇચ્છા હોય છે; દુઃખની અનિચ્છા જ હોય છે, ઇચ્છા નથી હોતી હા, જો કોઈ ક્યારેક દુઃખ ઇચ્છે છે તો સુખને માટે જ. પરંતુ એ ઇચ્છા તો સુખની જ છે. દુઃખને ઇચ્છી જ શકાતુ નથી. એ અસંભવ છે. ત્યારે આપણે એવું કહી શકીએ કે જે કાંઈ ઇચ્છવામા આવે છે તે સુખ છે અને જે ઇચ્છવામા નથી આવતુ તે દુઃખ છે

એટલા માટે દુઃખની સાથે ઇચ્છાને જોડી નથી શકાતી. અને જે કોઈ માણસ દુ.ખની સાથે ઇચ્છાને જોડીને તપ બનાવે છે, દુ.ખ+ઇચ્છા=તપ એમ સમજે છે, તે તપને સમજ્યો જ નથી. દુઃખની તો ઇચ્છા જ નથી હોઈ શકતી. સુખ જ પાછળ દોડે છે. આકાંક્ષા માત્ર સુખની છે ઇચ્છા માત્ર સુખની છે. એક જ રસ્તો છે કે તમને દુઃખમા પણ સુખ લાગવા માડે, તો તમે દુઃખ ઇચ્છી શકો છો. દુ.ખમાં પણ સુખ લાગે એમ બની શકે છે—associationથી, conditioningથી, ટેવાવાથી; મેં જે હમણા તમને પાવલોવની વાત કરી એવી કોઈ રીતે, તમને દુઃખમા પણ સુખનો ભ્રમ થઈ શકે છે.

(૫) પોતાને ચાબુક મારીને કામવાસનાનું દમન કરવા નીકળેલા લોકોનો ઊલટો અનુભવ

યુરોપમાં ખ્રિસ્તી ફકીરોનો એક સંપ્રદાય હતો—ચાબુક મારવાવાળાઓનો. એ સપ્રદાયની માન્યતા હતી કે જ્યારે પણ કામવાસના જાગ્રત થાય ત્યારે પોતાને ચાબુક ફટકારો. લોકોને ઘણી નવાઈ લાગતી, પણ ધીરે ધીરે ચાબુક મારવાવાળાઓને ખબર પડી કે ચાબુક મારવામા પણ કામવાસનાનો જ આનંદ આવવા લાગ્યો છે. અને એટલે સુધી હાલત થઈ ગઈ કે જે લોકોએ કામ-વાસનાને દબાવવા માટે ચાબુક મારવાની આદત પાડી હતી, તેઓ

મનો નિંદાથી જવાબ ! સમતાભાવ નહિ. ને તો બંનેયા ચેતન નિયત કરેલા કાર્યમાં મંડ્યા રહેતા. મઘાની આવી કાર્યપ્રણાલી જોઇ, એ બન્ને યુવકો મઘાના શિષ્ય બનવા તૈયાર થયા. મઘાએ તે બન્નેને કહ્યું કે, મારે ત્યાં ખાવા પીવાનું કાંઇ નથી. પણ કેવળ મારી સાથે કામ કરવામાં તમારે લોકોની નિંદા, ગાળો વગેરે સમતાભાવે સાંભળવાનું છે શું તમે મારા શિષ્ય થઇ બીજાની નિંદા કે ગાળો સમતાભાવે, સાંભળવા તૈયાર છો ?

મઘાનુ આ કથન સાંભળી બન્ને યુવકો પરસ્પર કહેવા લાગ્યા કે, "ગુરુ હોય તો ખરેખર આવા હોવા જોઇએ કે, જે શિષ્ય બનાવવા માટે બીજાને ખોટા પ્રલોભનો ન આપે" આ પ્રમાણે પરસ્પર વિચાર વિનિમય કરી બન્ને યુવકોએ મઘાને કહ્યુ કે, "તમારા સ્પષ્ટ કથનથી અમારી તમારા શિષ્ય થવાની ભાવના વધવા પામી છે. માટે કૃપા કરીને આપ અમને ગુરુમન્ત્ર સંભળાવો અને અમને શિષ્યદીક્ષા આપો."

મઘાએ ઉત્તર આપ્યો કે, ' હુ ભણેલો ગણેલો નથી એટલે તમને ગુરુમન્ત્ર શુ સંભળાવું ।"

યુવકોએ કહ્યુ કે, "અમે ભણેલા ગણેલાનાં મન્ત્રો તો ઘણીવાર સાભળીએ છીએ પણ અમે તો તમારા જેવા કર્ત્તવ્યપરાયણ વ્યકિત પાસેથી મન્ત્ર સાંભળવા ઉત્સુક છીએ માટે તમારા કર્ત્તવ્યનો મન્ત્ર અમને સભળાવો અર્થાત્ અમારે તમારા શિષ્ય થઇ શું કાર્ય કરવાનુ છે તે જણાવો. અમે યથાશકિત આપના કર્ત્તવ્યમન્ત્રનુ જીવનપર્યંત પાલન કરીશુ "

મઘાએ કહ્યું કે, સાભળો, તમારે શુ કામ કરવાનુ છે તે જણાવું છુ જો કે હુ ભણેલો ગણેલો નથી પણ કૂદરત પાસેથી મે

માટે તો તપસ્વીઓની સપાટી ભેદીને તમે એમની ભીતરમા જોઈ શકશો કે એમનો રસ શું છે. અને એક વાર જો તમને આ દેખાવા માડે, તો તમે સમજી શકશો કે જ્યારે પણ કાંઈ ઇચ્છવામા આવે છે ત્યારે સુખ ઇચ્છવામાં આવે છે. જો કોઈ દુઃખને ઇચ્છી રહ્યુ છે તો એના મનના કોઈ ને કોઈ ખૂણામાં સુખ અને દુ.ખ એક થઈ ગયા હશે, જોડાઈ ગયા હશે. સુખ સિવાય દુ:ખને કોઈ પણ ઇચ્છતુ નથી.

એક વાર તમારી ભીતરની કોઈ વાસના સાથે કોઈ દુઃખ જોડાઈ જાય તો પછી ભૂખે મરવાને બદલે કાટા પર સૂવામા પણ તમને આનંદ આવી શકે છે; તડકામાં ઊભા રહેવામાં પણ આનદ આવી શકે છે. અને માણસ પોતાને દુઃખ એટલા માટે આપે છે કે એ કોઈ વાસનાથી મુક્ત થવા માગે છે. જે દુઃખથી એ મુક્ત થવા માગે છે, એ દુઃખ એની સાથે જોડાઈ જાય છે.

એક માણસને પોતાના શરીરને સજાવવામા ખૂબ રસ છે. એ શરીરની સજાવટની આ કામનામાથી મુક્ત થવા ઇચ્છે છે. એ નગ્ન ઊભો રહી જાય છે યા પોતાના શરીર પર રાખ ચોળી લે છે યા પોતાના શરીરને કુરૂપ કરી લે છે. પરંતુ એને ખબર નથી કે રાખ ચોળવી એ પણ, નગ્ન થઈ જવું એ પણ, અને આ રીતે શરીરને કુરૂપ કરી લેવુ એ પણ, શરીરની સાથે જ સકળાયેલું છે. એ પણ સજાવટ છે. જો તમે કોઈ વાર કુંભ ગયા હો, તો એક વાત જોઈને ખૂબ ચકિત થશો કે જે સાધુ રાખ ચોળીને બેસી રહે છે, તેઓ પણ પોતાના ડબ્બામાં એક નાનો અરીસો રાખે છે અને સવારે સ્નાન કર્યા પછી જ્યારે તેઓ રાખ ચોળે છે, ત્યારે તેઓ અરીસામાં જુએ છે માણસ અદ્દ્ભુત છે રાખ જ ચોળવી છે, તો પછી અરીસાનું શું પ્રયોજન? પરંતુ રાખ ચોળવી પણ સજાવટ છે, શૃંગાર છે. શરીરને કુરૂપ કરવાવાળો પણ અરીસામાં જોશે કે બરાબર થયું છે ને?

[illegible] [illegible] [illegible] જણાય છે. તમારું પેટ ભોજનથી ભરાયેલું છે તો પણ બીજાની રોટલી લઈ ગરીબને આપવાની ભાવના પેદા ન થઈ, પણ રોટલીને ગેડીને કે સુકાઈને બીજે દિવસે ખાવા માટે રાખવાની ભાવના થઈ, તો તમે હજી બીજાના આત્માને તમારા આત્મા સમાન માનવાનું સમજ્યા નથી.

મહાત્માએ યુવકોને કહ્યું કે, "તમે જો મારા શિષ્ય થવા ચાહો છો તો તમારે બધા જીવોને આત્માતુલ્ય માનવા પડશે એટલું જ નહિ તમારે કોઈ પ્રકારનું વ્યસન રાખવું નહિ જોઈએ. કારણ કે વ્યસનના નશામા કર્ત્તવ્યાકર્ત્તવ્યનું ભાન રહેતું નથી. માટે કોઈ પણ પ્રકારના માદક પદાર્થોના સેવનથી દૂર રહેવું પડશે જે બુદ્ધિને ભ્રષ્ટ કરે છે તે બધા માદક પદાર્થો છે. કહ્યું પણ છે કે :—

बुद्धिं लुम्पति यद्द्रव्य मदकारी तदुच्यते ।

જે પદાર્થોને સૂંઘવાથી, ખાવાથી કે પીવાથી બુદ્ધિ ભ્રષ્ટ કે નષ્ટ થાય તે માદક પદાર્થો છે. જે માદક પદાર્થો છે તેમાં જ કેવળ મદ છે એમ નથી પણ હૃદયની ભાવનામાં પણ મદ હોય છે જેમ ગ્રન્થોમા રાવણને હજાર વિદ્યાવાળો વર્ણવ્યામા આવ્યો છે, છતાં સીતાને જોઈને તે ભાન ભૂલી ગયો હતો. આ પ્રમાણે ભાન ભૂલી જવું એ હૃદયનો મદ છે આ પ્રકારના મદથી કે નશાથી તમારે હમેશાં બચતા રહેવું પડશે"

આજના યુવકોમાંના કેટલાક પરસ્ત્રી જોઈને ભાન ભૂલેલા જોવામા આવે છે, એટલું જ નહિ પણ કહેવાતા રાજાઓ અને મહન્તો

પરંતુ જોડાને ગાળ દઈને ફેંકી દેવાવાળા લોકો, દરવાજાને ગાળ દઈને ખોલવાવાળા લોકો—આવા જ લોકો તપસ્વી બની જાય છે. શરીર સુખ નથી આપતુ, એવો અનુભવ શરીરને તોડવાની દિશામા લઈ જાય છે—ચાલો, શરીરને સતાવો. પરંતુ શરીરને સતાવવાની પાછળ એ જ વિષાદ (frustration) કામ કરી રહ્યો છે. શરીરથી સુખ ઇચ્છયુ હતુ, પણ તે મળ્યુ નહિ. એટલે એને જ ત્રાસ આપીને બતાવી દઈશું.

(૮) ભોગી અને તપસ્વી—બંને શરીર-કેન્દ્રિત

અર્થાત્ તમે બદલાયા નથી, હજુ પણ તમારી દૃષ્ટિ શરીર પર જ રહેલી છે ભલે પહેલા સુખ ઇચ્છયુ હોય, અને હવે દુ:ખ દેવા ઇચ્છતા હો, પણ તમારા ચિતની જે દિશા છે તે હજુ પણ શરીરની જ આસપાસ વર્તુળ બનાવીને ફરે છે. તમારી ચેતના હજુ શરીર-કેન્દ્રિત છે, હજુ પણ શરીર ભુલાતુ નથી. હજુ પણ શરીર પોતાની જગ્યાએ જ ઊભેલુ છે અને તમે ત્યાના ત્યા જ છો. તમારી અને શરીરની વચ્ચેનો સંબધ એનો એ જ છે. ધ્યાનમા રહે, ભોગી અને તથાકથિત તપસ્વીની વચ્ચે શરીરના સંબધમા કોઈ ફેર નથી પડતો શરીરની સાથેનો સંબધ તો એનો એ જ રહે છે

જો આપણે ભોગીને પૂછીએ કે તમારુ શરીર છીનવી લેવાય તો શું તમને કોઈ તકલીફ થશે? તો ભોગી કહેશે કે મારાથી એવી તકલીફ સહન નહિ થાય, કેમ કે શરીર જ તો મારા ભોગનુ માધ્યમ છે. એ જ સવાલ આપણે તપસ્વીને પૂછીએ તો તે પણ કહેશે કે એમ થશે તો હુ મુશ્કેલીમા મુકાઈ જઈશ. કેમ કે મારી તપશ્ચર્યાનું સાધન શરીર જ છે હુ જે કાઈ કરી રહ્યો છુ તે શરીર દ્વારા જ કરી રહ્યો છુ. જો શરીર જ ન રહે, તો તપ કેવી રીતે થશે? જો શરીર જ ન રહે તો ભોગ પણ કેવી રીતે ભોગવાય?

એટલા માટે હુ કહુ છું કે બનેની દૃષ્ટિ શરીર પર છે અને બને શરીરના માધ્યમથી જ જીવી રહ્યા છે. જે તપ શરીરના

પ્રતીતિ થાય છે, તેમ આત્માને પણ પોતાના હૃદયના [illegible] [illegible] તેની પ્રતીતિ થાય છે. કદાચિત્ તમને તમારા આત્માની [illegible] પરમાત્માની પ્રતીતિ થતી ન હોય તો, વિશુદ્ધ ભાવનાથી [illegible] ઉપસ્થિતને પૂછો તો તમને સમજાશે કે, ભગવાન વિશુદ્ધ આત્મામાં જ સ્થિર રહેલો છે.

[illegible] વાત સાંભળી [illegible] ખૂબ પ્રસન્ન થયો, અને પગમાં પડી પ્રસન્નચિત્તે કહેવા લાગ્યા કે, "અમારા માથા ઉપર આશીર્વાદનો હાથ મૂકો. અને આપના શિષ્ય થવા ચાહિએ છીએ. અમે આપની આજ્ઞાનુસાર વર્તવાની પ્રતિજ્ઞા કરીએ છીએ."

મઘાએ યુવકોને ઊભા કરી છાતી સરસા ચાંપ્યા અને તેમને શિષ્ય તરીકે સ્વીકાર્યા. આ પ્રમાણે મઘાને બે સાથી મળવાથી તે છ હાથવાળો થયો.

ઈશ્વરનુ રૂપ ચતુર્ભુજ કહેવાય છે. તમે પણ વિવાહના જોડાઇને ચતુર્ભુજ બન્યા છો. પણ વાસ્તવમાં તમે ચતુર્ભુજ છો કે ચતુષ્પાદ છો એ કોણ કહી શકે? જેઓ સાચા સ્ત્રી-પુરુષ હશે તેઓ તો ચતુર્ભુજ બની પોતાનુ કલ્યાણ કરવાની સાથે જગતનુ પણ કલ્યાણ કરશે.

મઘાને બે સાથીઓનો સાથ મળ્યો છતાં તે પ્રમાદી બન્યો ન હતો, પણ તે તો પહેલા કરતા વિશેષ કામ કરતો. કારણ કે, તે સારી રીતે જાણતો હતો કે, જેવું હુ કાર્ય કરીશ તેવું આ મારા શિષ્યો કામ કરશે આ પ્રમાણે વિચાર કરી તે આદર્શ કામ કરતો. તેને ઘણીવાર એવો વિચાર આવતો કે "હે પ્રભો! આ યુવકોના હૃદયમા કોણે પ્રકાશના કિરણો ફેંક્યા કે, તેઓ મારા સાથીઓ બન્યા? મને તો લાગે છે કે, હે! પ્રભો! એ તારી કૃપાનું જ

(૧૦) તપસ્વી દ્વારા પોતાને માટે સ્વર્ગની અને ભોગી માટે નરકની કલ્પના

મે સાભળ્યુ છે કે એક પાદરી એક ચર્ચમા લોકોને સમજાવી રહ્યો હતો, નરકથી ડરાવી રહ્યો હતો કે ત્યા કેવી કેવી મુસીબતો હશે. જ્યારે ક્યામતનો દિવસ આવશે ત્યારે પાપીઓ ઉપર એટલી ભયંકર ઠંડી પડશે કે એમના દાત ખખડી જશે.

મુલ્લાં નસરુદ્દીન પણ એ સભામા હતો એ ઊભો થઈ ગયો. એણે કહ્યું, પણ મારા તો દાત પડી ગયા છે, તેનું શું ?

પેલા પાદરીએ કહ્યુ કે, ગભરાશો નહિ, False teeth will be provided, બનાવટી દાતનુ ચોકઠું તમને આપવામા આવશે, ને તે ખખડશે.

સાધુ, કહેવાતા તપસ્વીઓ, તમને નરકમા મોકલવાની યોજનામા લાગેલા છે, એમનુ ચિત્ત તમારા નરકની બધી વ્યવસ્થા કરી રહ્યું છે સાચુ તો એ છે કે નરકમા જે કષ્ટ આપવાની વ્યવસ્થા છે, તે કહેવાતા, જૂઠા તપસ્વીઓની કલ્પના છે, fantasy છે

એ કહેવાતો તપસ્વી વિચારી જ નથી શકતો કે તમને પણ સુખ મળી શકે છે. તમે અહી ઘણુ સુખ લઈ રહ્યા છો એ જાણે છે કે એ સુખ છે અને એ પોતે અહી ખૂબ દુઃખ લઈ રહ્યો છે તો ક્યાક તો સતુલન (balance) કરવુ જ પડશે. એણે અહીં ઘણુ દુઃખ ભોગવ્યુ છે, એટલે એ સ્વર્ગમા સુખ મેળવશે. તમે અહી સુખ ભોગવો રહ્યા છો, એટલે તમે નરકમા સડશો અને દુઃખ ભોગવશો.

ઘણી મજાની વાત એ છે કે એના સ્વર્ગનુ સુખ એ તમારા જ સુખોનુ વિસ્તૃત (magnified) રૂપ છે તમે જે સુખ અહી માગી રહ્યા છો, એ જ સુખ વધુ વિસ્તીર્ણ રૂપમા એ સ્વર્ગમા ભોગવશે અને મજાની વાત છે કે એ જ તપસ્વીઓ પોતાની આસપાસ અગ્નિ સળગાવીને બેસે છે. બદલામા તેઓ તમને નરકમા સડાવશે.

[illegible] જરૂર તેને [illegible] પણ આજના શ્રીમંતોને [illegible] તો આવા [illegible] તેથી તે [illegible] નથી [illegible] શારીરિક [illegible], ઉલટી હાનિ થાય છે અને પરિણામે [illegible] પડે છે. આજના શ્રીમંત બીજાની સેવા કરવાનું તદ્દન ભૂલી ગયા છે. તેઓ તો બંગલાને [illegible], મોટર [illegible] એમાં જ પોતાની શ્રીમંતાઈ માને છે. ગાય-ભેંસને પાળવાથી મચ્છર થાય છે માટે બહારથી વેચાતુ દૂધ ખરીદી લેવું એમા પોતાની મોટાઈ માને છે. પણ ગાયને પાળવાથી મચ્છર થાય છે એમ કહેતા હોય તો ગાય ન રાખવા છતાય બંગલામાં મચ્છર ક્યાથી આવે છે ? તમે શ્રીમન્ત છો તો તમારી શ્રીમતાઇનો બીજાની સેવા કરવામાં ઉપયોગ કરો તો તો તમે સાચા શ્રીમન્ત અથવા મોટા છો નહિ તો તમારી શ્રીમતાઇ ઘોડાના પૂછડાની માફક શા કામની ? ભલે આજકાલ મોટા મોટા બંગલાઓ બનાવવામાં, બે ચાર કુતરાઓ પાળવામા કે મોટરગાડી રાખવામા અને તેને ચારે બાજુ ફેરવી લોકો ઉપર ધૂળ ઉડાવવામા શ્રીમતાઇ દેખાતી હોય, પણ જ્ઞાનીઓની દૃષ્ટિમા એ સાચી શ્રીમંતાઇ નથી પણ જે લોકો જનસમાજની વધારેમા વધારે સેવા કરે છે તે જ સાચા શ્રીમંત છે અને તેમની આવી શ્રીમંતાઇ જ લોકોને હિતકારી છે મનાના સતત પ્રયત્નથી તે ગામમાથી દારૂ, પરસ્ત્રીગમન, ચોરી વગેરે પાપનુ ભૂત નાસી ગયુ મઘાએ ગામ-લોકોને એ પણ શીખડાવ્યુ કે, તમારે એટલો બધો ખર્ચ ન રાખવો જોઇએ કે જેથી તમારે કરજ કરવુ પડે. આવક પ્રમાણે જ ખર્ચ રાખવુ કદાચિત કરજ કરવુ પડે તો સમય પહેલા તે કરજ ચુકવી

નવાઈની વાત છે કે વાત્સાયને પોતાના કામસૂત્રમા સ્ત્રીનાં અંગોનુ એવું સુંદર અને રસપૂર્ણ ચિત્રણ નથી કર્યું કે જેટલુ તપસ્વીઓએ સ્ત્રીનાં અંગોની નિંદા કરવા માટે પોતાનાં શાસ્ત્રોમાં કર્યું છે વાત્સાયનની પાસે એટલો રસ હોઈ પણ શકતો નથી. કેમ કે એટલો રસ પેદા કરવા માટે વિપરીત જવું જરૂરી છે.

એટલા માટે એ ઘણી મજાની વાત માલૂમ પડે છે કે ભોગીઓની આસપાસ કોઈ નગ્ન અપ્સરાઓ આવીને નાચતી નથી તેઓ ફક્ત તપસ્વીઓની આસપાસ આવીને જ નાચે છે. તપસ્વી વિચારે છે કે એ એમના તપને ભ્રષ્ટ કરવા માટે જ આવી હોય છે. પણ જેને મનોવિજ્ઞાનની થોડી પણ ખબર છે, તે જાણે છે કે તપસ્વીઓને ભ્રષ્ટ કરવા માટે આ લોકમાં ક્યાંય અપ્સરાઓની કશી વ્યવસ્થા નથી. અસ્તિત્વ તપસ્વીઓને ભ્રષ્ટ શા માટે કરવા ઇચ્છે? કોઈ કારણ જ નથી. જો પરમાત્મા હોય, તો પરમાત્મા પણ તપસ્વીઓને ભ્રષ્ટ કરવામા રસ શા માટે લે? અને આ અપ્સરાઓ શાશ્વત રૂપથી શું એક જ ધંધો કરશે — તપસ્વીઓને ભ્રષ્ટ કરવાનો? એમને શું બીજું કોઈ કામ જ નથી? એમના જીવનનો પોતાનો કોઈ રસ નથી?

ના, મનોવૈજ્ઞાનિક કહે છે કે તપસ્વી જેના રસની સામે આટલું ઝૂઝે છે તે જ રસ પ્રગાઢ થવો શરૂ થઈ જાય છે. જો તપસ્વી કામ સાથે લડે છે, તો તેની આસપાસ કામવાસના રૂપ ધારણ કરીને ઊભી થઈ જાય છે, એ એને ઘેરી લે છે. એ જેની સાથે લડી રહ્યો છે, એને જ એ પ્રક્ષેપ (project) કરી લે છે. એ અપ્સરાઓ કોઈ સ્વર્ગમાથી નથી ઊતરતી, તેઓ તપસ્વીના સંઘર્ષરત મનમાથી ઊતરે છે. તે અપ્સરાઓ એના મનમા જે છુપાયેલુ છે, એને બહાર પ્રગટ કરે છે. એ જે ઇચ્છે છે, અને જેનાથી એ પાછો ભાગ્યો પણ રહે છે, એનું જ સાકાર-રૂપ તે અપ્સરાઓ છે. એ જે માગે છે અને પાછો જેની સાથે લડે પણ છે, એ જેની સાથે

હતો. તેની પાસે [illegible] હતો કે, તે લોકોને દર્શન આપવા [illegible] ત્યારે લોકો તેના દર્શનાર્થે આવતા ત્યારે તે એમ જ કહેતો કે, તમે તમારા ઘરની બધી વસ્તુઓ બરાબર સાફ રાખો તો એ જ મારું દર્શન છે.

એ તો મારે પણ કહેવું પડશે કે, અહીંના લોકો બાગમાં, મેદાન અને મારવાડ કરતાં સઘળી તથા વસ્તુની સફાઈ વધારે રાખે છે. પણ સાથે સાથે મારે એ પણ કહેવું જોઈએ કે, ઘર જેવું સાફ રાખો છો તેવી શેરીઓને સાફ રાખતા નથી. શેરીમા બહુ જ ગંદકી રહે છે ઘરનો બધો કચરો શેરીના નાકે ફેંકવામાં આવે છે એટલે ગંદકી વધારે થાય છે. તમે તો જોડા પહેરો છો એટલે તમને ગંદકીનો ખાસ ખ્યાલ આવતો નથી, પણ અમે જોડા પહેરી શકતા નથી એટલે ગંદકી કેટલી બધી હોય છે તેનો ખ્યાલ અમને આવી શકે છે. અશુચિમા ચાલવાથી હિંસા થાય છે એમ શાસ્ત્રમા કહેલ છે. બીજા લોકો પણ અશુચિને અસ્પૃશ્ય જ માને છે તો પણ તમે શ્રાવકો થઈને કચરો શેરીના નાકે જ ફેંકો અને ગંદકીમા વધારો કરો તો કહેવું જોઈએ કે, તમે ગુરુની અને ધર્મની સેવા કેમ કરવી જોઈએ એ વાત બરાબર સમજ્યા નથી

મઘાની સત્પ્રવૃતિથી લોકોમા ખૂબ શાન્તિ પ્રસરી એટલે લોકોમા તે ખૂબ જ પ્રિય થઇ પડયો; પણ ગામમાં ત્રણ પ્રકારના લોકોને અપ્રિય અને ખારા ઝેર જેવો થઇ પડયો. એક તો દારૂ વેચનારા, બીજા રંડીબાજી કરનારા અને ત્રીજા કચેરીના રાજકર્મચારીઓ. આ ત્રણ પ્રકારના લોકો મઘાની સત્પ્રવૃતિથી ખૂબ જ નારાજ રહેતા. કારણ કે, ગામમા કોઇ દારૂ પીનાર રહ્યો ન હતો એટલે દારૂવાળાને કંઇ આવક થતી નહિ કોઇ રંડીબાજ માણસ પણ હતો નહિ

મેં કહ્યું, જો પ્રેમ બિલકુલ ન રહ્યો હોય, તો કલહ પણ ચાલુ રહી શકે નહિ. ઝઘડવા માટે પણ પ્રેમ જોઈએ. જોજે, થોડોઘણો પ્રેમ જરૂર હશે અને ઝઘડો જો મોટા પ્રમાણમા હશે, તો પ્રેમ પણ ઘણો હશે.

એણે કહ્યું, તમે કેવી ઊંધી વાત કરો છો? હુ તો છૂટાછેડા (divorce) લેવાનુ વિચારી રહી છું કે જલદી છૂટાછેડા લઈ લઉં.

મેં કહ્યું, "જેની સાથે આપણું બધન હોય તેને જ આપણે છૂટાછેડા આપવાનુ વિચારીએ છીએ. જેની સાથે બધન જ નથી હોતું એને છૂટાછેડા આપવાપણુ ક્યાથી હોય? વાત જ પૂરી થઈ જાય છે. છૂટાછેડા આપોઆપ થઈ જાય છે." આ એક વર્ષ પહેલાની વાત છે.

પછી હમણાં એક દિવસે મે એને પૂછ્યુ કે શી ખબર છે? એણે કહ્યું, "તમે કદાચ સાચુ કહેતા હતા. હવે તો ઝઘડો પણ નથી થતો, છૂટાછેડાની વાતનો ખ્યાલ તો દૂરની વાત છે. એની સાથે શી લેવા દેવા? એ વાત જ શાત થઈ ગઈ છે." સંબંધ જ ન રહી જાય તો શું તોડીશું?

જો તમે કોઈ વાસના સાથે લડી રહ્યા હો તો સમજવુ કે તમારો એ વાસનામા હજુ રસ કાયમ છે. જિદગી આવી ગૂચવણ-ભરેલી છે.

પરંતુ ફ્રોઈડે તો જીવનભરના, પચાસ વર્ષના અનુભવ પછી કહ્યુ (અને કદાચ પૃથ્વી પર એ એક જ માણસ મનુષ્યોના સંબધમા આ રીતે ઊંડો ઊતર્યો છે) કે જ્યાં સુધી પ્રેમ હોય છે, ત્યા સુધી ઝઘડો ચાલુ રહેશે. જો ઝઘડાથી મુક્ત થવુ હોય તો પ્રેમથી પણ મુક્ત થવું પડશે.

જો પતિ-પત્ની વચ્ચે પ્રેમ હોય, તો પ્રેમની તો આપણને ખબર નથી પડતી, કેમ કે એમનો પ્રેમ એકાંતમા પ્રગટ થતો હશે પરતુ ઝઘડાની તો આપણને ખબર પડે છે, કેમ કે ઝઘડો તો

વ્યાખ્યાન: જન સેવા (૩)*

પ્રાર્થના

મલ્લિ જિન બાલ બ્રહ્મચારી, 'કુંભ' પિતા 'પરભાવતિ' મૈયા,
તિનકી કુમારી; મલ્લિ જિન બાલ બ્રહ્મચારી. ॥ ટેક ॥

શ્રી મલ્લિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામા આવી છે. આ પ્રાર્થનામા ભગવાન મલ્લિનાથનું ચરિત્ર એવી રીતે બતાવવામા આવ્યુ છે કે, સાદો સીધો માણસ પણ એને સરલતાપૂર્વક હૃદયમા ઉતારી જીવનસુધાર અને આત્મકલ્યાણ કરી શકે છે.

આ પ્રાર્થનાદ્વારા મારી ભાવનાને એટલુ બધુ પોષણ મળ્યુ છે કે, જો આ પ્રાર્થનાના આધારે હુ મારી અપૂર્ણતા દૂર કરી લઉ તો પછી મારે કશુ કરવાનું બાકી ન રહે. આ પ્રાર્થનાદ્વારા મારી ભાવનાને કેવી રીતે પોષણ મળે છે તે વિષે હુ એટલુ જ કહેવા ચાહુ છુ કે, એક સિદ્ધ હોય છે, એક સાધક હોય છે અને એક સાધન હોય છે. સાધકે આત્મકલ્યાણ કરવા માટે અનેક

* સ્થળ:—રાજકોટ જ્યુબિલિ વૉનોટ હૉલ તા. ૪–૧૨–૧૯૩૬.

જીવન દ્વન્દ્વ છે અને જીવનનાં બધા રૂપ પોતાના વિપરીત સાથે બંધાયેલાં છે, પોતાના વિરોધીથી બંધાયેલા છે. આનો અર્થ એ થયો કે જે વ્યક્તિ જે ચીજ સાથે લડશે, જેનાથી વિપરીત એ ચાલશે એની સાથે જ બંધાયેલી રહેશે. એનાથી એ ક્યારેય છૂટી નહિ શકે. જો તમે ધન સાથે લડી રહ્યા છો અને ધનથી વિપરીત જઈ રહ્યા છો તો ધન તમારા ચિત્તને હંમેશા ઘેરીને રહેશે જો તમે અહંકાર સાથે લડી રહ્યા છો અને અહંકારથી વિપરીત જઈ રહ્યા છો, તો તમારો અહંકાર સૂક્ષ્મમા સૂક્ષ્મ થઈને તમારી ભીતર હંમેશા ઊભો રહેશે. એટલા માટે થોડું સંભાળીને લડવું, કેમ કે જેની સાથે આપણે લડીએ છીએ, તેની સાથે આપણે બંધાઈ જઈએ છીએ.

તપ આવી જ ભૂલોમા પડીને રુગ્ણ થઈ ગયુ છે. અને જેમને આપણે તપસ્વી તરીકે ઓળખીએ છીએ, તેમાંથી ૯૯ ટકા માનસિક ચિકિત્સા માટેના ઉમેદવાર છે. એમની માનસિક ચિકિત્સા થવી જરૂરી છે. અને ધ્યાનમા રહે, કામવાસનાથી છૂટવું આસાન છે, કેમ કે કામવાસના પ્રાકૃતિક છે. પણ જે કામવાસનાના વિરોધથી બંધાઈ ગયો છે, એનાથી છૂટવું મુશ્કેલ પડશે. કેમ કે એ પ્રકૃતિથી એક કદમ વધુ દૂર નીકળી જવાનું છે.

(૧૫) વિકૃતિ–પ્રકૃતિ–સંસ્કૃતિ

આને આપણે ત્રણ શબ્દોમાં સમજી લઈએ એકને હું કહુ છું, પ્રકૃતિ, જેને માટે આપણે કશું કર્યું નથી, પણ જે આપણને મળેલી છે. જો આપણે કાંઈ ખોટું કરીએ, તો જે આપણે કરી લઈશુ તેનું નામ છે વિકૃતિ અને જો આપણે કાંઈક કરીએ અને બરાબર કરીએ તો જે થશે તેનું નામ છે સંસ્કૃતિ.

પ્રકૃતિ પર આપણે ઊભેલા છીએ. જરાક ભૂલ થાય અને વિકૃતિમા ચાલ્યા જઈએ છીએ. સંસ્કૃતિમાં જવું ઘણું કઠણ છે. કેમ કે સંસ્કૃતિમાં જવા માટે વિકૃતિથી બચવું પડશે અને પ્રકૃતિની

નાખ્યું ને, ચારે બાજુ દુર્ગંધ ફેલાઈ ગઈ. રાજાઓ તો દુર્ગંધથી એવા ગભરાયા કે, પૂતળીની ઘૃણા કરતા બહાર નીકળવા લાગ્યા. ત્યારે ભગવાને જાણ્યું કે, રાજાઓને પ્રતિબોધ આપવાનો આ સમય ઘણો જ ઉપયુક્ત છે

ભગવાનની આ રચના ઉપર વિચાર કરવામાં આવે તો જાગૃતિ અને સુષુપ્તિ અવસ્થા વિષે પણ ઘણું જાણવાનું મળે. તમે લોકો જાગૃતાવસ્થાને બહુ મહત્ત્વ આપો છો પણ સુષુપ્ત અવસ્થાને મહત્ત્વ આપતા નથી. પણ જો તમને એક દિવસ પણ ઊંઘ ન આવે તો કેટલું કષ્ટ થાય? માટે અમુક અંશે સુષુપ્તિની પણ જરૂર રહે છે. ઊંઘમાં જે કાંઈ થાય છે તે સુષુપ્તિ અવસ્થાનું કામ છે. જાગતાં જે કાંઈ થાય છે તે જાગૃત વસ્થાનું કામ છે તમે બહારની રચના જુઓ છો પણ અંદરની રચના કેવી છે તે જોતા નથી. બહાર જે કાંઇ દેખાય છે તે કર્મનું ફળ છે પણ એ કર્મફળની પાછળ શું છે તેને પણ તપાસો. ભગવાને તે રાજાઓને પ્રતિબોધ આપતાં કહ્યું કે, "હે રાજાઓ તમે શા માટે વિમુખ થઇ બેઠા છો? જે તમને હમણાં જ પ્રિય લાગતી હતી તે અપ્રિય કેમ લાગવા લાગી? અત્યાર સુધી તમે બહારના રૂપને જ જોતા હતા, એટલે તમને તેનો મોહ હતો. પણ જ્યારે તમે અંદર પણ દષ્ટિ કરી ત્યારે તમને ઘૃણા પેદા થઇ માટે હવે તમે એ બરાબર જાણી લો કે,

महा असार उदारिक देही, पुतली इव प्यारी; ।
सग किया पटकै भवदुःखमे, नारि नरक-बारी. ॥

તમે બહારનું જ રૂપ જુઓ છો એટલા માટે ભાન ભૂલી જાઓ છો, પણ જ્યારે અંદર ડોકિયું કરો છો ત્યારે જેના ઉપર તમે મુગ્ધ થઇ જાઓ છો, તેની પણ તમને ઘૃણા થાય છે. કાલે શિલાલેખ

તમે એ જાણીને નવાઈ પામશો કે હમણા તેઓએ કેલિફોર્નિયામાં એક પ્રદર્શન યોજ્યું હતુ — જેવી રીતે સ્ત્રીઓની સુંદરતાની પ્રતિયોગિતા (beauty competition) હોય છે કે જેમા સુંદર સ્ત્રીઓને લગભગ નગ્ન ઊભી કરાય છે, તેવી રીતે 'હોમોસેક્સુઅલ્સો'એ ૫૦ નગ્ન યુવકોને ઊભા રાખીને પ્રદર્શન કર્યુ કે અમે આમા જ સૌંદર્ય જોઈએ છીએ, સ્ત્રીઓમા નહિ

ક્યારેય પશુઓમા આપણે આવું વિચારી શકીએ છીએ? પશુ અને 'હોમોસેક્સુઅલ્સ'? ના! (હા, ક્યારેક ક્યારેક એવું બને છે કે અજાયબઘરમા અને સર્કસમા પશુઓ 'હોમોસેક્સુઅલ્સ' થઈ જાય છે!)

ડેઝમન્ડ મોરિસે એક પુસ્તક લખ્યુ છે — ધી હ્યુમન ઝૂ (The Human Zoo — માણસોનુ અજાયબઘર) જેમા એણે લખ્યુ છે કે જે અજાયબઘરમાં પશુઓની સાથે થઈ રહ્યુ છે તે સમાજમા માણસોની સાથે થઈ રહ્યુ છે આ અજાયબઘર છે. આ કોઈ સમાજ નથી, 'ઝૂ' છે કેમ કે કોઈ પશુ જંગલમા પાગલ નથી થતુ. પણ અજાયબઘરમા પાગલ થઈ જાય છે કોઈ પશુ જંગલમા આત્મહત્યા કરતુ હજુ સુધી માલૂમ પડ્યું નથી. પરંતુ અજાયબઘરમા ક્યારેક ક્યારેક આત્મહત્યા કરી લે છે. પશુ વિકૃત નથી થતુ, કેમ કે તે પ્રકૃતિમા સ્થિર રહે છે.

(૧૭) મનુષ્ય પ્રકૃતિથી ઉપર ઊઠે છે—અતિક્રમણ કરે છે તો સંસ્કૃતિમાં પ્રવેશે છે.

માણસ બે પ્રકારની કોશિશ કરી શકે છે. જો તે પ્રકૃતિ સાથે લડવાની કોશિશ કરે તો, આજે નહિ તો કાલે પણ વિકૃતિમા સરી જશે અને યા તો પછી પ્રકૃતિનુ અતિક્રમણ કરવાની કોશિશ કરે તો એ સંસ્કૃતિમાં પ્રવેશ કરશે.

તપ અતિક્રમણ છે, વિરોધ નથી, નિરોધ નથી, સંઘર્ષ નથી — અતિક્રમણ (trancendance).

જોતા અંદર પણ નજર કરું છું અને એ જ કારણે હું મને તમારી ઉપર મોહ થયો નથી. જે થયું તે થયું. હવે તમે તમારા આત્માને જાગૃત કરી આત્મકલ્યાણ સાધો."

તમને પણ મારે એ જ કહેવાનું છે કે, તમે બહારના રૂપમાં જ ભાન ભૂલી ન જાઓ પણ અંદર શું તે પણ જુઓ અને ભગવાન મલ્લિનાથની પ્રાર્થના કરો તો તમારા ખોટા મોહનું ભૂત ભાગી જશે અને તમારા આત્માનુ કલ્યાણ થશે

મને આજે સવારની ભાવના ભાવતા એવો વિચાર થયો કે, જેમની સહાયતા લેવામા આવે છે તેમને ભૂલી જવું એ કેવી ગભીર ભૂલ છે ! હું અન્ન સિવાય દૂધ આદિ બીજા પદાર્થો લઉં છું. જે પદાર્થોની સહાયતાથી આ શરીર નભે છે તથા જેના આધારે હુ આત્મકલ્યાણ કરી શકુ છું, તે પ્રાણીઓના ઋણથી હુ કયારે મુક્ત થઇ શકીશ? જેમ મને બીજા પ્રાણીઓની સહાયતાની જરૂર પડે છે તેમ શુ તમારે સાહાયતાની આવશ્યક્તા નહિ હોય? આવશ્યકતા હોવા છતાં જો તેમના ઋણથી મુકત થવા માટે પ્રયત્ન ન કરતાં, ફરનીચરને ઉપરનુ પોલીશ લગાવવાની માફક જો બહારનુ ઉપરછલુ કામ કરવામા આવે તો તે શુ ઉચિત કહેવાય ? તમે તમારા બગલાને સાફસુફ રાખવા ચાહો છો, પણ જો તમે તમારું શરીર બરાબર સાફ ન રાખો તો બગલાને સાફ કરવાથી શુ વળ્યુ? તમે કબાટ વગેરે ફરનીચરને તો સાફ રાખો, પણ શરીર–સુધારા તરફ જરા પણ ધ્યાન ન આપો તો તે સુધાર છે કે બગાડ એ પણ વિચારવું જોઇએ. તમે જીવનની આવશ્યકતાઓ ઉપર તો બરાબર ધ્યાન આપતા નથી પણ બહારની કૃત્રિમતાને વધારવામાં જીવનને ખર્ચી નાંખો છો. જે પોતાની ગૃહિણીને ભૂલી જઇ સીનેમાની નટી પાછળ

જ્યા તમે છો ત્યાં બે ચીજો છે: તમે છો અને તમારી આસપાસ ઘેરાયેલું ખીણનું અધારુ છે. જો તમે ખીણના અધારા સાથે લડો છો, તો તમારે ખીણમા જ રહેવુ પડશે. જો તમે ખીણના અધારા સાથે લડતા નથી, તમારી ભીતરના સ્વયંને ઊર્ધ્વગમન પર લઈ જાઓ છો, તો ખીણના અધારા પર ધ્યાન આપવાની જરૂર નથી.

જ્યાં આપણે ઊભેલા છીએ, ત્યા ચારે બાજુએ ભોગની વૃત્તિઓ છે તેઓ પણ છે અને તમે પણ છો. ખોટા ત્યાગીનુ ધ્યાન વૃત્તિઓ પર હોય છે કે હુ આ વૃત્તિને કેવી રીતે મિટાવુ. સાચા ત્યાગીનુ ધ્યાન સ્વયં પર હોય છે કે હુ આ વૃત્તિની ઉપર કેવી રીતે ઊઠી જાઉ. આ ભેદને બરાબર સમજી લઈએ. કેમ કે આ બનેની માત્રા અલગ હશે, બનેના નિયમ અલગ હશે, બંનેની સાધના અલગ હશે, બનેની દિશા અલગ હશે, બનેનુ ધ્યાન અલગ હશે

વૃત્તિની સાથે જે લડી રહ્યો છે, એનુ ધ્યાન વૃત્તિ પર હશે. સ્વયને જે ઊંચે ઉઠાવી રહ્યો છે એનુ ધ્યાન સ્વયં પર હશે જે વૃત્તિ સાથે લડી રહ્યો છે એનુ ધ્યાન બહિર્મુખી હશે. જે સ્વયને ઊર્ધ્વગમનની દિશામા લઇ જાય છે એનું ધ્યાન અતર્મુખી હશે. અને એક મજાની વાત એ છે કે ધ્યાન ભોજન છે. જે ચીજ ઉપર તમે ધ્યાન દો છો, એને તમે શક્તિ આપો છો.

(૧૯) પાવલિટા અને વિલિયમ રેકનાં યંત્રો—ધ્યાન (attention) દ્વારા શક્તિ એકત્ર કરવા માટેનાં

હુ પાવલિટાની વાત કરી રહ્યો હતો. એ એક વિચારક અને વૈજ્ઞાનિક છે. એની પાસે નાના નાના યત્રો છે. એ કહે છે, પાચ મિનિટ સુધી આખો તાકીને એ યત્રોને જોતા રહો અને એ યત્ર તમારી શક્તિને ગૃહીત કરી લે છે

અમેરિકામાં એક ઘણો અદ્દભુત માણસ હતો, જેને અમેરિકન સરકારે બે વર્ષની સજા કરી એ માણસ હતો વિલિયમ રેક. આ સદીમા જે લોકોના પાસે અંતર્દષ્ટિ હતી તેમાંનો એ એક

વિસ્તૃત કરીને તમને કહી સંભળાવું છું. પણ આ કથા તો પ્રાચીન જ છે. જ્યારે લોકો અહંકારની વસ્તુઓ ઉપર જ્યારે મુગ્ધ બની જાય છે ત્યારે મહાપુરુષો એ અહંકારની વસ્તુ પાછળ રહેલા તત્ત્વને જગત સમક્ષ મૂકે છે. જગતને કલ્યાણનો માર્ગ બતાવવો એ સાધારણ મનુષ્યનું કામ નથી પણ જેમણે અહંકાર ઉપર વિજય મેળવ્યો છે તે મહાપુરુષો જ જગતને કલ્યાણનો માર્ગ બતાવી શકે છે અને તેનો સુધાર કરી શકે છે.

મઘાએ અહંકાર ઉપર વિજય મેળવ્યો હતો. તે લોકોની નિંદા કે ઘૃણાથી ગભરાતો નહિ તેમ 'મારી નિંદા શા માટે કરો છો' એમ કોઇની સાથે લડાઇ કરવા પણ તૈયાર થતો નહિ. પણ તે તો હમેશાં લોકનિંદાને જિતવાનો જ પ્રયત્ન કરતો જ્યારે કોઇ તેને એમ કહેતુ કે, 'તુ ઘણું જ ખરાબ કામ કરે છે, તુ લોકોને ઠગે છે,' ત્યારે તે એમ જ વિચારતો કે, પરમાત્માની પ્રાર્થનાને સફલ કરવાનો સમય નજદીક આવતો જાય છે સાચા ભક્તો પરમાત્માની પ્રાર્થના કરતાં કહે છે કે —

"मौसम कौन कुटिल खल कामी
तुम सें काह छिपाउं, कृपानिधि तुम उर अन्तर्यामी।"

આ પ્રમાણે જે ભક્તો પ્રભુપ્રાર્થના કરે છે તેઓમા સંસારના કેટલાક માણસોમાં પાપ ભરેલુ હોય છે, તેવું પાપ નહિ હોય, તોપણ તેઓ પાપને મોટું રૂપ આપી તેને દૂર કરવાની ભાવના રાખે છે. જે મોટા પાપી હોય છે તે આ પ્રકારની પ્રાર્થના જ કરી શકતો નથી જેનામાં થોડું પાપ હોય છે તે જ આ પ્રકારની પ્રાર્થના કરી શકે છે. જે પ્રમાણે કાળાં કપડાં ઉપર ડાઘ પડેલો

'ટ્રિક'ને ઘણી જલદી સમજી જાય છે. તમારી ૧૦૦માથી ૯૦ બીમારી ધ્યાનની આકાક્ષાઓથી પેદા થાય છે. કેમ કે બીમાર પડ્યા સિવાય ઘરમા તમારી તરફ કોઈ ધ્યાન આપતુ નથી

પત્ની બીમાર પડી જાય છે તો પતિ એના માથા પર હાથ મૂકીને બેસી જાય છે. બીમાર નથી પડતી તો એની તરફ જોતો પણ નથી પત્ની આ રહસ્યને જાણીબૂજીને નહિ, પણ અચેતનમાં સમજી જાય છે કે જ્યારે એને ધ્યાન જોઈએ, ત્યારે એણે બીમાર થવું પડશે. એટલા માટે કોઈ સ્ત્રી એટલી બીમાર નથી હોતી કે જેટલી એ દેખાય છે યા જેટલો એ દેખાવ કરે છે. યા જ્યારે એનો પતિ ઓરડામાં હોય છે ત્યારે એ જેટલી ઊંહકારા કરે છે અને અવાજો કરે છે તેટલા અવાજો એનો પતિ ઓરડામા નથી હોતો ત્યારે એ નથી કરતી. ત્યારે તો એ બિલકુલ પણ નથી કરતી. આના પર થોડું ધ્યાન દેવા જેવું છે કે શું કારણ હશે? આને બાળકો ઘણી જલદી શીખી જાય છે. જ્યારે તેઓ બીમાર હોય છે ત્યારે આખા ઘરનુ ધ્યાન (attention) એમના પર કેન્દ્રિત થઈ જાય છે. એક વખત આ વાત સમજમા આવી ગઈ કે ધ્યાન ખેચવા માટે બીમાર થવાનુ છે, તો જિંદગીભર એ બીમારીને આધાર બનાવી લે છે.

મનોવૈજ્ઞાનિકો સલાહ આપે છે, પરતુ એ સલાહ ઊલટી માલૂમ પડે છે. તેઓ કહે છે કે જ્યારે કોઈ બીમાર હોય ત્યારે જાણીબૂઝીને એના પર ઓછામાં ઓછું ધ્યાન આપવું. નહિ તો એના બીમાર થવાનુ તમે કારણ બનશો. જ્યારે કોઈ બીમાર હોય ત્યારે તો ધ્યાન આપવુ જ નહિ. સેવા કરવી, પણ ધ્યાન ન દેવું. ખૂબ તટસ્થભાવથી સેવા કરવી. બીમારીને કોઈ રસ દેવો ખતરનાક છે. આમ કરશો તો જિંદગીમા એ માણસ ઓછો બીમાર પડશે અને વધુ સ્વસ્થ રહેશે એના માટે ધ્યાન અને બીમારી જોડાઈને એકરૂપ નહિ થાય.

જે [illegible] [illegible] છે શું તે [illegible] નથી [illegible] છે. તે જ [illegible] ઉદ્ધોરવાનની સેવા કરે છે તે [illegible] બની જાય છે સાચો શ્રીમન્ત તો તે જ છે કે, જે સેવકને પણ શ્રીમન્ત બનાવી દે છે. કોઈ નોકરના પૂછડા જેવા [illegible] દેખાવવાળા પણ શ્રીમન્તો હોય છે પણ સાચો શ્રીમન્ત તો તે છે કે, જે આશ્રિતને પણ પોતાના જેવા બનાવી દે છે.

ભક્તો કહે છે કે, જ્યારે શ્રીમન્તો સેવકને પોતાની જેવા બનાવી દે છે તો શું પરમાત્મા પોતાના સેવકને પોતાના જેવા નહિ બનાવે! પરમાત્મા તો–જો સાચો સેવક હોય તો–પોતાના જેવા અવશ્ય બનાવી દે છે

મઘાએ પોતાના ૩૨ શિષ્યોને પોતાના જેવા બનાવી લીધા. તેઓ લોકોની સેવાદ્વારા શાન્તિ અને આનંદ અનુભવવા લાગ્યા અત્યારસુધી તો તેનુ કાર્ય વ્યવસ્થિત ચાલ્યુ અને તેના કાર્યદ્વારા તેમણે શાન્તિ અનુભવી. હવે એની સાચી પરિક્ષાનો કટાકટીનો સમય આવી પહોચ્યો. જે સાચો સેવક હોય છે તે, જેમ નિયમિત અભ્યાસ કરતો વિદ્યાર્થી પરીક્ષાથી ગભરાતો નથી તેમ, જીવન-પરીક્ષાથી પણ ગભરાતો નથી જે વિદ્યાર્થી નિયમિત અભ્યાસ કરતો નથી તે વિદ્યાર્થી પરીક્ષાને સમયે ડરવા લાગે છે અને હવે શુ કરવુ ! એવી ચિંતા કરે છે; પણ નિયમિત અભ્યાસ કરનાર વિદ્યાર્થી તો જેમ પરીક્ષા નજદીક આવતી જાય છે તેમ પ્રસન્ન થતો જાય છે, કારણ કે તે એમ સમજે છે કે, હવે હુ પરીક્ષામા ઉત્તીર્ણ થઇ પ્રમાણપત્ર મેળવીશ.

આ જ પ્રમાણે જે જ્ઞાની અને વિવેકશીલ લોકો હોય છે તે લોકો કષ્ટના સમયે ગભરાતા નથી, પરંતુ કષ્ટને પોતાની જીવન-

નામ પર હતુ પત્ની પણ ભયભીત થતી હતી પછી હવે એ નિવૃત્ત થઈ ગયો. હાથમાથી ધીરે ધીરે બધા સૂત્ર છૂટતા ગયા. હવે એ ખૂણામા બેઠા રહે છે. લોકો એવી રીતે પસાર થઈ જાય છે કે જાણે એ છે જ નહિ. તો એ ખાસે છે—ખોખારે છે, અવાજ કરે કે હુ પણ અહી છુ. પ્રત્યેક ચીજમા એ હઠ કરે છે (બુઢ્ઢાઓની હઠ માટે બીજુ કોઈ કારણ નથી હોતુ) કેમ કે હઠ કરીને જ એ બતાવી શકે છે કે 'હુ છુ' આ ઘણી દીન અવસ્થા છે, દયનીય અને ઘણી રુગ્ણ છે, દુ:ખદ છે, પરંતુ છે એ ઘરમા કોઈ એવી ચીજ ચાલવા નહિ દે કે જેમા એ સલાહ નહિ આપે આમ તો કોઈ એની સલાહ નથી માનતુ તે એ જાણે છે, અને એ આખો દિવસ કહે પણ છે કે કોઈ મારુ માનતુ નથી. તો પછી આખો દિવસ સલાહ દીધા શુ કામ કરે છે—જો કોઈ એનુ સાભળતુ ન હોય તો?

(૨૨) ધ્યાન ઓછું થવાને કારણે ઘટેલી ગાંધીજીની જીવનની આકાંક્ષા

ગાધીજી કહેતા હતા કે તેઓ ૧૨૫ વર્ષ જીવશે અને તેઓ જીવી શકત. જો ભારત સ્વતત્ર ન થાત, તો તેઓ ૧૨૫ વર્ષ જીવી શકત ભારત સ્વતત્ર થયુ એ વસ્તુએ પણ એમના મરણમા ફાળો આપ્યો—કેમ કે આઝાદી પહેલા જેઓ એમની વાત સાભળતા હતા, તેઓએ આઝાદી પછી એને સાભળવી બધ કરી દીધી. કેમ કે તેઓ પોતે જ તાકાતવાન થઈ ગયા. તેઓ પોતે જ સત્તા પર પહોચી ગયા.

તો ગાધીજીએ કહ્યુ કે હુ ખોટો સિક્કો થઈ ગયો છુ મારી વાત હવે કોઈ સાભળતુ નથી. તેઓ કહેતા કે કોઈ મારુ સાભળતુ નથી, હુ ખોટો સિક્કો થઈ ગયો છું હુ બોલ્યા કરુ છુ પણ કોઈ મારી ફિકર નથી કરતુ, કોઈ મારી સલાહ નથી માનતુ (તેમ છતાયે તેઓ સલાહ દીધા કરતા હતા) મરવા પહેલા જ એમણે કહેવાનુ શરૂ કરી દીધુ હતુ કે હવે મારી ૧૨૫ વર્ષ જીવવાની કોઈ આકાક્ષા નથી. પરમાત્મા મને જલદી ઉઠાવી લે તો સારું

ના [illegible], [illegible] તેનો [illegible] મોજશોખના ઉપભોગ ન કરીએ તો [illegible] જીવનનો નાશ થાય આ પ્રકારની દુર્ગુણોના [illegible] પર્વતોના પાડ્યા પોતાના પૈસાનો અને જીવનનો સર્વ નાશ કરી નાખે છે. એવું કહેવામાં આવે છે કે, જો પ્રજાપતિ નિવાકનો પુત્ર રાજા 'સુરા અને સુંદરી'ના ફંદામાં ન પડ્યો હોત તો તે 'બાપ કરતાં બેટા સવાયો નીકળ્યો', એ લોકોક્તિને સાર્થક કરી શકત. પણ તે સુરા અને સુંદરી પાછળ ગાંડો બની ગયો અને આખરે તેની બહુ જ દુર્દશા થઈ.

મઘાના શુભ પ્રયત્નથી ગામને તો શાન્તિ થઈ પણ દારૂ વેચનાર, રંડીઓ તથા રાજ્યકર્મચારીઓને તો તે અશાન્તિકર્તા થઈ પડયો. મઘો તો તેમને આંખમાં પડેલા કણાની માફક ખટકવા લાગ્યો. તેઓએ વિચાર્યું કે, આ મઘાને કારણે જ અમારો ધંધો રોજગાર ચાલતો નથી. લોકો ઉપર તેનો પ્રભાવ ઘણો છે એટલે તેના કહેવાથી કોઇ અમારે ત્યા આવતું નથી. માટે મઘો આપણા કામમાં બાધક છે એટલે તેને દૂર કરવો જોઇએ એમ વિચારી તેઓએ પોતાનું એક મંડલ ઉભુ કર્યું અને મઘાને દૂર કરવાનો ઉપાય વિચારવા લાગ્યા કે, રાજાને કહી મઘાને તથા તેના ૩૨ શિષ્યોને અહીથી ગામબહાર કાઢવા પણ મઘાનો તથા તેના ૩૨ સાથીઓનો કોઈ અપરાધ ઘડયા વિના રાજાને કહીશુ તો તેઓ કહેશે કે, મઘો તો સાધુપુરુષ છે તો તેને શા માટે ગામબહાર કાઢવો માટે રાજાને એમ કહેવુ કે, "આ મઘો તથા તેના સાથીઓ લૂટારાઓ છે અને તેમનાથી પ્રજાને પણ ઘણો જ ત્રાસ થાય છે તેમના ત્રાસ આગળ રાજસત્તાનુ પણ કાઇ ચાલતુ નથી" આ પ્રમાણે સાભળી રાજા મઘા ઉપર કુપિત થશે અને આપણી ઉપ

(૨૪) ટેલિપથીમાં ધ્યાન દ્વારા હજારો માઈલ દૂરથી શક્તિનું આદાન-પ્રદાન

મેં પાછળ નિકોલિયોવ અને કામિનિયોવનાં નામ લીધાં છે. આ બન્ને વ્યક્તિઓ 'ટેલિપથિક કોમ્યુનિકેશન'(વિચાર સંપ્રેષણ દ્વારા સંદેશવ્યવહાર)માં આ પૃથ્વી પર સૌથી વધુ નિષ્ણાત લોકો છે. નિકોલિયોવ વિચાર ફેંકે છે, 'બ્રોડકાસ્ટ' કરે છે અને હજારો માઈલ દૂર કામિનિયોવ એ વિચારને ઝીલે છે.

વૈજ્ઞાનિકોએ યંત્ર લગાવ્યા ત્યારે ઘણા નવાઈ પામ્યા કે જ્યારે નિકોલિયોવ વિચાર ફેંકે છે ત્યારે એની શક્તિ ક્ષીણ થાય છે. એની ચારે બાજુના યંત્ર બતાવે છે કે એની શક્તિ ક્ષીણ થઈ રહી છે અને જ્યારે હજારો માઈલ દૂર કામિનિયોવ વિચારને ગ્રહણ કરે છે, ત્યારે યંત્ર બતાવે છે કે એની શક્તિ વધી ગઈ. આ ઘણું આશ્ચર્યજનક છે!

હજારો માઈલ દૂર — જ્યારે કામિનિયોવ નિકોલિયોવની તરફ વિચાર ફેંકે છે, તો એને પૂછવામાં આવે છે કે તે શું કરે છે? એ કહે છે, "હું આંખો બંધ કરીને ધ્યાન કરું છું કે કામિનિયોવ મારી સામે હાજર છે—એ દૂર નથી, મારી સામે જ ઉપસ્થિત છે. હું મારું બધું ધ્યાન એના પર લગાવી દઉં છું. બધું ભૂલી જાઉં છું ફક્ત કામિનિયોવ રહી જાય છે અને જ્યારે કામિનિયોવ પ્રત્યક્ષ દેખાવા લાગે છે કે એ સામે ઊભો છે, ત્યારે હું એની સાથે બોલું છું" એ ધ્યાન (attention) આપી રહ્યો છે એની શક્તિ હજારો માઈલ દૂર બેઠેલી વ્યક્તિને પ્રાપ્ત થઈ જાય છે.

(૨૫) કોઈ પણ વૃત્તિ પર પક્ષમાં કે વિપક્ષમાં ધ્યાન દેવાથી એની શક્તિ ઘનીભૂત થાય છે—એ રીતે એનાથી મુક્ત ન થઈ શકાય.

જે ચીજ પર આપણે ધ્યાન દઈએ છીએ, ત્યાં જ શક્તિ સંગૃહીત થઈ જાય છે અને જ્યાંથી આપણે ધ્યાન હટાવી દઈએ છીએ, ત્યાંથી શક્તિ હટે છે અને વિસર્જિત થાય છે. જે વૃત્તિ પર તમે

[illegible]

મગધનરેશ તો ભોળા જેવા હતા. એટલે વિવેકબુદ્ધિ વાપરીને તે વિષે પૂર્વાપર કંઈ તપાસ કર્યા વિના કર્મચારીઓના કહેવા ઉપર વિશ્વાસ રાખી હુકમ આપી દીધો કે, 'એક સેનાની ટુકડી લઈ જાઓ અને જે લોકો રાજ્યવિદ્રોહ કરતા હોય તેમને પકડી અને લાવો.' રાજાનો આ નાદીરશાહી હુકમ સાંભળી રાજ્યકર્મચારીઓ ખૂબ જ પ્રસન્ન થયા અને 'મારી યુક્તિ કેવી સફળ થઈ' એમ પરસ્પર બડાઈ મારવા લાગ્યા.

રાજ્યકર્મચારીઓ પ્રસન્ન થતા અને અભિમાન કરતાં કરતા સેનાની ટૂકડી સાથે પોતાના ગામમાં આવ્યા.

માર્ગમા કર્મચારીઓએ સેનાને કહ્યુ કે, "જુઓ ! કોઇ બીજાની વાત સાંભળવા રોકાશો નહિ. તેમ કોઇને પૂછવા રોકાશો નહિ, નહિ તો એ બદમાશોને પકડી શકશો નહિ. તમારે તો અમે જેમના તરફ ઇશારો કરીએ તેમને પકડી લેવા. અમે પ્રગટરૂપે તમને કાંઈ નહિ કહીએ પણ ઇશારો કરીશુ જો અમે પ્રગટરૂપે એ બદમાશોના નામ આપીએ તો એ બદમાશો અમને જ મારી નાંખે. એ બદમાશો બહુ જ ચાલાક છે એ લોકોએ ગામના લોકોને પણ રાજ્યવિદ્રોહી બનાવી દીધા છે એટલે એ લોકો રાજ્યની પણ પરવા કરે એવા નથી. માટે કોઇની વાત ન સાભળતા અમે જેમના તરફ ઇશારો કરીએ તેમને તમારે પકડી લેવા" આ પ્રમાણે કર્મચારીઓએ સૈનિકોને ખૂબ જ ઉશ્કેર્યા. સૈનિકો કેવા ઉદ્ધત હોય છે એ તો તમે બધા જાણો છો

તપનું મૂળ સૂત્ર જ એ છે કે ધ્યાન ક્યાંક બીજે દો. જ્યાં તમે શક્તિને એકઠી નથી કરવા માગતા, ત્યાં ન આપો. ધ્યાનને જ ઉપર ઉઠાવો. જો કામવાસનાથી મુક્ત થવું હોય તો કામવાસના પર ધ્યાન જ ન દો પક્ષમા પણ નહિ અને વિપક્ષમા પણ નહિ પરંતુ તમારે ધ્યાન આપવું જ પડશે. કેમ કે ધ્યાન તમારી શક્તિ છે. એ કાર્ય માગશે.

(૨૬) તપનું મૂળ સૂત્ર—ધ્યાન માટે નવાં કેન્દ્ર નિર્માણ કરો, જેથી શક્તિ ઉપર વહેવા લાગે.

તપનું મૂળ સૂત્ર એ જ છે કે ધ્યાનને માટે નવા કેન્દ્ર નિર્માણ કરો. માણસની ભીતરમા નવા કેન્દ્રો છે. એ કેન્દ્રો પર ધ્યાનને લઈ જાઓ. જેવુ ધ્યાનને નવુ કેન્દ્ર મળી જાય છે, કે એ નવા કેન્દ્રમા જ શક્તિને ઉલેચવા લાગે છે અને જૂના કેન્દ્રોને તેથી મુક્તિ મળી જાય છે. પહાડ પર ચડાણ શરૂ થઈ જાય છે

આપણું કામવાસનાનુ કેન્દ્ર સૌથી નીચે છે ત્યાંથી આપણે પ્રકૃતિ સાથે જોડાયેલા છીએ. સહસ્રાર આપણું સૌથી ઊંચુ કેન્દ્ર છે. ત્યાંથી આપણે પરમાત્મા સાથે જોડાયેલા છીએ—દિવ્યતા સાથે, ભવ્યતા સાથે, ભગવત્-તા સાથે જોડાયેલા છીએ તમે ક્યારેય ખ્યાલ કર્યો છે કે તમારા મગજમા જ્યારે કામવાસનાનો વિચાર ચાલે છે, ત્યારે તમારુ કામ-કેન્દ્ર તત્કાળ સક્રિય થઈ જાય છે? અહીં વિચાર ચાલ્યો (વિચાર તો ચાલે છે મગજમા) અને કામ-કેન્દ્ર જે ઘણું દૂર છે, તે તત્કાળ સક્રિય થઈ જાય છે ઠીક આ જ વાત છે

તપસ્વી જેવું સહસ્રારની તરફ ધ્યાન દે છે, તેવું જ તેનું સહસ્રાર સક્રિય થવું શરૂ થઈ જાય છે. અને જ્યારે શક્તિ ઉપરની તરફ જાય છે તો પછી નીચેની તરફ નથી જતી. જ્યારે શક્તિને શિખર પર ચડવાનો માર્ગ મળી જાય છે, ત્યારે એ ખીણ છોડવા લાગે છે જ્યારે શક્તિનો પ્રકાશના જગતમા પ્રવેશ થવા લાગે છે,

શિષ્યોએ ઉત્તર આપ્યો કે, "આપ અમારી સાથે શું [illegible] છે. [illegible] તર્કવિતર્કને સ્થાન હોતું નથી. તર્કવિતર્ક તો વિદ્વાનો પરસ્પર કર્યા કરે છે. અમારો તો તમારી ઉપર વિશ્વાસ છે એટલે તમે જે પ્રમાણે કહેશો તે પ્રમાણે કરવા અમે તૈયાર છીએ."

મહાત્માએ કહ્યું કે, "તમે લોકોએ તો મારી ઉપર જ બધી જવાબદારી ટાળી દીધી છે. એટલે મારે તમને એટલું જ કહેવાનું છે કે, આજે આપણે મોટું કામ કરવાનું છે એટલે જે પ્રમાણે હું કરું તે પ્રમાણે તમારે કરતા આવવું. તેમા તમારે જરાપણ ડરવું નહિ તેમ પાછા પડવું નહિ હુ તમારી બધાની મોખરે રહીશ. હું જે પ્રમાણે કરું તે પ્રમાણે તમારે બધાએ કરવું એ નિશ્ચય કરો અને તેની પ્રતિજ્ઞા કરી લો."

શિષ્યો કહેવા લાગ્યા કે, "અમે તો બધુ કામ અમારી ઉપર લેવા ચાહતા હતા અને તમને જરાપણ કષ્ટ ન આપીએ એમ ઇચ્છતા હતા પણ જ્યારે તમે જ અમારી આગળ રહેવાના છો તો પછી તમારી પાછળ ચાલવામા અમે પાછા શા માટે પડીએ?"

જે પ્રમાણે યુદ્ધમાં સાચા સેનાપતિઓ આગળ રહે છે તેમ સાચા સેવકો પણ કષ્ટો સહન કરવામા હમેશા આગળ રહે છે. એ માટે મહાકવિ ભર્તૃહરિએ કહ્યુ છે કે —

सेवाधर्मः परमगहनो योगीनामप्यगम्यः ।

સેવાધર્મ એટલો બધો મુસ્કેલ છે કે, તે યોગીઓને માટે પણ અગમ્ય છે કારણ કે, સેવાધર્મનું પાલન કરવા માટે વીરતાની જરૂર રહે છે. બહારની વાતો કરવાથી કાઇ સેવાધર્મ પળાતો નથી.

માટે પાણી કોઈની મહેનત નથી માગતું, ખુદ પોતે જ વહેવા લાગે છે. એ એનો સ્વભાવ છે.

તેવી જ રીતે અગ્નિને જો નીચેની તરફ લઈ જવો હોય તો કંઈક વ્યવસ્થા કરવી પડશે. અગ્નિ પોતાની મેળે ઉપર જાય છે, એ ઊર્ધ્વગામી છે. એને તપ કહેવાનુ એ જ કારણ છે. કેમ કે ભીતરનો જે અગ્નિ છે, જે જીવનઅગ્નિ છે, એ સ્વભાવથી ઊર્ધ્વગામી છે. એક વાર જો તમને એના ઊર્ધ્વગામી હોવાનો અનુભવ થઈ જાય, તો પછી તેને ઉપર લઈ જવા માટેના તમારે કોઈ પ્રયાસ કરવા નથી પડતા. એ પોતાની મેળે ઉપર જવા લાગે છે

એક વાર જો સહસ્રાર તરફ તપસ્વીનું ધ્યાન ફેરવાઈ જાય, તો પછી એણે પ્રયાસ કરવો નથી પડતો. પછી એ અગ્નિ પોતાની મેળે ઉપર વધે છે. ધીરે ધીરે એ ભૂલી જ જાય છે કે શું નીચે છે, શુ ઉપર છે. ભૂલી જ જાય છે, કેમ કે પછી અગ્નિ તો સહજ જ ઉપર વહે છે. ઉપરની તરફ જવુ એ એનો સ્વભાવ છે.

(૨૮) જન્મોની આદતોના કારણે જીવનઅગ્નિને નીચેની દિશામાં લઈ જવો આપણને સરળ લાગે છે.

નીચેની તરફ લઈ જવા માટે ઘણુ આયોજન કરવુ પડે છે. પરંતુ આપણે નીચેની તરફ લઈ જવા માટે એટલા લાંબા વખતથી ટેવાયેલા છીએ કે જન્મોજન્મથી આપણો અભ્યાસ એને નીચેની તરફ લઈ જવાનો છે એટલા માટે જીવનઅગ્નિને નીચેની તરફ લઈ જવો, વસ્તુતઃ જે કઠણ છે તે આપણને સરળ માલૂમ પડે છે. અને ઉપરની તરફ લઈ જવો કે જે વસ્તુત સરળ છે, તે આપણને કઠણ માલૂમ પડે છે. કઠણતા આપણી આદતમા છે.

ક્યારેક ક્યારેક આપણી આદત એટલી સખત થઈને એમી જાય છે કે તે સ્વભાવને દબાવી દે છે. આદતોના કારણે આપણા બધાના સ્વભાવ દબાયેલા છે. જેને મહાવીર કર્મનો ક્રમ કહે છે તે આપણી આદતોનો ક્રમ છે. આપણે આદતો બનાવી રાખેલી છે

કરવી એની જવાબદારી આપણા ઉપર નથી. એની જવાબદારી તો આ ગુનાહ કરનારાઓ ઉપર છે."

સૈનિકોએ મઘાને તથા તેના શિષ્યોને કહ્યું કે "તમે લોકોએ આખા ગામ ઉપર જુલમ ગુજાર્યો છે માટે તમે આ હાથકડી તથા બેડી વગર વિરોધે પહેરશો તો અમે આનંદથી સાથે ચાલો. અમં રાજાએ તમને પકડવાની આજ્ઞા આપી છે."

સૈનિકોનું કથન સાંભળી મઘાએ તથા તેના શિષ્યોએ હા લાંબા કર્યા. સૈનિકોએ તેમને હાથકડી પહેરાવી દીધી. પછી પ લાંબા કરવાનું કહ્યું મઘાએ તથા તેના સાથીઓએ પગ લાંબા કર્ય એટલે સૈનિકોએ પગમાં પણ બેડી પહેરાવી દીધી. સૈનિકો બેડી ત હાથકડી પહેરાવી અભિમાનપૂર્વક આનંદ કરવા લાગ્યા. જ્યા મઘો તથા તેના સાથીઓ પણ હાથ અને પગમાં સત્યના આભૂષ પહેરવાં મળ્યાં એમ વિચારી હર્ષ પામવા લાગ્યા. ચોરી, અત્યાચ કે અન્યાય કરી હાથ પગમાં બેડી પહેરવી ખરાબ છે પણ અત્યાચ અનાચારને દૂર કરવા માટે કદાચ હાથકડી કે બેડી પહેરવી પડે સેવકોએ એમ સમજવું જોઇએ કે 'અમને સેવાના આભૂષ પહેરવાના મળ્યા છે.' સેવકોને આવા આભૂષણો વધારે શોભ આપનારા હોય છે

સૈનિકોએ જ્યારે મઘાને તથા તેના સાથીઓને પકડી હા પગમા બેડી પહેરાવી ત્યારે ગામના લોકો બધા એકત્રિત થઈ ગ અને મઘા સામું જોવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે, "મ જો થોડો ઘણો ઇશારો કરી દે તો આપણે આ આખી સેનાને મા નસાડી મૂકીએ કદાચ સેના આપણને મારવા દોડશે પણ આપણામાથી કેટલા જણાને મારશે! મઘાએ ઉસ્કેરાયેલા લોકો

કહેવાતો વિજય મેળવ્યો છે તે બિચારો પછી જીવનભર ભૂખ્યો રહેવાની કોશિશમા લાગ્યો રહે છે. કેમ કે એ ડરે છે કે અહી ભોજન મળ્યુ અને ત્મા વાસના ઊઠી. પણ એ નર્યું પાગલપણુ છે. કેમ કે વાસનાની બહાર તો થયા નહિ આ તો ફક્ત કમજોરીને કારણે વાસનાને શક્તિ નથી મળતી.

અસલમાં માણુસ જેટલી શક્તિ પેદા કરે છે, એમા કેટલીક તો જરૂરી હોય છે કે જે એના રોજના કામમા વપરાઈ જાય છે. અમુક ચોક્કસ પ્રમાણુમા કેટલીક કેલરી શક્તિ એના રોજના કામમા—ઊઠવામાં, બેસવામા નાહવામા, ખાવામા, પચાવવામા, દુકાનમા આવવા-જવામાં, સૂવામા વગેરેમા વપરાઈ જાય છે. એથી વધુ જે વધે છે, જે વધારાની (superfluous) છે તે એના એ કેન્દ્રને મળી જાય છે કે જેના પર તમારું ધ્યાન હોય છે. એમ માની લો કે તમારા રોજિંદા કાર્યમા એક હજાર કેલરી શક્તિ ખર્ચ થાય છે અને તમારા ભોજન અને તમારી વ્યવસ્થાથી બે હજાર કેલરી શક્તિ તમારા શરીરમા પેદા થાય છે તો તમારું ધ્યાન જે કેન્દ્ર પર હશે તે કેન્દ્ર પર એ વધારાની એક હજાર કેલરી શકિત, જે બચી છે તે દોડી જશે. એ શક્તિ વાપરવાનો બીજો કોઈ રસ્તો નથી.

ધ્યાન જ રસ્તો છે કે જેના દ્વારા એ જશે. એને કાંઈ ખબર નથી કે કયા જવાનુ છે. તમારું ધ્યાન એને ખબર આપે છે કે કયા જવાનુ છે અને ત્યા એ ચાલી જાય છે. હવે જો તમારે ખોટા તપમા ઊતરવુ હોય તો તમે એટલુ જ ભોજન કરો કે તમારી એક હજાર કેલરીથી વધુ શક્તિ પેદા ન થાય. તો પછી તમને બ્રહ્મચર્ય સધાયેલુ માલૂમ પડશે કેમ કે તમારી પાસે વધારાની શક્તિ બચતી જ નથી કે જે કામ-કેન્દ્રને (sex-centre) મળી જાય. હજાર કેલરી શક્તિ પેદા થાય છે અને તમે હજાર કેલરી ખર્ચ કરી નાખો છો. એટલા માટે તપસ્વી ભોજન ઓછુ કરી દે છે, પગે ચાલવા લાગે છે. શ્રમ વધુ કરે છે અને ભોજન ઓછુ

ક, " આપ ! ગભરાઓ [illegible] ન [illegible]. આજે રાતનો અંધકાર છે તો કાલે મધ્યાહ્નમાં સૂર્યનો પ્રકાશ થશે અને આ આપત્તિનો અંધકાર દૂર થશે. જ્યારે આપણા સૂર્યનો ઉદય થશે ત્યારે બધાનું કલ્યાણ જ થશે. એટલા માટે આવા સમયે રોષ કે [illegible] કરવો ન જોઇએ, પણ ધૈર્ય ધારણ કરવું જોઇએ. જો આપણને મહાત્મા પ્રત્યે સાચું સન્માન છે તો મહાત્માએ જે શિક્ષા આપી છે તેને આપણે હૃદયમા ધારણ કરી તે પ્રમાણે કાર્ય કરવુ જોઇએ."

સૈનિકો મઘા વગેરેને લઇ રાજગૃહ આવ્યા. કર્મચારીઓ તો રાજાની પાસે પહેલેથી પહોંચી ગયા હતા. કારણ કે રાજાના કાન કોઇ ભંભેરી જાય તો ભોગ મરે એવો તેમને ભય હતો તેઓ રાજા પાસે આવી કહેવા લાગ્યા કે, " મહારાજ ! આપણો જય થયો છે. વિદ્રોહીઓ પકડાઇ ગયા છે. આપના તેજ્બળ આગળ તેમનુ શું બળ ચાલે ? આપણી સેના પણ બહુ જ કાબેલ છે. અને તેથી જ આ વિદ્રોહીઓ જલ્દી પકડી શકાયા છે. બાકી એ વિદ્રોહીઓને કાબુમા લાવવા એ કાઇ સરલ કામ ન હતુ ! "

સંઘબળનો ખરાબ કામમા પણ આ પ્રમાણે દુરુપયોગ કરવામા આવે છે પણ સંઘબળને ખરાબ કામમાં વેડફી ન નાખતા સારા કામમાં તેનો સદુપયોગ કરવો જોઇએ. લોકો બહુમતને મહત્ત્વ આપે છે પણ કોઈ ખરાબ કામ માટે બહુમત હોય તો તે ખરાબ કામને શું અપનાવવું જોઇએ ? જે ખરાબ કામ હોય છે તેનુ પરિણામ હમેશાં ખરાબ જ આવે છે, સારુ આવતુ નથી માટે ખરાબ કામમા કોઇ દિવસ સામેલ ન થવુ જે સારું કામ હોય છે તેનુ પરિણામ હમેશા સારું જ આવે છે. એ નિશ્ચય રાખજો કે,

सत्यमेव जयते, नानृतम् ।

મગ્ન છે. સંમેલન પૂરું થવાની તૈયારીમાં છે. તેઓ બેઠા બેઠા વાતો કરી રહ્યા છે. મોટી મોટી વાતો પૂરી થઈ ગઈ, નકલી વાતો પૂરી થઈ ગઈ. હવે તેઓ બેસીને અસલી ગપસપ કરી રહ્યા છે.

એક ૭૫ વર્ષનો બુઢ્ઢો ધર્મગુરુ કહે છે, "પૂરી થઈ એ બધી વાતો, લોકો સાંભળીને ગયા. પણ હું તમારી આગળ શું છુપાવું ? હું તો આશા રાખું છું કે તમે પણ નહિ છુપાવો. સારું તો એ થશે કે આપણે આપણી અસલ જિંદગી શું છે તે બતાવીએ. હું તો એક જ ચીજથી પરેશાન રહું છું. એ છે ધન. અને દિવસ-રાત ધનની વિરુદ્ધમાં બોલું છું. ધન પર મારી ઘણી પકડ છે. મારો એક પૈસો પણ ખોવાઈ જાય, તો આખી રાત મને ઊંઘ નથી આવતી અથવા જો એક પૈસો મળવાની પણ આશા બંધાઈ જાય, તો પણ હું આખી રાત ઉશ્કેરાટ(excitement)માં રહું છું અને ઊંઘ નથી આવતી. ફક્ત ધન જ મારી કમજોરી છે. ઘણું મુશ્કેલ છે. આની પાર હું નથી થઈ શક્યો. તમારામાંથી કોઈ પાર થઈ ગયો હોય તો બતાવો.

તેમણે કહ્યું, "પાર તો અમે પણ નથી થયા, અમારી પોતાની પણ મુસીબતો છે"

બીજાએ કહ્યું, "મારી મુસીબત તો આ અહંકાર છે. એને માટે હું જીવું છુ, એને માટે હું ઊઠું છું, એને માટે હું બેસું છું. એને માટે તો હું અહંકારની વિરુદ્ધ બોલુ છુ, પણ છે તો એ જ. આનાથી હું બહાર નથી નીકળી શકતો."

ત્રીજાએ કહ્યુ, "મારી તો કમજોરી આ કામના છે. આ સ્ત્રીઓ મારી કમજોરી છે. દિવસ-રાત હુ સમજાવું છુ, પ્રવચન કરુ છું, ચર્ચામાં બ્રહ્મચર્યની વ્યાખ્યા આપુ છું. પરંતુ જે દિવસે સ્ત્રીઓ સભામા નથી આવતી તે દિવસે બોલવાની મજા જ નથી આવતી. મને પોતાને બોલવામા કોઈ રસ નથી આવતો. જે દિવસે સ્ત્રીઓ આવે છે એ દિવસે મારો જુસ્સો જોવા લાયક હોય છે. એ દિવસે જ્યારે હું બોલું છું, ત્યારે વાત જ કોઈ બીજી હોય છે. પરંતુ હવે હું સારી

વ્યાખ્યાન: જન સેવા (૪)*

પ્રાર્થના

શ્રી મુનિસુવ્રત સાહબા, દીનદયાલ દેવા તણા દેવ કે,
તરણતારણ પ્રભૂ મો ભણી, ઉજ્જવલ ચિત્ત સમરૂં નિત્ય મેવકે,
શ્રી મુનીસુવ્રત સાહબા

શ્રી મુનિસુવ્રત ભગવાનની આ પ્રાર્થના કરવામા આવીછે. પોતાની લઘુતાનુ ભાન થવું એ પ્રાર્થના કરવાનો સાર છે. પરમાત્માની પ્રાર્થના કરવા માટે પોતાની મોટાઇ, પોતાનુ અભિમાન, પોતાનો અહંકાર વગેરેને છોડી દેવાં જોઇએ કારણ કે, ત્યારે જ પરમાત્માની પ્રાર્થના કરવાની યોગ્યતા પ્રગટે છે.

આ પ્રાર્થનામા પરમાત્માને 'દીનદયાળુ' કહેવામા આવ્યા છે. જ્યારે પરમાત્મા 'દીનદયાળુ' છે ત્યારે તેની પ્રાર્થના કરનારે દીન બનવું જોઇએ દીન બનીને જ જ્યારે પરમાત્માની પ્રાર્થના કરવામા આવે છે ત્યારે જ પ્રાર્થના કરવાની યોગ્યતા પ્રગટે છે. દીન બે પ્રકારે થવાય છે એક તો સાચા હૃદયથી દીન બનવું અને બીજુ દીન બનવાનો ઢોંગ કરવો પોતાનામા કયા પ્રકારની દીનતા છે

*સ્થળ:—રાજકોટ જ્યુબિલિ કોનોટ હૉલ તા ૫-૧૨-૧૯૩૬.

(૩૩) આપણી કમજોરી આપણી શક્તિના વ્યયનું કેન્દ્ર—તપ તેના રૂપાંતરણની પ્રક્રિયા

આપણી કમજોરી આપણી શક્તિના વ્યયનું બિંદુ છે. ભોગ હોય યા ભોગથી વિપરીત ત્યાગ હોય, બિંદુ એ જ બનેલું રહે છે. ધ્યાન ત્યાં જ કેન્દ્રિત રહે છે, શક્તિ ત્યાંથી જ વિસર્જિત થાય છે, બાષ્પીભૂત (evaporate) થાય છે. તપ ધ્યાનનું કેન્દ્ર બદલવાની પ્રક્રિયા છે.

આ પ્રક્રિયા પર હું કાલથી વાત કરીશ. કદાચ એના પર લાંબી વાત કરીશ. કેમ કે મહાવીરે તપના બાર ભાગ કર્યા છે અને એકેએક ભાગ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. તો કાલે વૈજ્ઞાનિક પ્રક્રિયાને આપણે સમજી લઈએ. પછી મહાવીરના તપના એકેએક ભાગ પર વાત કરીશું.



શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેવામાં આવ્યુ છે કે, માન, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસ એ પાંચ કારણોને લીધે પરમાત્માની ભક્તિ અને પ્રાર્થનાની શિક્ષા લઈ શકાતી નથી આ પાંચ કારણોને દૂર કરી પરમાત્માની શિક્ષાના પાત્ર બનો. જેમ સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં જ ટકી શકે છે, સામાન્ય પાત્રમાં ટકી શકતુ નથી તેમ પરમાત્માની શિક્ષા પણ યોગ્ય પાત્ર હોય તો જ તેમા ટકી શકે. સામાન્ય પાત્ર હોય તો પરમાત્માની શિક્ષા ટકી શકતી નથી માટે પરમાત્માની શિક્ષાના યોગ્ય બનવા માટે ક્રોધ, પ્રમાદાદિ દોષોને તજી દઇ આત્માને જાગ્રત કરવો જોઇએ પરમાત્માની શિક્ષાના પાત્ર બનવા માટે મેં તો દીક્ષા લીધી છે એટલે મારે તો પહેલાં શિક્ષાને પાત્ર બનવું જોઇએ. પરમાત્માની શિક્ષાના પાત્ર બનવા માટે આત્મા ક્રોધાદિ દોષોથી રહિત થયો છે કે નહિ એ પહેલા જોવું જોઇએ.

તમે લોકોએ વ્યાવહારિક શિક્ષા લીધી છે એટલે તમે થોડામા જ સમજી શકશો. મારે તમને એટલું જ કહેવાનુ છે કે, તમારી શિક્ષાનો દુરુપયોગ ન કરો, તેને ઉલટે માર્ગે લઇ ન જાઓ પણ તેનો આત્માના હિત માટે ઉપયોગ કરો.

પરમાત્માની શિક્ષાના પાત્ર બનવા માટે અને તેમની પ્રાર્થનાની યોગ્યતા મેળવવા માટે સર્વ પ્રથમ આત્મામા ક્રોધ, અભિમાન વગેરેનુ પાપ કેટલુ છે તે જોવાની જરૂર છે.

જો આ આત્મા ભલે ઉપરથી દેખાતી હિંસા કરતો ન હોય તો પણ એને એવુ અભિમાન હોય કે, 'હુ હિંસા કરતો જ નથી' તો એવુ અભિમાન પણ હિંસા છે. આ જ પ્રમાણે આ આત્મા ભલે ઉપરથી જૂઠુ બોલતો ન હોય પણ હુ જૂઠુ બોલતોજ નથી

શુભેચ્છા સાથે:—

"મહાવીરના પગમાં સાપ કરડે છે અને તેમાથી દૂધ નીકળે છે—આ ગાથાનું શારીરિક અર્થમાં કે તથ્યની રીતે કે ઇતિહાસની દૃષ્ટિએ કોઈ મૂલ્ય નથી. આ વાતમાં કોઈ મનોદશા ઉપર જ ભાર છે સાપ કરડે યા મહાવીરને કોઈ ઝેર આપે યા કોઈ એમને મારી નાખવા માટે પણ આવે તોપણ એમનું મન એક માતા વર્તે એનાથી જુદી રીતે વર્તી જ ન શકે. દૂધ નીકળે એનો ખરો અર્થ એટલો જ છે કે મહાવીરનું મન માતૃત્વથી ભરપૂર છે. માતા સિવાય બીજું કાંઈ એ થઈ ન શકે એમનું હોવું જ માતૃત્વમય છે. એમનો પ્રત્યુત્તર એક માતા જેવો હશે. તમે ગમે તે કરો, ઝેર આપો, દુશ્મનાવટ કરો કે મારો, એમના તરફથી તો પ્રેમ અને કરુણા જ નીતરતી રહેશે."

—શ્રી રજનીશજી
['મહાવીર · મારી દૃષ્ટિએ'માથી]

શુભેચ્છક મિત્ર તરફથી

લાગવા માટે કર્મો કર્યા તે જ ક્રિયાઓદ્વારા તે અવગુણોને ગાળવા નો ખ્યાલ નથી ને ? જેમ આજના લોકો માન દેખાડવા માટે બહાર ઘણાં સારાં પણ કોઈ પહેરે છે, તેમ શું આત્મા તું બીજાની આગળ માન દેખાડવા માટે અવગુણોને નાશ કરનારી ક્રિયાને અવગુણોને જ ઢાંકવા માટે તો નથી કરતો ને ? જો તું આવી જ ચાલાકી કરી નાશ જ આત્માને ઠગતો હો તો હવે એ ચાલાકી છોડી દે અને અવગુણોને ઢાંકવા માટે નહિ પણ તેને દૂર કરવા માટે ક્રિયાઓ કર તો તેમાં તારું જ કલ્યાણ છે"

જ્યારે લોકો બિમાર પડે છે ત્યારે કર્મનો દોષ કાઢે છે પણ જ્ઞાનીઓ કહે છે કે, કેવળ કર્મને દોષ દેવાથી કાંઈ રોગ ચાલ્યો જતો નથી પણ રોગનો નાશ કરવા માટે રોગના મૂળ–પાપનો નાશ કરવો જોઇએ. પાપને લીધે જ્યારે સંકટ માથે આવી પડે છે ત્યારે લોકો વધારે પાપ કરવા લાગે છે આ એ લોકોની ગંભીર ભૂલ છે. સંકટના સમયે ધૈર્ય રાખી પરમાત્માની સાથે પ્રેમસંબંધ જોડવો જોઇએ જ્યારે લોકો રોગી થાય છે ત્યારે તેમને ડૉક્ટર પ્રિય લાગે છે, વિદ્યા ઓછી હોય છે ત્યારે વિદ્વાન પ્રિય લાગે છે; ધનની જરૂર હોય છે ત્યારે ધનવાન પ્રિય લાગે છે, તે જ પ્રમાણે જ્યારે પોતાનામાં પાપ વધે ત્યારે પરમાત્મા પણ પ્રિય થવા જોઇએ જો પોતાના પાપોને જોઈ સંવેદના પ્રગટશે તો પરમાત્મા પ્રત્યે પ્રેમ પણ વિશેષ જાગશે. પણ લોકો પાપને છુપાવવા ચાહે છે, દૂર કરવા ચાહતા નથી. તેઓ પાપ કરતા જાય છે પણ પાપી કહેવડાવવા ચાહતા નથી પણ પાપને છુપાવવાથી પાપ ઘટતુ નથી ઉલટું વધે છે માટે પાપનુ નિરીક્ષણ કરી તેનો જેટલો પશ્ચાત્તાપ કરશો તેટલા તમે પરમાત્માની સમીપ જઈ શકશો. હુ બહેનોને પણ એ જ કહું છુ કે, પાપને છુપાવશો કે દબાવશો નહિ પણ પાપનુ પ્રાયશ્ચિત

નથી ત્યાંસુધી એમ કહી શકાય કે, હું પાપત્યાગી નથી! એટલા માટે મનના પાપોને હમેશા દૂર કરવા જોઈએ અને તે માટે હમેશા આત્માને જાગૃત રાખવો જોઈએ. જ્યારે આત્મા, મન, વચન અને કાયાના પાપોથી રહિત થઈ નિષ્પાપ બને છે ત્યારે પરમાત્માની નિકટતાને અને પ્રાર્થનાને યોગ્ય બને છે. આત્માને નિષ્પાપ બનાવવા માટે એક ભાવના હમેશાં ભાવવી જોઈએ. એ ભાવનાને કવિઓએ બહુ જ સરલ રીતે વ્યક્ત કરી છે. એ ભાવનાને તમે જ્યાં કઈ જવા ચાહો ત્યાં લઈ જઈ શકો છો. મારે તો એ ભાવનામાં શું તત્ત્વ રહેલું છે એ જૈનદૃષ્ટિએ સ્પષ્ટ કરવું જોઈએ. એ ભાવના કઈ છે? તે માટે કવિઓએ કહ્યું છે કે.—

सुनेरी मैंने, निर्बल के बल राम
पिछली साख भरू सन्तनकी आडे सँवारे काम,
जबलग गज बल अपनो बरत्यो नेक सर्यो नहीं काम
निर्बल है्ा बलराम पुकारे आये आधे नाम. सुनेरी०

આત્માને રામબલની આવશ્યકતા રહે છે એટલા માટે રામબલ આવે એવી હમેશા ભાવના ભાવવી જોઇએ. રામબલને આત્મબલ અથવા પરમાત્મિક બળ પણ કહી શકાય. નામમા ભેદ ગમે તે હોય પણ સાચી આત્મશક્તિને પ્રાપ્ત કરવાની ભાવના રાખવી જોઇએ.

જ્ઞાની લોકો દશરથના પુત્ર રામને જ રામ કહેતા નથી પરન્તુ તેઓ તો કહે છે કે,

रमन्ति योगिनो यस्मिन् इति रामः

અર્થાત્ —યોગી લોકો જેનામા રમણ કરે છે તે રામ છે. આ કથનથી દશરથના પુત્ર રામનો નિષેધ કરવામાં આવ્યો નથી પણ જેઓ વીતરાગ છે એ જ સાચા રામ છે એમ કહેવામાં આવ્યુ છે

આત્મામા તને કેડકારની અનેક વિવિધ વાતો જાગી રહી છે. પણ જેમ એક મ્યાનમા બે તલવાર રહી શકતી નથી તેમ આ આત્મામા કેડકારનો જે વિકાર ભરેલો છે તે ત્યાંસુધી દૂર કરવામા ન આવે ત્યાંસુધી આત્મામાં રામબલ કે પરમાત્મિક બલ કેવી રીતે પ્રગટી શકે? જેમ તમે કોઈ માણસને ઘેર આવવાનું નિમંત્રણ કરી રાખો તો આવી આવો, પણ ઘરના બધા બારી બારણા બંધ કરી રાખો તો નિમંત્રિત માણસ અંદર આવી શકે ખરો ' તે જ પ્રમાણે તમે રામબલને–પરમાત્મિકબલને તો ખૂબ ચાહો છો, પણ આત્મામાથી વિકારને તો દૂર કાઢતા નથી એવી દશામા રામબલ કેવી રીતે પ્રગટી શકે? માટે જો તમે આત્મામાથી વિકારશકિતને દૂર કરી દો, તો જેમ મઘામા રામબળ કે આધ્યાત્મિક બળ પ્રગટ્યુ હતુ તેમ પરમાત્મિક બળ તમારામા પણ પ્રગટ્યા વિના નહિ રહે.

મઘાનુ વૃત્તાન્ત

મઘાને તથા તેના સાથીઓને ભયંકર અપરાધીની માફક રાજાની સમક્ષ લાવવામા આવ્યા. રાજા કર્મચારીઓના વિશ્વાસમા આવી ગયો અને અપરાધની કશી તપાસ કર્યા વિના જોશમાં આવી જઇ કહેવા લાગ્યો કે, “પ્રજાને ત્રાસ આપનારા આવા લૂંટારાઓ મારા રાજ્યમા એક ક્ષણ પણ રહી શકે નહિ. એ લોકોને તો એવો સખત દંડ આપવો જોઇએ કે, તેમને જોઇ કોઇ એવા અપરાધ કરવાનુ સાહસ પણ ન કરે. આ રાજમહેલની સામેના મેદાનમા તે લોકોને સુવડાવો. હુ મહેલના ઝરૂખામાં જઈ બેસું છુ અને નગરજનોની સમક્ષ એ તેત્રીશે લુટારાઓનો હાથીઓના પગતળે કચ્ચરઘાણ કરાવી નાખો.”

એ લોકોએ શો અપરાધ કર્યો છે એ વિષે રાજાએ કશો વિચાર પણ ન કર્યો, પણ સત્તાના મદમા આવી જઇ કર્મચારી-

નહિ હૈ [illegible] [illegible] [illegible] નહીં સોના હોગા।
[illegible] મેં [illegible] [illegible] [illegible] નહીં સોના હોગા ॥
ભગવાન કો [illegible] અર્પિત હો સોના હોગા।
[illegible] [illegible] [illegible] સિર પર રખ ઢોના હોગા ॥
[illegible] [illegible], [illegible] ઢેરી પર [illegible] નહીં [illegible] હોગા।
બલિવેદી પર [illegible] [illegible] ચઢ કર [illegible] મરના હોગા ॥
નશ્વર હૈ નરદેહ, મૌતસે કભી નહીં ડરના હોગા।
સત્યમાર્ગ કો છોડ, સ્વાર્થ-પથ પર પૈર નહીં ધરના હોગા ॥
[illegible] નિશ્ચય જ્ઞાત ધર્મકી, સચ્ચી ભાવ ભરના હોગા।
માતૃભૂમિ કે લિએ, હર્ષ સે જીના ઔર મરના હોગા ॥

સાચી કસોટીના સમયે આવી શિક્ષા કેવીરીતે સમજાવવામાં આવતી હશે, અને તેની કેવી અસર પડતી હશે એ કોણ કહી શકે? આપણે તો એ શિક્ષાની નકલ કરનારા છીએ આ શિક્ષા આત્માની શક્તિની સાથે હૃદયપૂર્વક સમજાવવામાં આવતી હશે ત્યારે તેની સચોટ અસર પડે એ વિષે કહેવું જ શું?

આપણે પણ આપણા આત્માને સંકટમાં પડેલો માની આવી ઉચ્ચ ભાવના ભાવીએ તો આપણને આ ભાવનાનુ મહત્ત્વ સમજમા આવી શકે કોઈ કહે કે, અમારા આત્મા ઉપર એવુ શું સંકટ આવી પડયુ છે? આ પ્રશ્નનો જવાબ એ છે કે, આત્મા ઉપર પાપનુ સંકટ માથે આવી પડયુ છે. પાપના સંકટભયથી જ સાધુ કે શ્રાવક બને છે અમે પણ શાન્તિનું યુદ્ધ ખેડવા માટે જ સાધુ થયા છીએ ખાવાપીવા માટે નહિ. એટલા માટે પોતાના આત્માનું કલ્યાણ ચાહનાર દરેકે આવી ઉચ્ચ ભાવના ભાવવી જોઈએ

મહાત્માએ પોતાના શિષ્યોને આ પ્રમાણે શિક્ષા આપી કહ્યું કે -

'**भावनातश्चित्तप्रसादनम्,**' (નારદ ભક્તિ સૂત્ર)

કરે' એવા 'ભાવના ના ભરે છે?" તો શુ એ તમારી મહત્તા નથી? એટલા માટે મને તો મંડળનો ભય આવે તોપણ 'ભાવનાનઃ ચિત્તપ્રસાદન' એ કથાનુસાર ચિત્તને તો હમેશા પ્રસન્ન જ રાખવું જોઈએ. અત્યારે આના વિશે કહેવાનો વિશેષ સમય નથી. એટલે સૂત્રરૂપે જે કાંઈ સંક્ષેપમા કહેવામાં આવ્યુ છે તેને હૃદયમા ઉતારો તો પણ કલ્યાણ જ છે

મહારાજે પોતાના શિષ્યોને કહ્યુ કે, આ આપણા કાર્યનુ ફળ મળી રહ્યુ છે એમ માનશો નહિ. આ કષ્ટ તો આપણા કાર્યની પરીક્ષા છે, ફળ નથી. પ્રકૃતિ પાસેથી મને એવી શિક્ષા મળી છે કે, જ્યારે આંબામાં મંજરી આવે છે ત્યારે કોયલ કુહૂ-કુહૂ એમ મીઠા સ્વરે કૂજવા લાગે છે અને કાગડાઓ તેને મારવા માટે તેની પાછળ પડે છે પણ કોયલ એથી કાંઈ એમ વિચારતી નથી કે, કાગડાઓનુ મારવુ એ મારા સ્વરનુ ફળ છે? કાગડાઓ પાછળ પડવા છતા અને મારવા છતા પણ કોયલ તો મીઠા સ્વરે કૂજવાનુ છોડી દેતી નથી.

જ્યારે કોયલ પણ મારવા છતા બદલામાં મીઠો સ્વર સંભળાવે છે, ત્યારે તમારા જેવા વિવેકબુદ્ધિને ધારણ કરનારાઓને ગાળી ગાળીની સામે ગાળો ભાંડવી અને મારના બદલામા સામો માર મારવો એ શુ ઉચિત છે? ત્યારે કોઇ એમ કહે કે, "શુ ત્યારે અમારે ગાળો અને માર સહી લેવા? આ તો કાયરતા છે." આ ભૂલ છે સહિષ્ણુતા કેળવવામા કાયરતા નહિ પણ વીરતા છે જે વીર હોય છે તે જ સહિષ્ણુતાનુ મહત્ત્વ સમજી શકે છે અને તેને અપનાવી શકે છે

મહારાજે પ્રકૃતિની શિક્ષા સમજાવતાં આગળ કહ્યુ કે, "જુઓ! કોઇ ગમે તેવુ કરે તો પણ પ્રકૃતિ તો પોતાનો સ્વભાવ છોડતી નથી. આ જ પ્રમાણે તમે પણ તમારો સ્વભાવ છોડી વિભાવમા

આજે ધર્મની જે નિંદા કરવામાં આવે છે તે ધર્મની નહિ પણ તેના પાળનારાઓની નિંદા છે. જો ધર્મને પાળનારાઓ ધર્મનું બરાબર પાલન કરે તો, તેમનું ધર્મમય જીવન જોઈ ધર્મની નિંદા કરનારાઓની માન્યતા પણ ફરી જાય. જો શ્રી આચારાંગ સૂત્રમાં બતાવેલી ભાવનાને આત્મામાં સ્થાન આપવામાં આવે તો પાપ રહેવા પામે નહિ અને જ્યારે એ રીતે આત્મા નિષ્પાપ બની જાય ત્યારે તેનો પ્રભાવ પણ બીજા લોકો ઉપર પણ પડ્યા વગર રહે નહિ.

મવાએ તેમના શિષ્યોને ધર્મની મહત્તા સમજાવતા કહ્યું કે "ભાઈઓ! તમે એમ ન વિચારશો કે, આવા સંકટના સમયે આપણો કોઈ સહાયક કે રક્ષક નથી, કે બધા પાપના કે રાજાના જ સહાયક છે. અહીં તો પાપનું જ રાજ્ય છે અને રાજાના ડરથી કોઈ સહાય કરતુ નથી. પણ તમે એ વિશ્વાસ રાખો કે આપણો સહાયક અને રક્ષક કોઈક છે અને તે આપણો સત્યધર્મ છે."

તમે પણ ધર્મની મહત્તા ઉપર દૃઢ વિશ્વાસ રાખો અને બરાબર ધર્માચરણ કરતા જાઓ, પછી ગમે તેટલા યુવકો ધર્મનો ઉચ્છેદ કરવા તૈયાર થઈ જાય તોપણ ધર્મનો ઉચ્છેદ કોઈ કરી શકે એમ નથી. ગીતામાં પણ કહ્યું છે કે :—

नैन छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैन क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥–गीता

આ અત્માને કોઈ શસ્ત્રો છેદી શક્તા નથી તેમ કોઈ અગ્નિ પણ તેને બાળી શકતો નથી. આ આત્મા તેત્રીશ સાગરોપમ સુધી નરકની અવસ્થા ભોગવી આવ્યો છે છતાં તે અસ્તિત્વ ધરાવે છે ધર્મ આત્માનો સ્વભાવ છે જ્યારે આત્માનો સ્વભાવ આવો છે । પછી ધર્મને કોઈ કેવી રીતે નષ્ટ કરી શકે?

જાદુના પ્રભાવથી જ હાથી પાછો ભાગ્યો હોય ! ઠીક ! કાંઇ વાંધો નહિ બીજો હાથી લાવો અને એ હાથીદ્વારા એ લોકોનો કચ્ચરઘાણ કઢાવી નાખો."

રાજાના હુકમથી બીજો હાથી લાવવામાં આવ્યો પણ તે પણ પહેલા હાથીની માફક મઘાને સૂંઘીને પાછો ભાગી ગયો

આ પ્રમાણે ત્રીજો, ચોથો એમ ક્રમશઃ સાત હાથીઓ લાવવામાં આવ્યા પણ તે બધા પહેલા હાથીની માફક મઘાને સૂંઘીને પાછા ભાગ્યા.

રાજા આ બધી આશ્ચર્યજનક ઘટના જોઇ વિચારવા લાગ્યો કે, "આ કાંઇ જાદુની અસર નથી. આમા કોઇ બીજું કારણ હોવુ જોઇએ. એમ ધારી તેણે મઘાને પોતાની પાસે બોલાવવાની આજ્ઞા કરી."

રાજાના હુકમથી સિપાહી મઘાની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, "ઉઠો ! ઉઠો ! તમને રાજા બોલાવે છે."

મઘાએ કહ્યુ કે, "અમને બોલાવીને રાજા શું કહેવા ધારે છે ! અમે તો એ જ જોવા ચાહિએ છીએ કે, અમારામા પાપ છે કે નહિ ! અને જો પાપ હોય તો હાથી અમને કચડી નાખે એ જ સારુ છે."

સિપાઇએ કહ્યુ કે, "તમારે જે કાંઇ કહેવું હોય તે રાજાને કહેજો."

મઘાએ કહ્યુ કે, "ઠીક, ચાલો હુ ઉઠુ છુ."

મઘો ઉઠયો અને પોતાના શિષ્યોને કહેવા લાગ્યો કે, "હુ હમણા આવું છુ તમે લોકો આ જ પ્રમાણે સુતા રહેજો, જરાપણ ડરશો નહિ અને હુ તમને છોડીને ચાલ્યો જાઉ છુ એમ પણ ન માનજો. હુ હમણા જ પાછો આવું છુ."

"આ લોકોએ શો અપરાધ કર્યો હતો ? તેઓએ ગામના લોકોને શો ત્રાસ આપ્યો હતો ?"

કર્મચારીઓ રાજાનો આવો પ્રશ્ન સાંભળી વિચારમાં પડી ગયા અને જવાબ શું આપવો તેના વિમાસણમાં પડી ગયા.

કર્મચારીઓને વિમાસણમાં પડેલા જોઈ રાજા સમજી ગયો કે "આ કર્મચારીઓ જૂઠા છે." આ લોકોએ આના ઉપર ખોટો આરોપ મૂક્યો લાગે છે. માટે ગામના લોકોને આ વિષે પૂછી જોઉં તો ખબર પડે

રાજાએ ગામના લોકોને બોલાવ્યા અને તેમને પુછ્યુ કે, આ તેત્રીશ જણામાથી કોઈએ તમને હાનિ પહોંચાડી હોય કે બીજાને હાનિ પહોંચાડતા જોયા તો સાચેસાચું કહી બતાવો !

ગ્રામલોકોએ કહ્યુ કે, "મહારાજા ! એ લોકોએ અમારી એ જ હાનિ કરી છે કે અમને દારૂ પીતા, વેશ્યાગમન કરતા, જુગાર રમતા અને કલેશ–કંકાસ કરતાં અટકાવ્યા છે. બાકી અમારી કશી હાનિ કરી નથી."

રાજા ગ્રામજનોની આ વાત સાભળી આશ્ચર્યચકિત થયો અને કર્મચારીઓને કહેવા લાગ્યો કે, "આ લોકોએ શો અપરાધ કર્યો હતો તે તમે બતાવો. ગામના લોકોએ શું કહ્યુ તે તમે સાંભળ્યુ મે તમારા કહેવા ઉપર વિશ્વાસ રાખી આ નિર્દોષી લોકો ઉપર અત્યાચાર કર્યો તમે લોકોએ મારી સામે ખોટી ફરિયાદ કરી આ નિર્દોષી લોકોને સતાવ્યા તે બદલ તમને બધાને હાથીના પગ તળે કચડાવી નાંખવાનો દડ આપવો જોઇએ, કે જેથી ભવિષ્યમા કોઇ ખોટી ફરિયાદ કરવાનુ સાહસ ન કરે"

રાજાનો આ હુકમ સાંભળી મધો રાજાને વિનવવા લાગ્યો કે હે ! રાજન્ ! આપ આ શુ ગજબ કરી રહ્યા છો ?"

નાશ થાય છે. આપે અજ્ઞાનને કારણે જ પાપ કર્યું હતું. હવે આપનું અજ્ઞાન ટળ્યું છે અને જ્ઞાન પ્રગટ્યું છે, એટલે હવે જ્ઞાનપૂર્વક પાપનો પશ્ચાત્તાપ કરશો તો પાપનો નાશ અવશ્ય થશે. તો પછી પાપના પ્રાયશ્ચિત્ત માટે દાસીના પગતળે કચરાઇ જવાની તમારે જરૂર નથી."

આપણે પણ આપણા પાપના પ્રાયશ્ચિત્તરૂપે પશ્ચાત્તાપ કરવો જોઇએ અને પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરવી જોઇએ કે,

'हूं अपराधी अनादिनो जनम जनम गुना किया भरपूर के'

આ પ્રમાણે પોતાને અપરાધી માની પોતાના પાપોને ધોવા માટે પશ્ચાત્તાપ કરશો તો તમે પણ નિષ્પાપ અને પવિત્ર બની શકશો.

મઘાએ રાજાને કહ્યું કે, "અજ્ઞાનને લીધે આ પ્રકારના અનેક જોરજુલ્મો થયાં હશે, પણ હવે એ અજ્ઞાન ટળ્યું છે, અને જ્ઞાન પ્રગટ્યું છે, તો એ બધાં જોરજુલ્મોને દૂર કરી તમે પવિત્ર બનો અને પછી બીજાને પણ તમારા જેવા પવિત્ર બનાવો."

રાજા કહેવા લાગ્યો કે, "હે મઘા ! તમે એવા સત્પુરુષ છો કે, સાક્ષાત્ ઇશ્વર જ સામે ઉભા હોય એમ લાગે છે. જ્યારે તમને જોઉં છું ત્યારે ઇશ્વરને જોતા હોઉં એમ લાગે છે. ખરેખર, તમે આત્મબળને પ્રાપ્ત કરી શકયા છો."

આ પ્રમાણે કહીને રાજા મઘાનો હાથ પકડી, "રાજ્ય સિંહાસન ઉપર તમે બેસો અને હુ તો તમારી સામે જમીન ઉપર બેસવાને યોગ્ય છુ" એમ તેમને કહેવા લાગ્યો.

મઘાએ કહ્યું કે, "રાજ્યનો ભાર મારી ઉપર લાદો નહિ, કારણ કે હુ રાજ્યનો ભાર માથે લઇશ તો હુ જે સેવાનું કાર્ય કરી

મઘાએ કહ્યું કે—આ ઠીક છે, પણ આ કહેતા પહેલાં તો તમે પોતે નિર્દોષ કે પવિત્ર છો કે નહિ એ જોવાની જરૂર છે. જો તમે પોતે પવિત્ર નથી તો પછી બીજાને દોષ જ કેમ આપી શકો ? સિદ્ધાન્ત તો એવો છે કે,

'सत्य शिवं सुन्दरम्'

જે સત્ય છે તે જ શિવ-કલ્યાણકારી છે અને જે શિવ છે તે જ સુંદર છે. જેનામા વિકાર નથી પણ સત્ય છે તે જ સુંદર અને કલ્યાણકારી છે. એટલા માટે બીજાના દોષો ન જોતા સત્યને પોતાના જીવનમાં સ્થાન આપો તો જેટલા પ્રમાણમા સત્યને સ્થાન આપશો તેટલા પ્રમાણમા કલ્યાણ પણ અવસ્ય થશે.

રાજાએ મઘાને કહ્યુ કે, ' આ રાજ્યની લગામ તમે તમારા હાથમાં લો અને રાજ્યશાસન કેવી રીતે કરવુ તે મને બતાવો."

મઘાએ જવાબ આપ્યો કે, " હે ! રાજન્, તમારે રાજ્યશાસન કેમ ચલાવવું તે જ જોવું છે ને ! તો ઠીક છે. હુ જરુર બતાવીશ."

આજે મઘાના જેવા સાચા પ્રજાસેવક કર્મચારીઓ મળતા નથી અને શોધ્યા જડતા નથી. આજના કર્મચારીઓ તો સર્વપ્રથમ પોતાના બગલાને સુશોભિત કરે છે. આવા લોકો રાજ્યની સેવા કરે છે કે પોતાના પેટની સેવા કરે છે એ કહેવું મુસ્કેલ છે, પણ એટલુ તો કહેવું જોઇએ કે, જેઓ પોતાના પરિશ્રમથી ઉપાર્જન કરી ખાય છે અને પ્રજાની સેવા કરે છે તેવા કર્મચારીઓની રીતિનીતિ તો કોઈ જુદા જ પ્રકારની હોય છે.

રાજાએ મઘાને પોતાનો પ્રધાન બનાવ્યો અને મઘાના ૩૦ શષ્યોને કર્મચારી બનાવ્યા એવો ગ્રન્થોમાંથી ઉલ્લેખ મળે છે.

વ્યાખ્યાન : માનવધર્મ*

પ્રાર્થના

ચેતન જાણ કલ્યાણ કરન કો, આન મિલ્યો અવસર રે,
શાસ્ત્ર પ્રમાન પિછાન પ્રભૂ ગુન, મન ચંચલ થિર કર રે,
શ્રેયાંસ જિણંદ સુમર રે ॥ ૧ ॥

શ્રી શ્રેયાંસનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે. આત્માએ પરમાત્માની પ્રાર્થના શા માટે કરવી જોઇએ? એ વિષે યથાસાધ્ય હું કાંઇક કહેતો જ રહું છું. આજે જો કે મારે 'માનવધર્મ' એ વિષય ઉપર બોલવાનું છે પણ પ્રાર્થના એ મારા આત્માનો વિષય છે અને પ્રાર્થના કરવી એ પણ માનવધર્મ છે, એટલા માટે એ વિષે થોડુંક કહું છું.

આ પ્રાર્થનામાં 'હે! આત્મા ઉઠ! જાગ! અને પરમાત્માનું સ્મરણ કર' એમ કહેવામા આવ્યું છે તો એ ઉપરથી એવો પ્રશ્ન ઉભો થાય છે કે, પરમાત્માની પ્રાર્થના શા માટે કરવી?

---

* સાં ૧૯૯૨ના શ્રાવણ શુદી ૮ ને રવીવારના રોજ શ્રી રાજકોટ દશા શ્રીમાળી વાણીક ભોજનશાળામાં પૂજ્યશ્રીએ આપેલું જાહેર વ્યાખ્યાન

પ્રાર્થના પોતાના આત્મામાંથી જ નીકળી છે, અને પોતાના આત્મામાં પ્રાર્થના શેરડીમાં જેમ સાકર વ્યાપ્ત છે તેમ વ્યાપેલી છે, એમ માનીને જો પરમાત્માની પ્રાર્થના અનન્ય ભાવે કરવામાં આવે તો તે પ્રાર્થનાથી બહુ જ લાભ થાય છે અને આવી પ્રાર્થનાથી આત્મા પોતાનું કલ્યાણ પણ સાધી શકે છે! અમે શું કરીએ? એ પ્રમાણે એના નિરાશ થવાની કાંઈ જરૂર નથી. જો નિરાશ થઈ જાઓ તો કાંઈ પણ બની શકે નહિ

જે મહાત્માઓએ આત્મામાંથી પ્રાર્થનાની કડીઓ કાઢી છે તેઓ જ પ્રાર્થના કરી શકે અને અમે કાંઈ કરી ન શકીએ, એમ જ નિરાશ થઈ કાંઈ કરો નહિ તો વાસ્તવમાં તમે કાંઈ કરી નહિ શકો. પણ સાહસ અને પ્રયત્ન કરવાથી જેમ શેરડીમાથી સાકર કાઢી શકાય છે, અને જો એમ બની ન શકે તો શેરડીનો રસ ચૂસી તેના મીઠા સ્વાદનો આનંદ લઈ શકાય છે, તેજ પ્રમાણે તમે પણ પ્રાર્થનાનો આનદ અનુભવી શકો છો. જો તમે પોતે પ્રાર્થનાની કડીઓ બનાવી ન શકો તો પણ જે મહાત્માએ પ્રાર્થનાની કડીઓ બનાવી છે તેમને હૃદયમાં ધારણ કરી પ્રાર્થના કરવાથી આત્માનો આનદ લઈ શકો છો. પણ જે કાંઈ થશે તે બધુ પ્રયત્ન કરવાથી જ બનશે. પ્રયત્ન વિના કાંઈ બની શકશે નહિ.

કોઈ માણસ શેરડીના સાંઠાને હાથમા જ લઈ બેઠો રહે તો શેરડીનો મીઠો સ્વાદ ચાખી શકશે નહિ પણ જો તે પ્રયત્ન કરે તો શેરડીમાંથી સાકર પણ કાઢી શકે છે અને છેવટે તેને ચૂસી તેનો મીઠો સ્વાદ તો ચાખી જ શકે છે. એટલા માટે પ્રાર્થના કરી આત્માનો આનદ લેવાનું ભૂલો નહિ. કહેવત પણ છે કે, **याद आबाद और भूलसे बरबाद** અર્થાત્ પરમાત્માને યાદ કરવાથી આબાદી અને તેમને ભૂલી જવાથી બરબાદી થાય છે. આમ સમજી પરમાત્માની પ્રાર્થના કરો તો કલ્યાણ છે.

પણ, આદિમ મનુષ્યના પિતા હોય તે મનુ કહેવાય છે અને તેનાં સંતાનો તે માનવો— અર્થાત્ જ્ઞાનવાનના સંતાનો તે માનવો કહેવાય છે. કહેવાનો આશય એ છે કે, તમે પોતે જ જ્ઞાનવાન્ નથી પણ તમે જેનનાં સંતાનો છો તે તમારા પૂર્વજો પણ જ્ઞાનવાન્ હતા. ભગવાન ઋષભદેવનાં સંતાનોમાં મનુ નામના કુલગુરુ પણ હતા. એ મનુના સંતાનોને માનવ કહેવાય છે; અથવા મનુસ્મૃતિના કર્તા પણ મનુ કહેવાય છે. તેમના સંતાનો પણ માનવના નામે ઓળખાય છે. મુસલમાનો પણ આદમને માને છે અને આદમનાં સંતાનોને ઇન્સાન કહે છે. આ પ્રમાણે પોતપોતાની માન્યતા અનુસાર માનવની વ્યાખ્યા કરવામાં આવે છે. પણ બધાનો કહેવાનો સાર એ જ છે કે, જે જ્ઞાનવાનનાં સંતાનો છે તે માનવો છે તમે પણ એ જ્ઞાનવાનનાં જ સંતાનો છો માટે તમે તમારા પૂર્વજોને ભૂલી ન જાઓ! વંશ પરંપરાથી તેમના ઊતરી આવેલાં સંસ્કારોને લીધે જ આજે તમે છો.

માનવનું મહત્ત્વ વેદાન્ત અને ઉપનિષદ્‌માં બહુ જ બતાવવામાં આવેલ છે. તેમા મનુષ્યને અગ્નિ તરીકે વર્ણવેલ છે. જેને અન્ન અને પાણી કહેવામાં આવે છે તે અન્ન અને પાણી પણ મનુષ્યના પેટમાં જઇ ભસ્મ થઇ જાય છે. એ કારણે મનુષ્યને અગ્નિ પણ કહેવ છે. પેટમાં જઇ અન્ન અને પાણી કેવી રીતે ભસ્મ થઇ જાય છે અને રસભાગ અને ખલભાગ કેવી રીતે જુદો જુદો થઇ જાય છે એ વિષય બહુ લાંબો છે, એટલે એ વિષે કાંઇ ન કહેતાં ટુંકમા એટલુ જ કહું છું કે, મનુષ્યના પેટમાં અન્ન અને પાણી પણ ભસ્મ થઇ જાય છે. એટલા માટે મનુષ્યને વેદાંત અને ઉપનિષદ્‌મા અગ્નિ પણ કહેલ છે. ડૉકટરો પણ કોઇ બીમાર માણસની પહેલા અગ્નિ તપાસે છે. મનુષ્ય એક જીવિત અને હરતી ફરતી અગ્નિ

ભાનને જોતા નથી, તેનામાં માનવતા પણ રહેતી નથી. જે સોનાના સોનાનો રંગ નથી એને કોણ સોનું કહેશે અને ખરીદશે ? આ જ પ્રમાણે જેમનામાં માનવધર્મ માનવતા - નથી તેને માનવ પણ કોણ કહેશે ? એટલા જ માટે જ્ઞાનીઓનું કહેવું છે કે, કેવળ દ્રવ્ય માનવતામાં નહીં માનવધર્મની ઉપેક્ષા ન કરો !

આજે કેટલાક લોકોને ધર્મ એક ભારરૂપ અને અનાવશ્યક જણાય છે; પણ એમ માનવાનું કારણ એ છે કે, તેઓ ધર્મને બરાબર સમજી શક્યા નથી. વાસ્તવમાં ધર્મ વિના જીવન પણ ટકી શકતુ નથી અને આજના યુવકો સુધાર કરવા ચાહે છે પણ ધર્મની સહાયતા વિના સુધાર થવો શક્ય નથી. ધર્મની આવશ્યકતા બધી જગ્યાએ છે.

આજે ધર્મને ભારરૂપ માનવાનું એક એ પણ કારણ છે કે લોકો ધર્મનું ફળ રૂપિયાની માફક તાત્કાલિક અને પ્રત્યક્ષ જોવા ચાહે છે અને દલીલ કરે છે કે, ધર્મનું ફળ પરલોકમા મળે તેથી અમને શો લાભ ! જેમ અહીં અમે એક રૂપિયાનો સવા રૂપિયો કરીએ છીએ તેવો ધર્મદ્વારા લાભ મળતો હોય તો લાભ કહેવાય, નહિતો તે ભારરૂપ જ છે. આ પ્રમાણે લોકો ધર્મને ભારરૂપ માને છે પણ એટલુ વિચારતા નથી કે, જીવનમા ધર્મનો ઉપક્રમ કર્યા વિના તે મનુષ્યનુ જીવન જ અસરકારી બની જાય છે જેમ કોઇ માણસને શરીર ઉપર કપાસ લપેટવાનુ કહેવામાં આવે તો કોઇ એમ કરતુ નથી પણ એ જ કપાસનો સંસ્કાર કરવામા—ઉપક્રમ કરવામા આવે અર્થાત્ એ કપાસમાંથી રૂ કાઢી, સૂતર બનાવી કપડા બનાવવામા આવે અને તેને ઇચ્છાનુમાર શીવડાવવામાં આવે તો એ જ કપાસ શરીર ઉપર ધારણ કરી શકાય છે. તે જ પ્રમાણે બાળકને જન્મ્યા બાદ સંસ્કાર — ઉપક્રમ કરવામાં ન આવે તો તેનુ જીવન કાચા કપાસ

ઉપકરણ ન હોવાને કારણે માટીના ઢેફામાં કોઇ ખીચડી પકાવી શકાય નહિ ત્યારે માટીનો પરિક્રમ થઇ—માટીમાંથી હાંડું બનાવવામાં આવે ત્યારે જ તેનાં ખીચડી પકાવી શકાય. તે હાંડુ માટીમાંથી જ બનાવવામાં આવેલ છે પણ કુંભારના પ્રયત્ન વિના બનેલ નથી. એ જ પ્રમાણે મનુષ્યશરીર પણ માટીની સમાન જ છે; અને તેનો પરિક્રમ કરવામાં આવે તો એમાં પણ શક્તિનો એવો વિકાસ થઇ શકે કે જેને જોઇ આશ્ચર્યચકિત થઇ જવાય.

કહેવાનો આશય એ છે કે, કેવળ આકૃતિ કે ઇન્દ્રિયોને કારણે જ કોઇ માનવ થઇ શકે નહિ પણ જેમનામાં માનવધર્મ હોય અને એ માનવધર્મનો પરિક્રમ કરવામાં આવ્યો હોય, ત્યારે જ 'માનવ' બની શકે! "પરિક્રમ" એ શાસ્ત્રીય પારિભાષિક શબ્દ છે. અત્યારે એ પરિક્રમને અનુશીલન કે વિકાસ કહેવામાં આવે છે. જેમનો પરિક્રમ કરવામાં આવેલ હોય છે તે પ્રત્યેક કામને સરલતાથી જ કરી શકે છે. એ વાત જૂદી છે કે જેનો પરિક્રમ જે બાજુ થયો હોય તે તે જ કામ સરલતાથી કરી શકે, પણ કોઇપણ કામ તે જ કરી શકે છે કે જેમનો પરિક્રમ થએલો હોય ! જેમકે તમે ભણેલા ગણેલા છો એટલે તમે ઘણા કાગળો લખવા હોય તો થોડીવારમાં લખી શકો છો અને તેમાં બહુ મહેનત માનતા નથી; પણ જેઓ ભણેલા નથી તેઓને એક અક્ષર લખવાનું પણ કહેવામાં આવે તો લખી શકતા નથી. આનું શું કારણ? એ જ કે તમારો લખવામાં પરિક્રમ થએલ છે અને તેમનો એમાં પરિક્રમ થએલ નથી. આજે ભણેલાગણેલાઓની સંખ્યા વધી ગઇ છે એટલે એ પરિક્રમની બહુ કદર થતી નથી નહિ તો એ પણ આશ્ચર્યચકિત કરે એવો પરિક્રમ છે. ધર્મ, મર્મ અને કર્મ લખવામાં લખનારે એવું ધ્યાન રાખવું પડે છે કે, પહેલા કયો સ્વર લખવો, કયો વ્યંજન લખવો અને કેવીરીતે લખવું ?

આનું સંપૂર્ણ વર્ણન શાસ્ત્રોમાં આપવામાં આવ્યું છે તેનું વિસ્તારપૂર્વક વર્ણન કરવાનો અત્યારે સમય નથી. અત્યારે કેવળ એટલું જ કહેવાનું છે કે, પહેલા મનુષ્યોને ૭૨ કળાની સૂત્રથી, અર્થથી અને કર્મથી શિક્ષા આપવામાં આવતી હતી. અત્યારે હાઈસ્કુલ અને કૉલેજોમાં આપવામાં આવતી શિક્ષામાં અને પ્રાચીન સમયના આપવામાં આવતી શિક્ષામાં કેટલું બધું અંતર રહેલું છે તે ઊંડા ઉતરી જુઓ તો જણાશે કે, અત્યારે જે પુસ્તકો ભણાવવામાં આવે છે તેનું સક્રિય શિક્ષણ આપવામાં આવતું નથી અને તેજ કારણે આજે શિક્ષાની દુર્દશા થવા પામી છે। આજના વિદ્યાર્થીઓને અમુક ચીજ કરી આપવાનું કહેવામાં આવે છે તો તેનો ઉત્તર એ મળે છે કે, 'એ ચીજ કેમ બને છે એ અમે પુસ્તકમાં વાંચ્યુ છે-ભણ્યા છીએ પણ અમે બનાવી શકતા નથી।' આવી શિક્ષાથી ઉગતિ પ્રજાને શુ લાભ પહોંચતો હશે એ એક વિચારવા જેવી વાત છે।

શાસ્ત્રમાં મેઘકુમારની શિક્ષા વિષે કહેવામાં આવ્યુ છે કે, તેણે પહેલા સૂત્રરૂપે શિક્ષા લીધી, બાદ અર્થરૂપે અને પછી ક્રિયારૂ શિક્ષા લીધી. અન્ન કેવીરીતે પેદા કરવું, કેવીરીતે તેને ખાવા યોગ્ય બનાવવું અને કેવીરીતે અન્નને પકાવવું. આ પ્રમાણે સૂત્રત અર્થતઃ અને કર્મતઃ એમ ત્રણ પ્રકારે શિક્ષાનો ઉપયોગ કરવાથી શિક્ષા જીવનમા સાર્થક નીવડી શકે છે.

ભણેલી શિક્ષા જો ગણવામાં ન આવે, અર્થાત્ જ્ઞાનને સા બનાવવામાં ન આવે તો તે શિક્ષા સાર્થક નિવડી શકતી ન એટલા માટે યુવાનોએ સમજવું જોઇએ કે, કેવળ પુસ્તકો વાચી માત્રથી જ અભિમાન ન કરો પણ સક્રિય કાર્ય કરો એમા શિક્ષાની સાર્થકતા રહેલી છે. પણ જે કાંઇ વાંચો, જે કાઇ કહે

ધંધાને ફેંકી દઉં તો મને અને મારા કુટુંબને અને તેથી ત્રિસ ભાગ દેશને ભારે નુકશાન પહોંચે. આ માટે મારી પાસે ધન છે તે બધાં હું ભાગ પૂર્તિનો બંધો કરું છું."

અમેરીકા, યુરોપ આદિ પાશ્ચાત્ય દેશોના ધનિકોની આવી દશા છે. ત્યારે ભારતના ધનિકોની તથા શિક્ષિત લોકોની એવી દશા છે કે તેઓ બીજાને માટે ભારરૂપ થઇ પડે છે। એ તો ભારતનું સદ્ભાગ્ય છે કે અહીંના ખેડુતો બીજાને ઠગવાની શિક્ષા હજી શીખ્યા નથી. નહિ તો ભારતને ઘણી મુશ્કેલીઓમાથી પસાર થવું પડે. અસ્તુ.

કહેવાનો આશય એ છે કે, શાસ્ત્રમા જે પરિક્રમની વાત કહી છે તે જુઓ. શાસ્ત્રમાં જે ૭૨ કલાનું વર્ણન કરવામાં આવ્યુ છે તે દ્રવ્ય પરિક્રમ છે. તમે કહેશો કે, એ દ્રવ્ય પરિક્રમ અને વસ્તુ વિનાશ તો દુનિયામાં ચાલ્યા જ કરે છે. આપ તો ભાવપરિક્રમની વાત કહો. પણ એ ભૂલવું ન જોઇએ કે, દ્રવ્યોન્નતિ વિના ભાવોન્નતિ પણ થઇ શકતી નથી. જેમનું શરીર અને મન દુર્બળ છે શુ તે ધર્મનું આરાધન બરાબર કરી શકશે? અને ધર્મને જીવનમાં સ્થાન આપી શકશે? આજે શરીરનો પરિક્રમ કરવામાં આવતો નથી અને તેથી શરીર પણ સશક્ત થતુ નથી. બાળકના શરીરનો શારીરિક પરિક્રમ કરવાથી જ વિકાસ થઇ શકે છે અને શરીર સશક્ત બની શકે છે.

અહમદનગરમાં રામમૂર્તિ પહેલવાને કહ્યું હતુ કે, મને ગમે તેવો નબળો અને અશક્ત પાંચ વર્ષનો છોકરો સોપવામાં આવે તો વીશ વર્ષની ઉંમરે તેને બીજો રામમૂર્તિ બનાવી શકું છુ. આ પ્રમાણે ભાવ પરિક્રમ કરવા માટે દ્રવ્ય પરિક્રમની પણ જરૂર રહે છે

[illegible] છે કે, [illegible] ગોઠવવાથી જ જેમ ઘડીઆળ ચાલુ થઇ જાય છે તે જ પ્રમાણે પાંચ ભૂતોનું માત્ર મિલન થવાથી આ શરીર પણ [illegible] થઇ જાય છે. જેમ ઘડીઆળનાં મસાલાઓ જુદા થવાથી ઘડીઆળ બંધ પડી જાય છે તેમ આ શરીર પણ પાંચ ભૂતો જુદા થવાથી બોલી ચાલી શકતું નથી। એટલા માટે પરલોક કે આત્માને માનવાની શી જરૂર છે?

મસાલાઓને ગોઠવવાથી ઘડીઆળ ચાલે છે એ તો ઠીક છે પણ એ મસાલાઓને ગોઠવ્યા કોણે અને બનાવ્યાં કોણે? આ મકાન તો છે પણ તેને બનાવ્યુ કોણે? જો કે મકાન બનાવવામાં ઇંટ-ચુનો વગેરે કારણભૂત છે પણ એથી કાંઇ ઇંટ-ચુનાને કોઇ મકાન કહેતુ નથી, પણ જ્યારે કોઇ કારીગર ઇંટ-ચુનાવડે મકાન બનાવે છે ત્યારે જ તે મકાન કહેવાય છે આ જ પ્રમાણે કર્ત્તા કારીગર હતો ત્યારે જ મકાન બની શકયુ. કેવળ ઇંટ ચુનો વગેરે કારણોથી મકાન બન્યુ નહિ। ઇંટ ચુનાના કારણનો કારીગરે ઉપયોગ કર્યો ત્યારે જ મકાન બની શકયુ જે ઇંટ-ચુનો આદિ કારણોમા કારીગરની શક્તિનો ઉપયોગ કરવામા આવ્યો છે તે પછી ઇંટ-ચુનો કહેવામા આવતો નથી પણ મકાન કહેવામાં આવે છે। આ જ પ્રમાણે શરીર પણ પાચ ભૂતોથી બનેલુ છે એટલે પંચભૂતને શરીર કહી શકાય નહિ પણ પંચભૂતોથી બનેલું આ શરીર છે એમ કહી શકાય. જે પ્રમાણે ઇંટ અને ચુના વડે મકાન બને છે પણ તેને બનાવનાર કોઇ અવસ્ય હોય છે, તે જ પ્રમાણે પંચભૂત શરીર બનેલુ છે પણ તેને કોઇ બનાવનાર છે કે નહિ? મકાનને કારીગર બનાવે છે અને ઘડીયાળને પણ કોઇ કારીગર બનાવે છે તો પછી શુ શરીરને કોઇ બનાવતુ નથી, આ શરીરનુ કારણ પંચભૂત છે અને કાર્ય શરીર છે પણ આ કાર્યનો કર્ત્તા તો કોઇ હશે જ ને? તમે શરીર

[illegible] મને માનિચાલા છે. આ પ્રમાણે આત્મા છે એ વાત નિ[illegible] [illegible] અને આત્માને કે ધર્મની આવશ્યકતા રહે છે તેનું જ નામ [illegible].

માનવધર્મને જૈન, બૌદ્ધ, વેદાન્ત કે ખ્રીસ્તી વગેરે સામ્પ્રદાયિક ધર્મની દૃષ્ટિએ ન બતાવતા માનવધર્મ સામાન્ય ધર્મ છે એ હું બતાવું છું. સામાન્ય ધર્મમા કોઇને કોઇ પ્રકારનો વિરોધ હોતો નથી. જે ધર્મ ઉપર સામ્પ્રદાયિકતાનો કાંઇ રંગ ચડેલો નથી અને જે ધર્મને બધા લોકો સ્વીકારે છે તેને સામાન્ય ધર્મ કહે છે. સામાન્ય ધર્મ વિષે બધા સમ્પ્રદાયવાળાઓએ ઘણો વિચાર કર્યો છે સામાન્ય ધર્મના સકળ પ્રસારનો વિચાર કરી શકાય છે પણ તે બધાનું વર્ણન થઇ શકતું નથી. એટલા માટે "થાલીપુલાક ન્યાયે" કેટલીક એવી વાતો બતાવું છું કે જે બધાં શાસ્ત્રોમા મળે છે અને બધાના કામમાં આવે છે.

જે શાસ્ત્રમાં સામાન્ય ધર્મની વાતો નથી તે શાસ્ત્ર પણ નથી, તેને એકપક્ષીય શાસ્ત્ર કહી શકાય, પણ માનવજાતિને માટે તે શાસ્ત્ર ઉપયોગી થઇ શકે નહિ.

સામાન્ય ધર્મનું વર્ણન બધાએ કર્યું છે એ બતાવવા માટે હું પહેલાં કુરાનની સાક્ષી આપુ છુ કુરાનમાં કહ્યુ છે કે :—

'ला तो अजेवो खलकुल्ला'

અર્થાત્ હે મુહમ્મદ! દુનિયાને વિશ્વાસ આપી દે કે, અલ્લાની દુનિયાને કોઇ સતાવે નહિ!

હવે જોવાનું એ છે કે, અલ્લાનાં સંતાનો કોણ છે? શું હિન્દુઓ અલ્લાના સંતાનો નથી? જો કેવળ મુસલમાનો જ અલ્લાનાં સંતાનો

[illegible] પ્રમાણે દુરુપયોગ કરે [illegible] એ વિષે વિચાર કરવાનો [illegible] ત્યાગ કરવામાં [illegible] નથી! ધર્મનું જીવનમાં [illegible] મહત્વનું સ્થાન છે તે વિષે ઊંડો વિચાર કરવામાં આવે [illegible] રહેલી છે તેનો ખ્યાલ આવે।

આ તો કુરાનની વાત થઈ. હવે ગીતામાં શું કહ્યુ છે તે જોઇએ. ગીતામાં કહ્યુ કે, તમે ગમે તે વાચો તે વેદપુરાણ વગેરેનો સાર સંક્ષેપમાં એ જ છે કે:—

निर्वैर: सर्वभूतेषु य: स मामेति पाण्डव ।।

ભાવાર્થ.— બધા ભૂત પ્રાણીઓ પ્રત્યે વરભાવ ન રાખો, નિર્વૈર રહો. આ પ્રમાણે જે કાંઇ કુરાનમાં કહ્યુ છે તે જ જુદી ભાષામા ગીતામાં પણ કહ્યુ છે

હવે જે શાસ્ત્રનો હુ જવાબદાર છું તે શાસ્ત્રની વાત સમભળાવુ છુ. એ જૈન શાસ્ત્રમાં કહ્યુ છે કે —

सव्वभूयप्पभूयस्स सम्मं भूयाइ पासओ ।
पिहिआसवस्स दंतस्स पावकम्मं न बधई ।। दश०

અર્થાત્— હે! શિષ્ય! તુ બધાં પ્રાણીઓને તારા આત્માની સમાન માન જેવો તારો આત્મા અવિનાશી છે તેવો જ બધાનો આત્મા પણ અવિનાશી છે માટે બધા જીવોને તારા આત્માની સમાન માન. કોઇની સાથે વૈર બાંધી પાપનો ભાગીદાર બન નહિ.

ઉદયપુરમા એક વકીલે મને પ્રશ્ન પૂછ્યો કે, આત્મા જ્યારે અવિનાશી છે, કોઇનો માર્યો મરતો નથી તો પછી કોઇને મારવાથી પાપ

श्रद्धा कर्म तपश्चैव सत्यमक्रोध एव च
स्वेषु दारेषु सन्तोषः शौचं विद्यानसूयिता
आत्मज्ञानं तितिक्षा च धर्मः साधारणो नृप ।

વ્યાસપુત્ર શુક રાજાને કહે છે કે, "હે! રાજન્! હું મનુષ્યમાત્રના સામાન્ય ધર્મ કહું છું, જે આ પ્રમાણે છે—શ્રદ્ધા રાખવી, સત્કર્મ કરવું, તપ કરવું, સત્ય બોલવું, ક્રોધ ન કરવો, પોતાની સ્ત્રીમાં સંતોષ માનવો, પવિત્ર રહેવું, વિદ્યાધ્યયન કરવું, ક્ષમા રાખવી અને કોઈની સાથે વેર ન બાંધવું એ મનુષ્યમાત્રનો સામાન્ય ધર્મ છે." આ ધર્મનું જે ઘરમાં પાલન થતું નથી, તે ઘરમાં હાહાકાર મચી જાય છે.

આ માનવધર્મની વ્યાખ્યા થઈ. હવે કોઈ કદાચ એમ કહે કે, અમે જન્મથી મનુષ્ય તો છીએ જ તો પછી અમારે આ સામાન્ય ધર્મને પાળવાની શી જરુર છે! આ તો જે વૃક્ષની છાયામાં તમે બેઠા છો તે જ વૃક્ષને કાપવા જેવી જ વાત છે! આમ કહેનારે વિચારવું જોઈએ કે, તેમની પોતાની રક્ષા પણ ધર્મદ્વારા થઈ રહી છે. માનો કે તમારી માતા સાધારણ ધર્મનું પાલન ન કરતાં તમારો જન્મ થતાં જ બહાર ફેંકી દેત તો શું તમારું જીવન ટકી શકત? માતામાં સાધારણ માનવધર્મ હતો એટલે જ તેણે તમારું પાલન કર્યું અને તમારું જીવન ટકી શક્યું! આમ હોવા છતાં તમે માનવધર્મની શી જરૂર છે એમ કહો છો? જીવનમાં વસ્ત્ર અને ભોજનની જેટલી જરૂર છે તેથી વિશેષ માનવધર્મની જરૂર છે.

તમારું લગ્ન થયું હશે! તમે કેવી સ્ત્રી ચાહો છો? જે તમને અનુકૂલ વર્તે તેવી સ્ત્રી ચાહો છો કે પ્રતિકૂલ ચાલે એવી? બધા પોતાને અનુકૂલ વર્તે એવી સ્ત્રી ચાહે છે પણ જો સ્ત્રી પોતે સાધારણ

જાણતો હતો કે અહીં સંકટ છે છતાં તેણે એમ જ વિચાર્યું કે સંકટના સમયે મરે બધાની સાથે રહેવું એ જ ઠીક છે સંકટ આવે પડે ત્યારે મારું કહેવું માનશે

આ પ્રમાણે વિચાર કરી રાજા પણ બધા કબુતરોની સાથે ગયો કબુતરોએ ચોખાના દાણા તો ખાધા પણ બધાના પગ જાળમાં ફસાઈ ગયા છૂટી ન શકાયા ત્યારે બધા કબુતરો પેલા જુવાન કબુતરને ઠપકો આપવા લાગ્યા કે તે રાજાનું કહેવું માન્યું નહિ અને બધાને જાળમાં ફસાવ્યા રાજાએ બધા કબુતરોને સાંત્વન આપતાં કહ્યું કે જે થવાનું હતું તે થયું હવે તેને દોષ ન આપતાં જાળમાંથી નીકળવાનો રસ્તો શોધો ઠપકો આપવાથી કાંઈ આપણું નહિ વળે।

आपद्दामापतन्तीनाम् हितोऽपि याति हेतुताम् ।
मातृजंघा हि वत्सस्य स्तम्भीभवति बन्धने ॥

જ્યારે આપત્તિ માથે આવી પડે છે ત્યારે મિત્રથી પણ શત્રુનું કામ થઈ જાય છે આ સાધારણ નિયમ છે આ કબુતરનો વિચાર આપણને ફસાવવાનો નહિ પણ આપણને બધાને ભોજન મળે એ હતો પણ એમાં અચાનક આ આપત્તિ આવી પડી એમાં એનો શો દોષ! હવે એને દોષ દેવાથી આપણે કાંઈ છૂટી તો શકવાના નથી, માટે તેને ઠપકો આપવાથી શો લાભ?

આજના લોકો બીજાને ઠપકો આપવાનું વધારે જાણે છે આ ખરાબ છે તે ખરાબ છે એમ બીજાઓને કહે છે પણ પોતાનામાં કઈ કઈ ખરાબી છે તેનો વિચાર સરખો પણ કરતા નથી. મેં એક લેખમાં જોયું હતું કે એક વ્યક્તિ ભાષણ તો બહુ લાંબા લાંબા આપે છે પણ પોતે વ્યભિચારના દોષથી મુક્ત રહી શકતો નથી આવા ભાષણથી શું સુધાર થઈ શકે ખરો!

રાજાએ બધા કબુતરોને કહ્યું કે, એને ઉપાલંભ ન આપતાં આ જાળમાંથી કેમ છૂટી શકાય એનો વિચાર કરો. આ સાંભળી બધા કબુતરો કહેવા લાગ્યા કે, આપ જ એનો કોઈ ઉપાય બતાવો ! રાજાએ કહ્યું કે, "મારું કહ્યું તો બધા માનશોને ? બધા કહેવા લાગ્યા કે, પહેલા આપનું કહેવું ન માન્યુ તેનું કડવું ફળ અત્યારે ભોગવવુ પડે છે. હવે આપનુ કહેવું અવશ્ય માનીશુ અને આપ કહેશો તે પ્રમાણે કરીશુ."

સંકટ પણ શિક્ષાનો બોધપાઠ આપે છે. રાજાએ કહ્યું કે, બધા એકમત થઇ જાઓ તો સંકટથી મુક્ત થઇ શકાય. જો એક પણ કબુતર જુદો રહે તો સંકટથી મુક્ત થઇ શકાય નહિ માટે બધા હળીમળી એક સાથે ઉડો અને આ જાળને પણ સાથે ઉપાડો તો જાળથી પણ છૂટી શકાશે.

આજે ભારતમા કુસંપ છે અને તે જ કારણે પારધીઓ ભારતની મજા માણી રહ્યા છે. જો કુસંપ ન હોય તો ભારત કોઇની જાળમા ફસાઇ પડયો ન રહે.

બધા કબુતરો હળીમળી એક સાથે જાળને લઇ આકાશમાં ઉડયા. પારધી કબુતરોને ઉડતાં જોઇ તેની પાછળ દોડયો અને વિચારવા લાગ્યો કે, હું તો આ કબુતરોને જાળમાં ફસાવવા ચાહતો હતો પણ આ તો મારી જાળને જ લઈ ઊડયાં અત્યારે તો આ બધા કબુતરો એક મતના છે એટલા માટે નીચે પડતા નથી, પણ જ્યારે તેમનામા કુસંપ પડશે ત્યારે તેઓ બધાં નીચે પડશે આ પ્રમાણે વિચાર કરી પારધી પાછળ પાછળ દોડવા લાગ્યો પારધીને પાછળ દોડતો જોઇ રાજા બધા કબુતરોને કહેવા લાગ્યો કે, જુઓ ! પાછળ આપણો શત્રુ આવી રહ્યો છે, માટે પરસ્પર લડશો નહિ અને એમ પણ વિચારશો નહિ કે બધા ઉડવામાં પોતાના

દરમાં તો દરેક બબ્બે દ્વાર હતાં. કે જેથી કોઇ આપત્તિ આવી પડે તો બીજા દ્વારથી બહાર નીકળી શકાય. કબુતરોને જોઇ તે એકદમ દરમાં ભરાઇ ગયો.

હિરણ્યકના દર આગળ આવી ચિત્રગ્રીવે કહ્યું કે, મિત્ર હિરણ્યક! બહાર નીકળો. હું તો તમારો મિત્ર છું. મિત્રનો અવાજ ઓળખી હિરણ્યક બહાર નીકળ્યો અને ચિત્રગ્રીવને કહેવા લાગ્યો કે, તું આવો બુદ્ધિમાન હોવા છતાં જાળમાં કેમ ફસાઇ ગયો! રાજાએ જવાબ આપ્યો કે, એ તો કાળની બલિહારી છે. રાજાએ એમ ન કહ્યું કે આ કબુતરોએ મારું કહ્યું માન્યું નહિ એટલે જાળમાં ફસાઇ ગયો. હિરણ્યક આ સાંભળી ચિત્રગ્રીવ મિત્રની જાળ કાપવા તેની પાસે આવ્યો. પણ ચિત્રગ્રીવે કહ્યું કે, મિત્ર! પહેલા આ મારા સાથીઓના બંધન તોડ. ચિત્રગ્રીવ ધારત તો પહેલાં પોતાનાં બંધનો તોડાવી શકત પણ તેણે તેમ ન કરતાં પોતાના સાથીઓનાં બંધન તોડવાનું હિરણ્યકને કહ્યું. હિરણ્યકે કહ્યું કે, મિત્ર! હું તો બહુ નાનું પ્રાણી છું. મારાથી આટલા બધાના બંધનો કેમ કાપી શકાશે? મારા દાંત પણ એટલા બધા મજબૂત નથી કે બધાના બંધનો તોડી શકું માટે પહેલા તારા બંધનો કાપી આપું. પછી જો મારા દાંતમાં શક્તિ હશે તો બીજાનાં બંધનો પણ તોડી આપીશ.

હિરણ્યકે આમ કહ્યું પણ ચિત્રગ્રીવે એ વાતનો સ્વીકાર ન કર્યો. નીતિ તો એમ કહે છે કે:—

आपदर्थं धन रक्षे-द्दारान्रक्षेद्धनैरपि ।
आत्मान सतत रक्षे-द्दारैरपि धनैरपि ॥

ભાવાર્થ—આપદ્ વખતે ધનની રક્ષા કરવી અને ધન ખોઇને પણ સ્ત્રીની રક્ષા કરવી; પરંતુ આત્માની રક્ષા વખતે દારાની કે ધનની ખોટ પણ જોવી નહી જ્યારે નીતિ આમ કહે છે તો પછી ચિત્રગ્રીવે

ચિત્રગ્રીવે હિરણ્યકને કહ્યું કે, તું પહેલાં મારા બંધનો ન કાપતાં મારા આશ્રિતોના બંધનો કાપવાનો આગ્રહ શા માટે કરું છું તે સાંભળ:—

जातिद्रव्यगुणानाञ्च साम्यमेषां मया सह ।
मत्प्रभुत्वफलं ब्रूहि कदा किं तद् भविष्यति ॥

હે ! મિત્ર ! જાતિથી તો હું પણ કબુતર છું અને તેઓ પણ કબુતર છે. દ્રવ્યથી તેમને પણ બે પાંખો છે અને મને પણ બે પાંખો છે. ગુણની દૃષ્ટિએ પણ અમે સમાન છીએ. તેમ છતાં તેઓ મને રાજા માને છે તો તેનો તેમને શો લાભ ?

આજે બળીયાના બે ભાગ એમ કહેવામાં આવે છે શું રાજા પણ બે ભાગ લેનારો હોય છે ? વાસ્તવમાં જે એમ કહે છે તે બળવાન નથી, પણ પોતાના ભોગે જે પોતાના આશ્રિતોની રક્ષા કરે છે તે જ સાચો બળવાન છે.

ચિત્રગ્રીવે કહ્યું કે, મિત્ર ! જ્યારે હું રાજા છું તો રાજા તરીકે આશ્રિતોની રક્ષા કરવી એ મારું કર્તવ્ય છે કે નહિ ? એટલા માટે મિત્રતાના સબંધે મારા આશ્રિતોનાં બંધનો તોડી મારા બંધનો તોડવાની તારી ફરજ છે. મિત્ર ! મારા આશ્રિતોનાં બંધનો પહેલા તોડી મારા આ ભૌતિક શરીરના ભોગે પણ મારા યશ-શરીરની રક્ષા કર. આ ભૌતિક શરીર તો નાશવાન છે પણ યશ શરીર અવિનાશી છે. માટે હે ! મિત્ર ! આ અવિનાશી યશ શરીરની રક્ષા માટે આ ભૌતિક શરીરના ભોગે પણ મારા આશ્રિતોના બંધનો તોડી તેમની રક્ષા કર

આજના વૃદ્ધો પણ સ્વાર્થમાં ડુબેલા છે અને તેથી યુવાનો પણ અમને વૃદ્ધોની શી ગરજ છે એમ કહે છે.

વ્યાખ્યાન : બ્રહ્મચર્ય *



પ્રાર્થના

કુંથુ જિનરાજ તૂ ઐસો, નહિ કોઇ દેવ તો જૈસો, ।
ત્રિલોકીનાથ તૂ કહીએ, હમારી બાંહ દૃઢ ગહિએ; ॥ કુંથુ ॥

શ્રી કુંથુનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે. પરમાત્માની પ્રાર્થના કેવીરીતે કરવી જોઇએ એ વિષે જ્ઞાનીઓ અને ભક્તોએ પોતાના હૃદયગત ભાવો વ્યક્ત કરી જનતાની સમક્ષ અનેક માર્ગો બતાવ્યા છે. તેમ છતા બધા લોકો સરળ રીતે પ્રાર્થના કરી શકે એ માટે કોઇ સાધારણ નિયમ હોવો જોઇએ. મહાન્ જ્ઞાનીઓ અને ભક્ત લોકો ગમે તે રીતે પ્રાર્થના કરે, તેમનો માર્ગ તેમના પોતાના માટે સુલભ અને સરળ હોઇ શકે પણ જન સાધારણ માટે એમનો માર્ગ સરળ હોઇ શકે નહિ ! એટલા માટે સાધારણ જનતા માટે ભગવાનમાં તન્મય થવાનો સરળ માર્ગ કયો છે તે જોવું જોઇએ. આ પ્રકારની જીજ્ઞાસા ઘણા લોકોને થાય છે. જો કે આજે કેટલાક લોકોને તો પરમાત્માના નામથી ચીડ ચડે છે અને ઇશ્વર તો બહુ જ ઉપાધિ કરનારો છે એમ કહે છે. અજ્ઞાનને

* રાજકોટ દશા શ્રીમાળી વણીક ભોજનશાળામાં સં ૧૯૯૨ના શ્રાવણ શુદી ૧૫ ને ગીવારના રોજ પૂજ્યશ્રીએ આપેલું જાહેર વ્યાખ્યાન

[illegible] તેમની પ્રાર્થના વિના જીવન નથી ચાલે ખરું? [illegible] એમ કહે કે, સૂર્ય તો પ્રત્યક્ષ જીવનોપયોગી જણાય છે, પરંતુ [illegible] પ્રત્યક્ષ દેખાતા નથી, આવી દશામાં ઈશ્વર છે અને જીવનને માટે તેમની પ્રાર્થના કરવી ઉપયોગી છે એમ અમે કેવીરીતે માની શકીએ ?

આ પ્રશ્નના ઉત્તરમા જ્ઞાનીઓ જણાવે છે કે, તમારી ચર્મ-ચક્ષુઓથી પરમાત્મા જોવામાં આવતા નથી એથી શુ થયુ ? ચર્મચક્ષુ સિવાય હૃદયચક્ષુ પણ છે અને તે દ્વારા પરોક્ષ વસ્તુ જાણી શકાય છે અને તે ઉપર વિશ્વાસ કરી શકાય છે ! પરમાત્માની પ્રાર્થના વિષે જ્ઞાનીઓ પણ એમ જ કહે છે કે, તમે ચર્મચક્ષુઓ ઉપર જ આધાર રાખો નહિ પણ અમારી વાત ઉપર વિશ્વાસ રાખો ! તમે નાનપણમા ઘણી વસ્તુઓને જોઇ હોતી નથી પણ માતાના કહેવા ઉપર વિશ્વાસ રાખવાથી તમને લાભ થયો કે હાનિ થઇ ? બચપણમાં તમે કદાચ સાપને પણ સાપ માનતા નહિ હો, પણ માતાના કહેવા ઉપર વિશ્વાસ રાખવાથી તમે સર્પને સર્પ માની શકયા અને સર્પના ડંશથી પણ દૂર રહી શકયા ! જ્યારે માતાના કથન ઉપર વિશ્વાસ રાખવાથી તમને લાભ થયો, સર્પના ડંશથી બચી શકયા—તો જેઓમાં માતાના જેવી દયા રહેલી છે એ જ્ઞાનીઓ ઉપર વિશ્વાસ રાખવાથી તમને હાનિ કેવી રીતે થશે ? જ્ઞાનીઓ ઉપર વિશ્વાસ રાખવાથી તમને હાનિ નહિ પણ લાભ જ થશે ! એટલા માટે જ્ઞાનીઓ જ્યારે એમ કહે છે કે પરમાત્મા છે, અને તેમની પ્રાર્થના કરવાથી જીવનમા શાન્તિ મળે છે, તો તેમના કથન ઉપર વિશ્વાસ રાખો તેથી તમને હાનિ નહિ પણ લાભ જ થશે.

પરમાત્મા પ્રત્યે વિશ્વાસ કેમ સ્થિર રહેતો નથી ? એવો પ્રશ્ન ઘણાને થાય છે તો એના ઉત્તરમા જ્ઞાનીઓ કહે છે કે, સાધનની

સદ્ગુણોનો સમાવેશ થઈ જાય છે અને જે ક્રિયાદ્વારા એ ગુણોની પ્રાપ્તિ થાય છે તે ક્રિયાનું નામ 'ચર્ય' છે. આ પ્રમાણે જે ગુણો અને જે સાધનોદ્વારા આત્માનો સાક્ષાત્કાર થાય તે બ્રહ્મચર્ય કહેવાય છે.

સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે કે, "બ્રહ્મચર્ય, તપનિયમ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમ્યક્ત્વ અને વિનયનું મૂળ છે. જે પ્રમાણે વૃક્ષમાં થડ, ડાળી, ફળ-ફુલ-પાંદડા વગેરે હોય છે પણ એ બધાનો આધાર તો મૂળ જ હોય છે. મૂળ છે તો તેના આધારે વૃક્ષ ફાલેફુલે છે, પણ જો મૂળ જ ન હોય તો વૃક્ષ પણ ટકી શકતુ નથી. આ જ પ્રમાણે બ્રહ્મચર્ય પણ બધી ઉત્તમ ક્રિયાઓનું મૂળ છે જ્યાં બ્રહ્મચર્ય છે ત્યા જ બધી ઉત્તમ ક્રિયાઓ પાર પડી શકે છે." શુભ ક્રિયાઓમા પહેલા તપ બતાવવામા આવ્યુ છે પણ એ તપ પણ બ્રહ્મચર્ય વિના સાર્થક સિદ્ધ થતુ નથી. કહ્યું છે કે:—

तपो वै ब्रह्मचर्यम्—ઉપનિષદ્

અર્થાત—બ્રહ્મચર્ય એ જ તપ છે. જે તપમાં બ્રહ્મચર્યને સ્થાન નથી, વાસ્તવમાં તે તપ જ નથી; કારણ કે જ્યારે મૂળ જ નથી તો વૃક્ષ કયાંથી હોય ! બ્રહ્મચર્ય એ તપનુ મૂળ છે. આ જ પ્રમાણે નિયમ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમ્યક્ત્વ, વિનય વગેરેનું પણ મૂળ બ્રહ્મચર્ય છે. યમ-નિયમમાં પણ બ્રહ્મચર્ય પ્રધાન છે. યમ અર્થાત્ મહાવ્રત અને નિયમ અર્થાત્ ત્યાગ-પ્રત્યાખ્યાન. જે પ્રમાણે પર્વતોમા હિમાલય પર્વત પ્રધાન છે. તે જ પ્રમાણે યમનિયમમાં પણ બ્રહ્મચર્ય પ્રધાન છે.

આપે કદાચ હિમાલય પર્વત ન પણ જોયો હોય પણ તેને કારણે તમને જે સુખશાન્તિ મળી રહી છે તેનો વિચાર કરો તો તેના ઉપકાર આગળ તમારું માથુ નીચે નમી જશે આ જ પ્રમાણે

[illegible] જ નથી. જ્યારે ભૂમધ્યરેખાની જાડાઈ જ નથી ત્યારે [illegible] કલ્પના કેમ કરવામાં આવે છે અને તે શા માટે કરવામાં આવી છે! આને માટે એમ કહેવામાં આવે છે કે, ભૂમધ્યરેખા માન્યા વિના—એની કલ્પના કર્યા વિના—આગળ કામ જ ચાલી શકતું નથી

આ જ પ્રમાણે પૂર્ણ બ્રહ્મચારીને જેવી શક્તિ પ્રાપ્ત થાય છે, તેને કોઇ શક્તિ આડી આવતી નથી. ભલે તે શક્તિ પ્રત્યક્ષ દેખાતી ન હોય પણ તેની પાછળ શાસ્ત્રની કલ્પના હોય તો એ કલ્પનાને માનવામાં તમને કાંઇ નુકશાન નથી. ભલે તે કથન કલ્પનાયુક્ત હોય તો પણ જો તમે એ કલ્પનાને દૃષ્ટિમાં રાખી તે તરફ ગતિ કરો તો તમને લાભ જ થશે! જેમ રેખાગણિતમાં ભૂમધ્યરેખાને માનવાથી જ કામ ચાલે છે તે જ પ્રમાણે બ્રહ્મચર્યમાં પણ પૂર્ણ બ્રહ્મચર્યનો આદર્શ માનવો આવશ્યક છે. પછી ભલે તે આદર્શ કલ્પનાનો જ કેમ ન હોય!

આ પૂર્ણ બ્રહ્મચર્યની વાત થઇ. હવે અપૂર્ણ બ્રહ્મચર્ય કેવું હોય છે અને અપૂર્ણમાંથી પૂર્ણમાં કેમ જઇ શકાય એ વિષે વિચાર કરીએ.

જ્ઞાનીઓ કહે છે કે, સમસ્ત ઇન્દ્રિયો ઉપર કાબુ રાખવો અને વિષયભોગમાં ઇન્દ્રિયોને પ્રવૃત્ત થવા ન દેવી એ પૂર્ણ બ્રહ્મચર્ય છે, અને વીર્યની રક્ષા કરવી તે અપૂર્ણ બ્રહ્મચર્ય છે. આજે બ્રહ્મચર્યની સીમા વીર્યરક્ષા સુધી જ માનવામાં આવે છે પરંતુ વાસ્તવમાં સમસ્ત ઇન્દ્રિયો અને મનને વિષયો તરફ જવા ન દેવાં એ જ પૂર્ણ બ્રહ્મચર્ય છે. વીર્યરક્ષા તો અપૂર્ણ બ્રહ્મચર્ય છે. આ અપૂર્ણ બ્રહ્મચર્યનુ પાલન કરીને પૂર્ણ બ્રહ્મચર્યમા પણ પહોંચી શકાય છે

ત્રીજું દ્રવ્ય બ્રહ્મચર્ય છે. શારીરિક શક્તિ વગેરેને માટે જે બ્રહ્મચર્ય પાલન કરવામાં આવે છે તે દ્રવ્ય બ્રહ્મચર્ય છે. આ દ્રવ્ય બ્રહ્મચર્યથી શારીરિક શક્તિ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે:—

ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः ।—યોગસૂત્ર

દ્રવ્ય બ્રહ્મચર્યના પાલનથી વીર્યની રક્ષા થાય છે. જેમનામાં વીર્ય હોય છે તે વીર્યવાન કહેવાય છે.

આજે દેશમા રોગ, શોક, દરિદ્રતા વગેરે જ્યાં ત્યાં જોવામાં આવે છે તે બધાનુ મૂળ કારણ કેવળ વીર્યનાશ છે. આજે નકામી ચીજની માફક વીર્યનો દુરુપયોગ કરવામાં આવે છે. વીર્યમાં કેટલી બધી શક્તિ રહેલી છે એ ન જાણવાને કારણે જ લોકો વિષયભોગમા વીર્યને નષ્ટ કરી રહ્યા છે અને તેમાં જ આનદ માની રહ્યા છે. અને જ્યારે સંતાનોત્પત્તિ વધારે થાય છે ત્યારે ગભરાઈ જાય છે સંતાનો વધારે થવાથી તે લોકો ગભરાઈ તો જાય છે, પણ તેમનાથી મૈથુનનો ત્યાગ થઇ શકતો નથી. ભારતીયોને માટે આ વાત બહુ જ વિચારણીય છે. ભલે પરદેશના લોકો બ્રહ્મચર્યનુ મહત્ત્વ જાણતા ન હોય, કે માનતા ન હોય, પરંતુ ભારતમા તો એવા એવા મહાન્ બ્રહ્મચારીઓ પેદા થયા છે કે જેમણે બ્રહ્મચર્યદ્વારા મહાન્ શક્તિને પ્રાપ્ત કરી જગતને એવી શિક્ષા આપી છે કે, આ બ્રહ્મચર્યના માર્ગે ચાલવાથી જ માનવસમાજનુ કલ્યાણ થવાનુ છે બ્રહ્મચર્ય એ કલ્યાણનો માર્ગ છે એ જાણવા છતાં વિષયભોગમાં જ આનંદ માનવામા આવે અને જ્યારે સંતાનો પેદા થાય છે ત્યારે તેના નિરોધ માટે કૃત્રિમ ઉપાયોનો ઉપયોગ કરવામાં આવે એ ઘોર અન્યાય છે. વીર્યને વ્યર્થ વેડફી નાખવા જેવો બીજો કોઈ અન્યાય નથી.

ભાવતી હતી કે, મારો પુત્ર તીર્થંકર અને જગતનું કલ્યાણ કરનારો બને! તમે કહેશો કે, આ પ્રમાણે ભાવના કરવાથી શો લાભ? પણ ભાવના ભાવવાથી પણ ઘણો જ લાભ થાય છે. તમે લોકો જે અહીં બેઠા છો તેમાં તમને જુદાં જુદાં સ્વપ્નો આવતાં હશે. તેનું શું કારણ? તેનું એ જ કારણ છે કે, બધાની ભાવના જુદી જુદી હોય છે. એ તો તમે જાણો જ છો કે, જેવી ભાવના હોય છે, સ્વપ્ન પણ તેવું જ આવે છે. આ જ પ્રમાણે સંતાનના વિષયમાં માતાપિતાની જેવી ભાવના હોય છે, સંતાનના વિચારો પણ તેવા જ થાય છે, અને જે પ્રમાણે ભાવનાથી સ્વપ્નનું નિર્માણ થાય છે, તે જ પ્રમાણે ભાવનાથી સંતાનોનાં વિચારોનુ અને કાર્યોનુ નિર્માણ થાય છે નીચ વિચાર કરવાથી શું ખરાબ સ્વપ્નું આવતું નથી! આવે જ છે, આ જ વાત સંતાનના વિષે પણ સમજો. સંતાન વિષે તમે જેવી ભાવના ભાવશો આગળ જતાં સંતાન પણ તેવાં જ બનશે, એટલા માટે સંતાન વિષે તથા તમારા પોતાના વિષે બ્રહ્મચર્યની જ ભાવના ભાવો.

બ્રહ્મચર્યનો બીજો નિયમ ભોજનના વિવેક વિષે છે. કેટલાક લોકો એમ સમજે છે કે જે ખાનપાનમાં આનંદ આવે તે જ ભોજન છે, પણ આ ભૂલ છે. બ્રહ્મચારીના ભોજનમાં અને અબ્રહ્મચારીના ભોજનમાં ઘણું અંતર હોય છે. ગીતામાં રજોગુણી, તમોગુણી અને સતોગુણીનું ભોજન જુદુ જુદું બતાવ્યુ છે. વૈદિક શાસ્ત્રમાં પણ બ્રહ્મચારીનુ ભોજન જુદું બતાવ્યુ છે, પણ આજે ઘણાય લોકો જીભને વશ થઇ ભોજનના ગુલામ બની રહ્યા છે! જો તમે તમારી જીભ ઉપર પણ કાબુ મેળવી શકશો નહિ તો આગળ કેમ વધી શકશો! વિદ્યાભ્યાસ અને શાસ્ત્રશ્રવણનું ફળ એ જ છે કે ખરાબ કામોમા પ્રવૃત્તિ ન કરવી, પણ આજે ખાન–

ચૂડેલ ચૂસે રક્ત નિશદિન જાગતા ઊંઘી જ્યાં
આશ્ચર્ય તેં હરામ ડૉક્ટર સૌને તે વશ કર્યાં,
જે જ્ઞાનના દાતાર જ્ઞાનાગીગ પણ ઊંઘને વર્યાં.
ફરિયાદ તારી ક્યાં કરું સૌને તેં તો વશ કર્યાં.

બૂરવો તને હું દોષ દેતાં તું બિચારી શું કરે,
જ્યાં જાણકાર જન અંધ થઈને દીપ લઈ કુવે પડે
સર્પ છછેડયો સૂતેલો તો કરડતાં વાર શું ?
છેડી તુંને વળગી પડી ત્યાં દોષ તુજ લગાર શું ?

ચારે તરફ ઘોર અંધકાર પથરાએલો છે અને એ અંધાધુંધીમા લોકો અહીંતહીં ભટકી રહ્યા છે. કોઈ માણસ નાગણને માળા સમજી ગળામાં પહેરે અથવા ઘરમાં સંઘરી રાખે તો તે માણસ હજી અધકારમાં પડેલો છે એમ કહી ન શકાય ? તમે કહેશો કે, એવો કયો માણસ હશે કે, જે ઝેરીલી નાગણને પોતાના ઘરમાં સંઘરી રાખે, પણ હુ પૂછું છુ કે શું ચા નાગણની માફક ઝેરીલી નથી ? જે સમયે પ્રભુની પ્રાર્થના કરવાની હોય છે અને પોતાનો દૈનિક કાર્યક્રમ ગોઠવવાનો હોય છે તેવા સમયે ચાનો જાપ કરવો કયાસુધી યોગ્ય છે તેનો વિચાર કરો ! તમે કહેશો કે, ચા તો લાભ પહોચાડે છે તો તમે કોઈ દાક્તરને પૂછી જુઓ કે, ચા લાભ પહોંચાડે છે કે હાનિ પહોચાડે છે ? જે ચાનો ગુલામ હશે તે દાક્તર ભલે ચાને સારી કહે બાકી ચાની કોઈ પ્રશંસા કરતુ નથી જ્યારે ગરમાગરમ ચા બાળકોના પેટમાં જતી હશે ત્યારે બાળકોની ધાતુઓને કેટલી બધી હાનિ પહોંચતી હશે ! અને ધાતુ ક્ષીણ થવાથી કેટલા બધા રોગો પેદા થતાં હશે ! જો ચાથી થએલી હાનિનો ઇતિહાસ જોવામાં આવે તો ઘણું રહસ્ય જાણવામાં આવે. આજે ચૂડેલનો વહેમ તો લોકોમાથી ઓછો થવા પામ્યો છે પણ આ આ ચૂડેલ એવી છે કે

આજે બાળક અને મોટાનું ખાનપાન પણ એક સરખું થઈ ગયું છે. મોટા લોકો બાળકોને પોતાની સાથે જ ભોજન કરવા માટે બેસાડે છે અને કહે છે કે, બાળકોને સાથે બેસાડ્યા વિના ભોજન કેમ ભાવે! પણ તે લોકો એટલું વિચારતા નથી કે, જે ભોજનમાં મરી-મસાલો વાપરવામાં આવ્યો છે, જે ભોજન ગરિષ્ઠ છે અને જે ભોજન વધારે તામસિક છે એ બાળકોને માટે કેમ યોગ્ય કહી શકાય! એવાં ભોજનથી તો બાળકોની ધાતુઓનો ક્ષય થાય છે.

આ જ પ્રમાણે સ્ત્રીઓએ પણ ખાનપાનમા વિવેક કેળવવાની જરૂર છે. સધવા અને વિધવા, વિવાહિતા અને કુમારી સ્ત્રીઓએ પણ ભોજનમા વિવેક રાખવો જોઇએ. ખાન–પાનનો વિવેક ન રાખવાને કારણે તથા ભાવના શુદ્ધ ન રાખવાને કારણે આજની કુમારિકાઓ નાની વયમાં ઋતુમતી બની જાય છે અને પછી તેમના સંતાનો નિર્બળ પેદા થાય છે। એટલા માટે બ્રહ્મચર્યની ભાવના કુમારીકાઓમાં પણ ભરવી જોઇએ આજના માતાપિતા પોતાના પુત્ર-પુત્રીઓને "તારા માટે કેવી વહુ લાવીએ," કે "તારા માટે કેવો વર લાવીએ" વગેરે વાતો કહી પોતે પ્રેમ કરે છે એમ માને છે પણ વાસ્તવમાં આવા ખોટા પ્રેમદ્વારા તેઓ પુત્ર-પુત્રીઓમાં નાનપણથી ખરાબ સસ્કારો પાડે છે. આજે સ્ત્રીઓનુ અધિક મરણ પ્રસૂતિગૃહમાં થાય છે તેનું કારણ નાની ઉંમરે સગર્ભા થવુ એ પણ છે.

પ્રસવવેદના વધવામાં પુરુષોનો અત્યાચાર પણ એક કારણ છે. મન ઉપર કાબુ ન રાખવાથી તથા ખાનપાન વગેરેનો વિવેક ન રાખવાથી જ આવી ખરાબ સ્થિતિ પેદા થવા પામી છે! આજે જે કેટલાક લોકો ધનવાન છે તે લોકો એમ વિચારે છે કે, અમે તો મોજ કરીએ! જો સ્ત્રી મરી જશે તો બીજી સ્ત્રી કયાં મળતી નથી।

[illegible] માનતા હતા. એટલા માટે તેમણે પંચકના જેવી નાશની કથા બતાવી નહિ, પણ જનતાનું જીવન બની શકે અને કોઈ પ્રકારની હાનિ પણ થાય નહિ એવી સાદી કલા બતાવી. જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્રમાં કહ્યું છે કે, ભગવાન ઋષભદેવે જે કળા બતાવી તે प्रजाहितयाए અર્થાત્—જનતાના હિત માટે બતાવી. ભગવાન પંચકર્મને એક પ્રકારનું તોફાન માનતા હતા એટલા માટે તેમણે એ કળા બતાવી નહિ પણ જનતાના જીવનનો નિર્વાહ સારી રીતે થઈ શકે એવી સાદી કલા બતાવી.

કહેવાનો ભાવાર્થ એ છે કે, પહેરવેશમાં પણ વિવેક રાખવાની જરૂર રહે છે. સાદા પહેરવેશ અને ચમકીલાં પહેરવેશ પહેરનારની ભાવનામા પણ અંતર હોય છે. જે લોકો મીલનાં ચમકીલા વસ્ત્ર પહેરે છે તેઓ ખાદી પહેરી જુએ તો તેમને જણાશે કે, વાસ્તવમા વસ્ત્રની સાથે ભાવનાનો કેટલો બધો સંબધ છે! કદાચ કોઈ કહે કે, કેટલાક ખાદી પહેરનારાઓ પણ લુચ્ચા અને નકારા હોય છે! તો આ પ્રશ્નનો ઉત્તર એ કે, સાધુવેશ ધારણ કરનારાઓમાં પણ કેટલાક લોકો ખરાબ નથી હોતા શુ ? સાધુઓમાં કોણ સારો અને કોણ ખરાબ છે તેનો નિર્ણય જેમ કરો છો તેમ ખાદી પહેરનારાઓમાં પણ સારા—નરસા માણસનો નિર્ણય કરી શકો છો. કોઈ ખાદી ધારણ કરનારો માણસ લુચ્ચો કે ખરાબ હોય એથી કાંઈ બધા ખાદી ધારણ કરનારાઓ ખરાબ કે લુચ્ચા છે, એમ કહી શકાય નહિ ! કહેવત છે કે, ‘ ફેશનની ફાસી અને સાદાઈ આઝાદી ’ અર્થાત ફેશનથી બંધન વધે છે અને સાદાઈથી આઝાદી મળે છે. એટલા માટે વીર્યરક્ષા માટે સાદાઈ ધારણ કરી પોશાક પહેરવામા ધ્યાન રાખવું પરમાવશ્યક છે.

વીર્યનાશનુ એક કારણ ‘ એક જ ઓરડામાં એક જ પથારી ઉપર સ્ત્રી—પુરુષે શયન કરવું ’ એ પણ છે એક જ મકાનમા એક જ પથારી

જગતનું કલ્યાણ કરશે. ગંગકુમારનો વિચાર પહેલાં બ્રહ્મચર્ય પાળવાનો ન હતો પણ તેમણે વિચાર્યું કે, જ્યાંસુધી હું બ્રહ્મચર્ય પાળતો નથી ત્યાંસુધી પિતાની ઇચ્છાની પૂર્તિ થઇ શકતી નથી. એટલા માટે પિતાની ઇચ્છા પાર પાડવા માટે તેમણે આજીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું આ કથા ઉપરથી પિતાનો ધર્મ શું છે અને પુત્રનું શું કર્ત્તવ્ય છે તે પણ જાણી શકાશે.

સત્યવતી જેનું બીજું નામ મત્સ્યગંધા કે યોજનગંધા છે તેને જોઇ રાજા શાન્તનુએ તેની સાથે વાતચીત કરી નિશ્ચય કર્યો કે, એ કન્યા સર્વોત્કૃષ્ટ હોવાથી તેની સાથે વિવાહ કરી તેને પોતાની રાણી બનાવવી; પણ પોતાના એ નિશ્ચયને પાર કેવીરીતે પાડવો એ વિષે વિચાર કરવા લાગ્યા. રાજાએ તે કન્યાને પૂછ્યું કે, " તું કોની પુત્રી છો ? " કન્યાએ ઉત્તર આપ્યો કે, " હું સુદાસની કન્યા છું. "

રાજા હુકમ કરી સુદાસને પોતાને ત્યાં બોલાવી શકતો હતો, પણ કેવળ હુકમ કરવો એ તો બુદ્ધિનું કામ છે, હૃદયનું કામ તો ધર્મનો વિચાર કરવો એ છે. શાન્તનુ રાજા ધર્મનો વિચાર કરી, પોતે યાચક બની સુદાસની પાસે ગયો. તેને દાતા બનાવ્યો અને રાજા પોતે યાચક બન્યો. હવે અત્રે એ જોવાનું છે કે, કન્યાના પિતાનું શું કર્ત્તવ્ય છે ! સુદાસ એમ વિચારી શકતો હતો કે, જો હું મારી કન્યા રાજાને આપીશ તો મારો વૈભવ પણ વધશે અને હું ધનવાન પણ થઇ જઇશ, પણ તે પ્રલોભનમાં પડતાં કન્યાનું જ ભાવિ હિત જોયું અને રાજાએ કન્યાની માંગણી કરવા છતાં તે રાજાને કહ્યું કે, " હું આપને મારી કન્યા આપી શકું એમ નથી. આપનો પુત્ર ગંગકુમાર બહુ વીર છે. રાજ્યનો માલિક તો તે બનશે અને મારી કન્યાને જો પુત્ર થાય તો તેને રાજ્ય મળે નહિ અને અહીંતહીં તેમને ભટકવું પડે એટલા માટે હું મારી કન્યાને

ગંગાની દૃષ્ટિએ તમે પણ ભાગે માતૃપિતા (અગ્ર) બનો છો. 'ત્યારે તમે આ સંબંધના વિષે માગ પિતાને ના કેમ પાડી' સુદાસે ઉત્તર આપ્યો કે, એ સંબંધમા તમે જ બાધક કારણ છો ! જો તમે એવી પ્રતિજ્ઞા કરો કે સત્યવતીનો પુત્ર જ રાજ્યાધિકારી બનશે તો ગંગાની સાથે મારી કન્યાનો વિવાહ કરાવી આપવામા મને કોઇ પ્રકારની આપત્તિ નથી.

સુદાસનું કથન સાંભળી ગંગકુમાર વિચારવા લાગ્યા કે, વાસ્તવમા આજે યજ્ઞનો સમય છે લોકો યજ્ઞનો અર્થ કેવળ અગ્નિમા ઘી હોમવું એટલો જ કરે છે પણ વાસ્તવમાં યજ્ઞ એટલે શું ! એને માટે કહેવામાં આવ્યુ છે કે :—

श्रोत्रादीनीन्द्रियान्यन्ये संयमाग्निषु जुह्वति ।
शब्दादीन्विषयानन्य इन्द्रियाग्निषु जुह्वति ॥
सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥

આજે શ્રોત્રાદિ જ્ઞાનેન્દ્રિયને હું પિતાના હિત માટે યજ્ઞમાં સમર્પણ કરું છું. "હે ! કાન ! તેં ઘણીવાર સાભળ્યુ છે કે, ગંગકુમાર યુવરાજ છે પણ હવે એ કથનને પિતાના હિતની આગમા સમર્પણ કરવું પડશે અને સત્યવતીનો પુત્ર યુવરાજ છે એ કથન સાંભળવામાં જ આનંદ માનવો પડશે. હે ! આંખો ! આ રાજસી પોશાક જોઇ આનંદ માનતી હતી પણ હવે એ ઇચ્છાને યજ્ઞમા હોમી ભાઇને રાજા તરીકે જોવામાં આનંદ માનવો પડશે. હે ! જીભ ! તુ પણ તારા વિષયો તરફ નિર્મમત્વ કેળવી લે કારણ કે તારા વિષયોને પણ હુ પિતાના હિતના હોમમાં હોમી દઇશ. હે ! મસ્તક ! તુ ઘણા દિવસો સુધી ઉન્નત અને અણનમ રહેલ છે પણ હવે સત્યવતીના

સાંભળી સુદાસ કહેવા લાગ્યો કે, "વાસ્તવમાં આપ વીરપુરુષ છો! આપના જેવી ભીષ્મપ્રતિજ્ઞા કોઈ બીજો કરી શકે નહિ! પણ હું જુઓ! આપનો પુત્ર પણ આપના જેવો જ પરાક્રમી થશે. આપ તો રાજ્ય કરશો નહિ પણ આપનો પુત્ર મારી પુત્રીના પુત્રને રાજ્ય ઉપર બેસવા ક્યાંથી દેશે! તે તો એમ કહેશે કે, રાજ્ય તો મારા પિતાના અધિકારમાં છે એટલા માટે રાજ્યનો સ્વામી હુ છુ. મારા પિતાએ રાજ્ય ન કર્યું તેથી શું થયુ? પણ રાજ્યના ઉત્તરાધિકારી તરીકે હુ મારો અધિકાર શા માટે છોડી દઉ? આ પ્રમાણે આપનો પુત્ર મારી પુત્રીના પુત્રને રાજ્યગાદીએ બેસવા ન દે એટલા માટે હુ મારી કન્યાને આપના પિતાને આપી કેમ શકુ?"

જે લોકો પોતાની કન્યાનો વિક્રય કરી દે છે તેમણે સુદાસના કથન ઉપર વિચાર કરવો જોઇએ કે, એક સાધારણ માણસ પણ પોતાની પુત્રીના અધિકારની રક્ષા માટે આટલા ઉન્નત વિચારો રાખે છે, તો પછી તમારે તમારી પુત્રીના અધિકાર વિષે કેટલા ઉન્નત વિચારો રાખવા જોઇએ!

સુદાસનું આ કથન સાભળી ગગકુમારે કહ્યું કે, "તુ ઠીક કહે છે. તને મારા ભાવિ સતાનનો ભય રહે છે પણ જો હુ વિવાહ જ ન કરું તો સંતાન કયાથી થશે! એટલા માટે હું દેવ, ગુરુ અને ધર્મની સાક્ષીએ પ્રતિજ્ઞા કરું છુ કે, હું જીવનપર્યંત વિવાહ જ કરીશ નહિ. આજીવન બ્રહ્મચારી રહીશ."

ગગકુમારે તો વિવાહ કરવાનો પણ ત્યાગ કર્યો પણ આજે એથી વિપરીત વિવાહ કરીને પણ નૈમિત્તિક લગ્નસંબધ જોડવામા આવે છે, પણ યુરોપમાં તો એમ કહેવામાં આવે છે કે, "વિવાહ કરી બધનમાં શા માટે પડવું જોઇએ! વિવાહ કરવો એ તો સ્વેચ્છાએ બંધનોમાં પડવા જેવું છે!" આ પ્રમાણે કહી ત્યા

વ્યાખ્યાન : સંતતિનિયમન *

'સમુદ્રવિજય' સુત શ્રી નેમીશ્વર, જાદવ કૂલકો ટીકો, ।
રતનકુખ ધારણી 'સિવાદેવી,' તેહનો નન્દન નીકો; ।
શ્રી જિન મોહનગારો છે, જીવનપ્રાણ હમારો છે ।। ૧ ।।

શ્રી અરિષ્ટનેમિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામા આવી છે. આજે મને જે વિષય ઉપર બોલવાનુ કહેવામા આવ્યુ છે તે વિષય ભગવાન અરિષ્ટનેમિની પ્રાર્થનામાં જ જોઇ રહ્યો છુ.

મહાપુરુષોએ સંસારની દશા સુધારવા માટે જે આચરણ કર્યું છે અને જે માર્ગે તેઓ ગયા છે તે માર્ગે આવવા માટે તેઓ આખી દુનિયાને આહ્વાહન કરી ગયા છે કે, "હે! જગજ્જીવો! કાળની વિચિત્રતા અને વિપરીતતાને કારણે તમારી સામે એવી એવી પરિસ્થિતિ ઉપસ્થિત થશે કે, તે સ્થિતિમા શુ કરવું તેની તમને સૂઝ પડશે નહિ પણ તમે લોકો અમારા આચરણને દૃષ્ટિમા રાખી, જે માર્ગે અમે ચાલ્યા છીએ, તે માર્ગે તમે ચાલશો, તે માર્ગને છોડી ઊલટા માર્ગે જશો નહિ, તો તમારુ કલ્યાણ જ થશે,

---

* રાજકોટ દશા શ્રીમાળી વણીક ભોજનશાળામા સં૦ ૧૯૯૨ના આસો વદી ૧૦ ને રવીવારના રોજ પૂજ્યશ્રીએ આપેલુ જાહેર વ્યાખ્યાન

કોઇ એવી માન્યતા પ્રચલિત થઇ છે કે, આ ગરીબ ભારત ઉ
સંતાનોની વૃદ્ધિ થવી એક ભારસ્વરૂપ છે; આ ભારથી ભારત
બચાવવા માટે એવો ઉપાય શોધી કાઢવામા આવ્યો છે કે, સંતાન
ઉત્પત્તિસ્થાનને જ નાબૂદ કરી નાંખવામાં આવે તો પછી સંતાનોત્પ
થશે કેવી રીતે !

આ ઉપાયને સંતતિનિયમન કે સંતતિનિરોધ કહેવામાં આવે છે
આ જ વિષય ઉપર મને થોડું કહેવાને માટે કહેવામાં આવ્યું છે
આ વિષય ઉપર મારો વધારે અભ્યાસ કે મારું અધ્યયન નથી પણ
સમાચાર પત્રો અને કેટલાંક પુસ્તકોદ્વારા જાણી શકાયુ છે કે
કેટલાક લોકોનુ એવુ કથન છે કે, વધતી જતી સંતતિનો અટકાવ
કરવા માટે શસ્ત્ર કે ઔષધદ્વારા સ્ત્રીઓની જનનશક્તિનો નાશ કરી
નાંખવામા આવે, તેમના ગર્ભાશયનુ ઑપરેશન કરી નાખવામા
આવે, કે તેમના ગર્ભાશયને શક્તિહીન બનાવી નાંખવામા આવે કે
જેથી સતતિ પેદા થઇ શકે જ નહિ ! આ પ્રમાણે સતતિનો નિરોધ
કરવાની આવશ્યક્તા તેઓ એટલા માટે જણાવે છે કે :—

" અત્યારે દુનિયામાં બેકારી વધી રહી છે અને બેકારીના ભારથી
દુનિયા દબાઇ રહી છે. આવી અવદશામાં વિશેષ ખર્ચ વધારવું
ઉચિત કેમ કહી શકાય ? અને સતતિ વધવાથી ખર્ચ પણ વધે છે.
સતાનો પેદા થાય છે ત્યારે પણ ખર્ચ થાય છે અને તેના ખાનપાન,
તથા શિક્ષાદિ માટે પણ ખર્ચ કરવું જ પડે છે જ્યારે પોતાનુ કે
પોતાની સ્ત્રીનુ પેટ ભરવું પણ મુશ્કેલ થઇ રહ્યુ છે તો પછી
સંતતિને પેદા કરી ખર્ચમાં વધારો કરવો એ તો આર્થિક સંકટને
વધારવા જેવું છે આર્થિક સકટને કારણે દુ ખ પણ વધી જાય છે એટલા
માટે સ્ત્રીઓની જનનશક્તિને નષ્ટ કરી સતાનોત્પત્તિને રોકવામા આવે
તો કોઇ પ્રકારનુ દુ:ખ જ રહેવા પામે નહિ !"

જનતામાં જે રોગ ફેલાય છે તે રોગથી જનતાને બચાવવી જોઈએ' તે મિત્રોમાંથી એક મિત્રે કહ્યું કે, "આમાં આંબાના ઝાડનો શો અપરાધ છે! ઝાડ શું કરી શકે? તેના ફળદ્વારા જનતાની જે હાનિ થઈ રહી છે તે હાનિથી જનતાને બચાવવાનો ભાર બુદ્ધિમાન લોકો ઉપર છે, એટલા માટે બુદ્ધિમાનોએ એવો કોઈ ઉપાય શોધવો જોઈએ કે, જેથી આ સુંદર ગણાતું ઝાડ પણ નષ્ટ ન થાય અને તેનાં ફળદ્વારા જનતાની જે હાનિ થઈ રહી છે તે હાનિ પણ ન થાય!"

બીજા મિત્રે કહ્યું કે, "હું એક એવી રાસાયણિક દવા જાણું છું કે, જે દવા આ વૃક્ષના મૂળમાં રેડવાથી વૃક્ષમાં ફળ જ આવવાં બંધ થઈ જશે અને એ રીતે બધો ઝગડો પણ મટી જશે. તે દવાના પ્રયોગથી તે વૃક્ષમાં ફળ જ આવશે નહિ એટલે લોકો તે ફળ ખાવા પામશે નહિ અને તેથી લોકોની હાનિ પણ થશે નહિ!"

ત્રીજા મિત્રે કહ્યું કે, "વૃક્ષમાં ફળ જ આવવા ન દેવા એ સ્વાભાવિકતાનો જ નાશ કરવા બરાબર છે. આમ કરવાથી તો આંબાના ઝાડનું નામ પણ રહેવા પામશે નહિ! એટલા માટે એ ઉપાય ઠીક જણાતો નથી."

ચોથા મિત્રે કહ્યું કે, "હું એક એવો ઉપાય બતાવું છું કે, જે ઉપાયદ્વારા વૃક્ષમાં વધારે ફળ નહિ આવે પણ જેટલાં ફળોની આવશ્યક્તા હશે તેટલાં જ ફળો આવશે બાકીનાં ફળો નાશ પામશે"

પાંચમા મિત્રે કહ્યું કે, "એથી શું લાભ થશે? જે ફળો વૃક્ષ ઉપર આવશે તે તો હાનિ કરનારાં જ આવશે ને? તે પણ નિઃસત્ત્વ અને ખરાબ જ હશે ને? તો પછી એ ઉપાયથી દુનિયાને શું લાભ થશે! હું એક એવો ઉપાય જાણું છું કે, જે ઉપાયદ્વારા આ વૃક્ષ

હ્રાસ થઇ રહ્યો છે, ખર્ચનો ભાર વધી રહ્યો છે અને બેકારી વધી જવાને કારણે સંતાનો પણ દુઃખ પામી રહ્યા છે.

આજના સુધારકો કે જેઓ પોતાને દુનિયાના અને મનુષ્ય-સમાજના હિતૈષી માને છે, તેઓ આ વાત સમજ્યા અને એ વાતનો નિકાલ લાવવા માટે ઉપાય વિચારવા લાગ્યા.

એક કહે છે કે, "અમે વિજ્ઞાનદ્વારા એવો ઉપાય શોધ્યો છે કે, જે ઉપાયદ્વારા મનુષ્યરૂપી વૃક્ષ તો સારું રહે, તેના સુખસૌંદર્યને હાનિ ન પહોંચે અને સાથે સાથે તેની ઉપર અતિ સંતતિરૂપી બોજો પણ પડે નહિ. એના માટે ગર્ભાશયને જ શસ્ત્ર કે ઔષધના પ્રયોગથી નષ્ટ કે શક્તિહીન કરી દેવામાં આવે કે જેથી સંતતિ જ પેદા થવા ન પામે."

સંતતિનિયમન માટે એક તો ગર્ભાશયને જ શક્તિહીન કરી દેવાનું કહે છે. બીજો કહે છે કે, આમ કરવાથી તો મનુષ્યજાતિનો જ વિનાશ થઇ જશે. એટલા માટે આ ઉપાયને જ કામમાં લાવવો તે ઠીક નથી. આ ઉપાયનો ઉપયોગ તો આવશ્યકતાથી વધારે સંતાનો થતાં હોય ત્યારે જ કરવો જોઇએ.

આજના સુધારકો વધતી જતી સંતતિને રોકવા માટે આને જ એક અંતિમ ઉપાય માને છે. ઘણા લોકોને આ ઉપાય પસંદ પણ પડયો છે અને તેઓ આ ઉપાયનો પ્રચાર પણ કરે છે. એવું પણ સાંભળવામાં આવ્યુ છે કે, સરકાર પણ આ ઉપાયના પ્રચારમાં સહાયતા આપી રહી છે.

લોકો એમ વિચારે છે કે, "આ ઉપાયના પ્રયોગથી અમારા વિષયભોગને પણ બાધા પહોંચશે નહિ તથા અમારા ઉપર સંતતિનો

આજે જે દૃષ્ટિએ સંતતિનિયમનને માટે ઉપાય કામમાં લેવામાં આવે છે અથવા એ ઉપાયને સારો માનવામાં આવે છે એનું ભાવિ પરિણામ જોતાં એમ જ કહી શકાય કે, એ નાશનો માર્ગ છે.

લોકો એમ વિચારે છે કે, વિષયભોગ છોડી શકાતો નથી. આ વિચારને કારણે વિષયલાલસામાંથી સ્ત્રીનો સંગ કરવામાં આવે છે. સ્ત્રીનો સંગ કરી વધારેમાં વધારે વિષયભોગ સેવવામાં આવે એવી ઇચ્છા લોકો કરે છે અને આ ઇચ્છાની પૂર્તિ માટે મદનવર્ધક ગોળી, યાકુતી ગોળી આદિ જીવનભ્રષ્ટ કરનારી કામોત્તેજક ચીજોનો ઉપયોગ કરવામાં આવે છે. અત્યારે વિષયભોગની લાલસા એટલી બધી વધવા પામી છે કે, જીવનભ્રષ્ટ કરનારી કામોત્તેજક ચીજોનાં વિજ્ઞાપનોનો તો અટકાવ તો કોઇ કરતુ નથી અને ઊલટું સંતતિને રોકવા માટે કૃત્રિમ ઉપાયોનો પ્રચાર કરવામાં આવે છે.

કહેવાનો ભાવાર્થ એ છે કે, સ્ત્રીનો સંગ કરવાથી કામવાસના જાગે છે અને તેથી ક્રોધ પેદા થાય છે કારણ કે જેઓ કામભોગમાં બાધા ઊભી કરે છે તેની ઉપર ક્રોધ આવે એ સ્વાભાવિક છે કામભોગને કારણે જ સંતાનો ઉપર પણ ક્રોધ આવે છે અને પોતાનાં સંતાનોને પણ શેતાનરૂપે માનવામાં આવે છે. એટલું જ નહિ પણ સંતાનો ખર્ચમાં વધારો કરે છે અને કામભોગમાં બાધા ઊભી કરે છે માટે સંતાનો જ પેદા ન થાય એવાં ઉપાયો યોજવામાં આવે છે. પણ જે વાતને દૃષ્ટિમાં રાખીને આજે સંતાનો પ્રતિ ક્રોધ કરવામાં આવે છે, તેમના પ્રતિ દ્રોહ કરવામાં આવે છે અને તેમની ઉત્પત્તિનો નાશ કરવામાં આવે છે એ દૃષ્ટિ ઉપર ઊંડો વિચાર કરવામાં આવે તો જણાશે કે, આ દૃષ્ટિએ તો વૃદ્ધો કે જેઓ કાંઇ કામ કરી શકતા નથી એટલે ભારરૂપ હોવાથી તેમનો પણ નાશ કરવાની વૃત્તિ પેદા થશે. અને જે પ્રમાણે સંતાનો પ્રતિ

[રહેલો વારંવાર સ્વામાં આવે છે તે પ્રમાણે જહી રતિ પ્ર [ઉત્ત્પન્ન થવાથી કાનની ભાવના પેદા થઈ આ જ પ્રમાણે એવો જેમ વિચારી કે આ ના પતિ એ આ અને આ છે થયા છે એક મા માટે ત બા રૂપ અને ર થાય છે માર વધુ નુકશાન ... આ જ પ્રમાણે ઘણા પણ બાળોને અજ્ઞાન ... તેના નાશ ... થઈ આ પ્રમાણે શાન્ત કે આવવનો જ ઉપાય, મન ના થી જવાથી જે સંતતિનિયમનના કામના વારવામાં આવે છે ત જ ઉંમર આ કે ... વાવવામાં આવતા પ્રિયાને આદિનાના પણ ... અને ... કોઈ ઈચ્છે છે તે પણ ... જ આ ...

કેવાના આશય એ છે કે કામથી નનોદ પેદા થઈ ... પેદા થયા બાદ આ ... છે કે પતિપત્નિ છે કે માતાપિતા છે એવા વિવેક રહેતા નથી ... અને પોતાના વિષયભોગના માગ ... નિર્વિઘ્ન ... દૃષ્ટિ રહે છે આ પ્રમાણે ... અને પરિણામ વિનાશ જ થાય વિષયભોગથી ... આ પ્રમાણે અનર્થ પેદા ... થાય છે.

સંતતિનિયમન માટે ... પ્રધાનના ઉપાય વિચારવામાં આવે છે પણ આ ઉપાયના ... પણ વિચારી શકે છે કે ... કામશાસ્ત્રનું આવરણ કરવામાં આવે છે ... તે ... ત્યારે ... સંતતિની ઉત્પત્તિ ... અને આ પ્રમાણે ... રહેવાથી ... કરવામાં આવે છે ...

એમ પણ બની શકે કે એ સંતાનો લૂલાં લંગડાં છે કે અવિનીત છે તો એનો પણ નાશ કરતાં લોકો અચકાશે નહિ! આ પ્રમાણે સંતતિનિયમનને માટે કરવામાં આવતાં કૃત્રિમ ઉપાયોને કારણે ઘોર અનર્થ ફેલાવા પામશે અને સંસારમાંથી દયાભાવનો હ્રાસ થવા પામશે.

કદાચ કોઇ કહે કે, કોઇ પેદા થએલ સંતાનને મારી નાંખવાં એ તો પાપ છે અને અમે તો સંતતિનિયમનને માટે કેવળ ગર્ભાશયનું ઑપરેશન કરવાનું જ કહીએ છીએ જે પાપરૂપ નથી !

આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે, માનો કે કોઇ એક માણસ એક નૌકામાં કે જેમાં અનેક માણસો બેઠેલાં છે તેમાં કાણું પાડી રહ્યો છે. તે નૌકામાં બેઠેલાં માણસોને તો મારતો નથી કેવળ નૌકામા કાણુ પાડે છે. આ ઉપરથી નૌકામાં કાણું પાડનાર માણસ નૌકામા બેઠેલાં માણસોને મારતો નથી એમ કહી શકાય નહિ. જો એમ કહી શકાય તો પછી ઉત્પત્તિસ્થાનને નષ્ટ કરી પોતાના વિષય-ભોગ ચાલુ રાખવામાં હત્યા કરવામા આવે છે એમ કેમ કહી શકાય નહિ ? આ સિવાય જ્યારે મનુષ્યની પરોક્ષ હિંસાથી ઘૃણા થશે નહિ પણ જાણી જોઇને જ તેમની હિંસા કરવામાં આવશે તો પછી પ્રત્યક્ષ હિંસાથી પણ ઘૃણા થશે નહિ અને તે પણ કરવામાં આવશે.

હવે કોઈ એમ કહે કે, તો પછી વધતી જતી સંતતિનો અટકાવ કેવી રીતે કરવો જોઇએ ! જો સંતતિનુ નિયમન કરવામાં ન આવે તો શું કુતરાંનાં ગલુડીયાંની માફક સંતતિનો વધારો કરતાં જ જવું શુ ? આ પ્રશ્નના ઉત્તરમાં સૌથી પહેલાં અમે એ જ કહીએ છીએ કે, વિષયવાસનાને સદાને માટે જ શા માટે શાન્ત કરી દેવામાં ન આવે ! કામવાસનાને વધારવામા જ શા માટે આવે અને શા

ભગવાન નેમિનાથે પણ સંસારની સમક્ષ બ્રહ્મચર્યનો આદર્શ ઉપસ્થિત કર્યો હતો. તેઓ સંતતિનિયમનના ઉપાયો પણ જાણતા હતા અને ભગવાન પુત્રો પણ ઉત્પન્ન કરી શકતા હતા તેમ છતાં તેઓ બ્રહ્મચર્યને જ સારુ સમજતા હતા અને એટલા જ માટે તેમણે વિવાહ ન કર્યો પણ સંસારની સામે બ્રહ્મચર્યનો આદર્શ ઉપસ્થિત કર્યો. આ જ પ્રમાણે જો તમે પણ વિવાહ ન કરો પણ બ્રહ્મચર્યનુ જ પાલન કરો તો શુ વાંધો છે! જો તમે બ્રહ્મચર્યનું પાલન કરો તો પછી સતતિનિયમનનો કોઇ પ્રશ્ન જ પેદા થવા પામતો નથી.

આ ઉપરથી કોઈ એમ કહે છે કે, અમે ભીષ્મ કે ભગવાન અરિષ્ટનેમિની માફક બ્રહ્મચર્યનું પાલન કરી શકીએ નહિ એટલા માટે વધતાં જતાં સંતાનોનો નિરોધ થાય એવો ઉપાય બતાવો? આના માટે મેં પહેલાં આંબાનુ જે ઉદાહરણ આપ્યું છે તેને જુઓ. જે પ્રમાણે આંબાનુ ઝાડ પણ સારું રહે, તેને ફળો પણ આવશ્યક્તાનુસાર આવે અને તે ફળો સુદર તથા બધાને લાભકારી થાય તેને માટે જે ઉપાય આગળ વિચારવામાં આવ્યો હતો તે જ પ્રમાણે સંતતિ વિષે એવો કોઇ ઉપાય છે કે નહિ! તેનો વિચાર કરો. જો કોઇ એવો ઉપાય છે તો પછી એ ઉપાયને કામમાં ન લેતાં શસ્ત્ર કે ઔષધના પ્રયોગદ્વારા ગર્ભાશયને નષ્ટ શા માટે કરવામાં આવે?

સૌથી સારો ઉપાય તો એ છે કે, તે માટે પૂર્ણ બ્રહ્મચર્યનું જ પાલન કરવામા આવે પરન્તુ જો એમ બની શકે એમ ન હોય તો જ્યાસુધી પોતાનામાં પોતાની સ્ત્રી અને પોતાનાં સંતાનોને પાળવાની શક્તિ ન આવે ત્યા સુધી બ્રહ્મચર્ય પાળવાનો નિયમ હોવો જોઈએ. અથવા જ્યાંસુધી પતિપત્નિમાં સતાનોનુ પાલન કરવાની શક્તિ નથી ત્યાંસુધી સંતાનોની ઉત્પત્તિ નહિ કરતા બ્રહ્મચર્યનુ પાલન કરવું જોઇએ. અથવા બે ચાર સંતાનો થયા બાદ સતોષ માની વિષયસેવનથી નિવૃત્ત થઇ બ્રહ્મચર્યમાં પ્રવૃત્ત થવું જોઇએ.

ભીષ્મ અને ભગવાન નેમિનાથ જેવા બ્રહ્મચારીનો ઉચ્ચ આદર્શ છે એ ભારતમાં "વિષયભોગને કાબુમાં રાખી શકાતો નથી" એવી દુર્ભાવનાનું ભૂત ક્યાંથી ઘુસી ગયું તેની કાંઈ ખબર પડતી નથી. "બ્રહ્મચર્યનું પાલન કરવું અતિ મુશ્કેલ છે, સાધુ થયા વિના બ્રહ્મચર્યનું પાલન થઈ જ શકતું નથી અને ગૃહસ્થજીવનમાં બ્રહ્મચર્યનું પાલન કરવું શક્ય નથી." આ પ્રકારની માન્યતા તદ્દન ભૂલભરેલી છે જો મનોબળ મજબૂત હોય તો પૂર્ણ કે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પણ પાલન થઈ શકે છે અથવા વિવાહ કરીને પણ ગૃહસ્થજીવનમા બ્રહ્મચર્યનું પાલન થઇ શકે છે. બ્રહ્મચર્યના પાલનથી કશું નુકશાન થતું નથી, લાભ જ થાય છે. કહ્યુ પણ છે કે;—

ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः—યોગસૂત્ર

અર્થાત્—બ્રહ્મચર્યનું પાલન કરવાથી વીર્યનો લાભ થાય છે; અને વીર્યશક્તિ સુરક્ષિત રહે છે. નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરવાથી પણ વીર્યલાભ થાય છે અને વિવાહ કરીને બ્રહ્મચર્ય પાળવાથી પણ વીર્યલાભ થાય છે. આથી વિરુદ્ધ વિષયભોગને કાબુમા લાવી જ શકાતો નથી એવી જ ભાવના ભાવવામાં આવે અને એ દુર્ભાવનાને કારણે શસ્ત્ર-પ્રયોગાદિદ્વારા સંતતિનો નિરોધ કરવામા આવે તો તેથી પોતાની તથા બીજાની ઘણી હાનિ થવાનો સંભવ રહે છે.

કેટલાક લોકો એમ કહે છે કે, બ્રહ્મચર્યનું પાલન કરવાથી શરીરમાં રોગ પેદા થવા પામે છે! પણ બ્રહ્મચર્યનું પાલન કરવાથી કોઇને રોગ પેદા થયો હોય એવું અત્યારસુધી કોઇવાર સાંભળવામાં આવ્યુ નથી તેમ તેનું ઉદાહરણ પણ જોવામાં આવ્યુ નથી આથી વિપરીત જે લોકો વિષયી હોય છે તેઓને જ રોગ પેદા થએલો નજરે પ્રત્યક્ષ જોવામાં આવે છે. બ્રહ્મચર્યથી રોગ પેદા થતો નથી પણ વીર્યલાભ જ થાય છે.

પણ તમારા હૃદયમાંથી કામભોગને કાબુમાં રાખવો અસંભવ જેવું છે એ વાતને કાઢી નાંખો તો તમને પણ વિષયભોગને કાબુમાં રાખવામાં જરાપણ મુશ્કેલી જણાશે નહિ !

હનુમાનની કથા

મર્યાદિત બ્રહ્મચર્યનું પાલન કરી, પેદા કરવામાં આવેલાં સંતાનો કેવાં બળવાન હોય છે તેને માટે હનુમાનની કથા ઉપર વિચાર કરો. લોકો હનુમાન અમને બળ આપશે એમ માની હનુમાનની પૂજા કરે છે પણ શું હનુમાનને તેલ કે સિંદૂર ચડાવવા માત્રથી જ બળની પ્રાપ્તિ થઇ જશે ? હનુમાનને જે બળ મળ્યું હતુ તે બ્રહ્મચર્યના પ્રતાપથી જ મળ્યુ હતું. તે શીલના જ પુત્ર હતા. પવનજી મહાસુંદરી સતી અંજનાની સાથે વિવાહ કરી તેને ઘેર લાવ્યા પણ અંજના પ્રતિ તેમના હૃદયમાં થોડો સંદેહ પેદા થઇ જવાને કારણે પવનજીએ અંજનાને છોડી મૂકી અને પોતાના મનને વશમાં રાખ્યું. અંજના પણ સમજી ગઇ કે, પતિને મારા વિષે સંદેહ પેદા થયો છે અને એ જ કારણે મનને વશમાં રાખી મારાથી દૂર રહે છે. અંજનાએ આ વાતને લક્ષ્યમાં રાખી પોતે પણ મનને વશમાં રાખવાનો નિશ્ચય કર્યો.

અંજનાની દાસીએ એકવાર અંજનાને કહ્યું કે, પવનજી તમારા માટે પતિ નથી પણ પાપી છે, કારણ કે પતિ હોય તો કાંઇ પોતાની સ્ત્રીને આમ છોડી મૂકે !

અંજનાએ જવાબ આપ્યો કે, દાસી ! તું મારા પતિની નિંદા કર નહિ. તે સાચા ધર્માત્મા છે. તે રાજપુત્ર છે અને અનેક કન્યાઓ સાથે વિવાહ પણ કરી શકે છે તેમ છતાં કેવળ મારા માટે તેઓ મનને કાબુમાં રાખી રહ્યા છે. મારા પાપને કારણે તેમને

પોતાના માટે તો એમ કહે છે કે, અમે પુરુષ છીએ એટલે ગમે તે કરીએ, પણ આ એકપક્ષીય વાત છે એટલા માટે અમે એમ કહીએ છીએ કે, સ્ત્રી અને પુરુષ–બન્નેએ શીલનુ પાલન કરવું જોઈએ. શાસ્ત્રમાં પુરુષને માટે સ્વદારસંતોષ અને સ્ત્રીને માટે સ્વપતિસંતોષ વ્રત બતાવવામાં આવેલ છે. જો પુરુષો સ્વદારસંતોષવ્રતનું પાલન કરે તો સ્ત્રીઓ સ્વપતિસંતોષવ્રતનુ પાલન કેમ નહિ કરે? પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન ન થઈ શકે તો પણ આ વ્રતનું બરાબર પાલન કરવામાં આવે અને સ્ત્રીપુરુષ સંતોષપૂર્વક મર્યાદિત જીવન ગાળે તો પણ સંતતિનિયમનના પ્રશ્નનો ઉકેલ થઈ શકે એમ છે.

બાર વર્ષ બાદ યુદ્ધને માટે જતાં પવનકુમારે જંગલમાં પડાવ નાંખ્યો. ત્યાં રાતના વખતે ઝાડ ઉપર એક ચક્રવાકી રોતી હતી. પવને પોતાના મિત્ર પ્રહસ્તને આ પક્ષી શા માટે રુવે છે તેનું કારણ પૂછ્યુ. પ્રહસ્તે કહ્યુ કે, “રાતના વખતે ચક્રવાક અને ચક્રવાકીનો વિયોગ થઈ જાય છે અને એ વિયોગદુઃખને કારણે આ ચક્રવાકી રોઈ રહી છે.”

પવનકુમાર પ્રહસ્તને કહેવા લાગ્યા કે, “જ્યારે આ ચક્રવાકી કેવળ એક રાતના વિયોગદુઃખથી આટલો બધો કલ્પાંત કરી રહી છે, તો પછી મારી પત્ની કે જેને બાર વર્ષ થયા મેં છોડી મૂકી છે તેને કેટલુ બધુ દુઃખ થતું હશે! મને તેના પ્રતિ સંદેહ પેદા થયો હતો અને તે કારણે મેં તેનો ત્યાગ કર્યો હતો.”

પ્રહસ્તે પવનકુમારને પૂછ્યુ કે, “તે સતી તરફ આપને શો સંદેહ પેદા થયો હતો? તમે મને અત્યાર સુધી એ વિષે વાત કોઈ દિવસ કરી નહિ. વાત કરી હોત તો આપના સંદેહનુ નિવારણ હું કરી આપત!”

પવનકુમારે પોતાનો સંદેહ પ્રહસ્તને કહી સંભળાવ્યો. પ્રહસ્તે જવાબ આપ્યો કે, “તે તો સતી છે. તેના તરફ તમારો સંદેહ

સાચે જ મારા મુખમાં જીભ ન હતી. દુર્ભાગિનીનાં શુકન મારાં ગણાતા નથી. મારા પતિ એવા મહાપુરુષ અને વીર છે કે તેમણે પિતાને યુદ્ધમાં જવા ન દેતાં પોતે યુદ્ધમાં ગયા તેઓ એવા વીરપુરુષ છે અને બાર વર્ષથી બ્રહ્મચર્યનું પાલન કરી રહ્યા છે. એટલા માટે જો એવા સચ્ચરિત્ર વીરપુરુષની જીત નહિ થાય તો કોની જીત થશે?"

આ પ્રમાણે અંજના અને તેની દાસી વચ્ચે થએલી વાતચીત પવનકુમારે શાંતચિત્તે સાંભળી અને સાંભળીને તે ગળગળા થઇ પ્રહસ્તને કહેવા લાગ્યા કે, "હે મિત્ર! મેં આ સતીનો બહુ જ અપરાધ કર્યો છે; એટલા માટે તેને કેવીરીતે મળવું!"

પ્રહસ્તે કહ્યુ કે 'થોડીવાર રાહ જુઓ!' આ પ્રમાણે કહી પ્રહસ્તે અંજનાના ઘરનુ બારણુ ખખડાવ્યું. બારણાને કોઇ ખખડાવતુ જોઇ તે જોરથી બોલી ઉઠી કે, "એ કોણ દુષ્ટ છે કે, જે કુમારને બહાર ગએલા જોઇ અત્યારે આવ્યો છે? જે કોઇ હોય તે અહીંથી જલદી ચાલ્યા જાઓ નહિ તો તારું મૃત્યુ થઈ જશે."

પ્રહસ્તે જવાબ આપ્યો કે, "બીજું કોઇ નથી. બીજો કોણ અત્રે આવવાની હિમત કરે! એ તો પવનકુમાર છે અને તેમની સાથે હું તેમનો મિત્ર પ્રહસ્ત છું." આ સાભળી અંજના પ્રસન્ન થઇ પણ તેણીએ ખાત્રી કર્યા વિના ઘરનાં બારણાં ખોલ્યાં નહિ, પણ પહેલાં પ્રકાશદ્વારા બારી વાટે ખાત્રી કર્યા બાદ જ તેણીએ ઘરનુ બારણુ ખોલ્યુ.

અંજનાએ અર્ઘ-પૂજા વડે પવનકુમારની આરતી ઉતારી અને પછી 'મેં તમને બહુ કષ્ટ આપ્યુ છે' એમ કહેવા લાગી.

પવનકુમારે અંજનાને કષ્ટ આપ્યુ હતુ કે અંજનાએ પવન-કુમારને કષ્ટ આપ્યું હતુ! વાસ્તવમાં તો પવનકુમારે જ અંજનાને

બ્રહ્મચર્યના આ ઉપાયથી સંતતિનુ નિયમન થશે. જે સતતિ થશે તે પણ બળવાન અને સબળ થશે અને તમે પણ સશક્ત રહી શકશો.

શસ્ત્રક્રિયા કે ઔષધના પ્રયોગદ્વારા સંતતિનુ નિયમન કરવાથી પોતાની હાનિ થવાની સાથે પરંપરાએ બીજાની પણ હાનિ થશે. આ સિવાય વર્તમાન સમયમાં સ્ત્રીપુરુષની સમાનતાનો પ્રશ્ન ઊભો થવા પામ્યો છે; તો સ્ત્રીઓ તરફથી કદાચ એવો પ્રશ્ન પણ ઊભો થવા પામે કે, સંતતિનિયમન માટે અમારા ગર્ભાશયનું શા માટે ઑપરેશન કરવામા આવે! પુરુષોને જ શસ્ત્ર કે ઔષધના પ્રયોગદ્વારા એવા શા માટે બનાવવામાં ન આવે કે તેમની દ્વારા સંતાનોત્પત્તિ જ થઈ ન શકે! તેમની ઉત્પાદક શક્તિને જ નાશ શા માટે કરી દેવામા ન આવે! જો કૃત્રિમ સંતતિનિયમનના ઉપાયોને કારણે ભવિષ્યમાં આવી ભયંકર સ્થિતિ ઉભી થવા પામે, એ ઉપાયોને પહેલેથી કામમાં ન લેવા એ જ ઉચિત છે. કદાચ સરકાર પણ સતતિનિયમન માટે એવા કૃત્રિમ ઉપાયોને કામમાં લેવાનો કાયદો કરે તો પણ સરકારના એ કાળા કાયદાને માનવો કે નહિ! એ તો તમારી ઇચ્છા ઉપર જ આધાર રાખે છે. જો તમારી દૃષ્ટિએ પણ સતતિનિયમનના કૃત્રિમ ઉપાયો અનુચિત છે તો એ ઉપાયોનો ત્યાગ કરો અને સંતતિનિયમન માટે બ્રહ્મચર્યનો અમોઘ ઉપાય કામમા લો તો તેમાં તમારુ, સમાજનુ અને દેશનુ કલ્યાણ રહેલું છે

વિચારવાની એ જેમાં કોઈ તર્ક ગણગણ ન ગણશો. જોઈએ ગાંધીજી ખાદી પહેરવા માટે જે તર્ક કરે છે તેની વિરુદ્ધ જૈનદૃષ્ટિએ આ દલીલ કરવામાં આવે છે. આપણે તો અહીં ગાંધીજીના કથન ઉપર અને આ દલીલ ઉપર તટસ્થ રહીને વિચાર કરવાનો છે.

એમ કહેવામા આવે છે કે, ખાદીમાં જૂ પડે છે અને ખાદીને ધોવા માટે વધારે પાણી વાપરવું પડે છે, પરંતુ આ રીતે આરંભસમારંભ જોવા લાગશું તો અનેક અનિતિવાળાં કાર્યો થવાં લાગશે. દૃષ્ટાંતરૂપે એક માણસ કહે છે કે, "હું બ્રહ્મચર્ય પાળી શકતો નથી, પરંતુ જો વિવાહ કરુ તો આરંભ થાય. વિવાહ કરવાથી સંતતિ પણ થાય અને ધમાલમાં પડવું પડે એથી આરભ વધી જાય માટે રૂપીઓ, બે રૂપીઆ આપીને વેશ્યાગમન કરી મારી કામવાસનાને તૃપ્ત કરી લઉં કે જેથી આરંભના પાપમાથી બચી જાઉં." કોઇ માણસ આ પ્રમાણે કહે તો તમે તેને શું કહેશો? એ જ જવાબ આપશો કે, તેમ કરવું 'તે મહા પાપ છે.' આ પ્રમાણે માત્ર દેખીતા આરંભને પકડી રાખવામાં આવે અને પરોક્ષરૂપે મહા આરંભ વગેરે મોટા પાપ ન જોવામાં આવે તો નૈતિક-જીવન છોડીને અનૈતિક જીવનમાં પડી જવું પડે. સંસારમાં જેટલાં કૃત્યો થાય છે તે દરેકની સાથે પાપ અને પુણ્ય લાગેલાં જ રહે છે. પરંતુ પ્રત્યેક કૃત્યમાં પાપ અને પુણ્યનું વધતા-ઓછાપણુ જોવું જોઇએ.

જે કૃત્યથી વધારે પાપ થાય છે તે કૃત્યને પહેલું જ તજવું જોઇએ. જે પ્રમાણે વેશ્યાગમન અને નૈતિક વિવાહના વિષયમાં જોવામા આવે છે કે, વેશ્યાગમન એ ભયંકર પાપ છે અને નૈતિક વિવાહ કરવો તે ભયકર પાપ નથી. આ વાત કાપડના સંબધમાં પણ વિચારો. જો તમે કાપડના વિષયમા વિચાર કરશો તો વેશ્યા-

નીચા ગયા છે અને નિરાગી બની ગયો છે. જો તમે ચરબી લાગેલું કાપડ વાપરવાનું છોડી દો તો તે દેશમાં ચરબીને માટે થઈ રહેલી હિંસા અટકી જાય, તેમજ તે દેશના લોકોમાં જે ખરાબી આવી ગઈ છે અને બીજાનું લોહી ચૂસવાનું શીખી ગયા છે તે બંધ થઈ જાય. આ વાતોને સમજ્યા પછી તમોને જેવું વ્યાજબી લાગે તેવું તમે કરવાના જ; પરંતુ આ વાતોને સમજવાની આવશ્યકતા છે. આ વાતોને સમજીને તમે મહાઆરંભથી બચી શકો છો. શાસ્ત્રોમા શ્રાવકને અલ્પારંભી, અલ્પપરિગ્રહી કહ્યા છે અને પોતાની આજીવિકા પણ ધર્મને રાહે કરે છે તેમ કહ્યું છે. શ્રાવકોનું વર્ણન કરતાં એમ કહેવામાં આવ્યુ છે કે, શ્રાવકોએ આરંભનો સર્વથા ત્યાગ કર્યો ન હતો પરંતુ તેઓ મહાઆરભથી મુક્ત રહેતા. જેઓ મહા આરંભથી મુક્ત રહ્યા છે તેઓને અલ્પારંભી હોવા છતાં પણ શાસ્ત્રકારો ધર્મી કહે છે, પાપી કહેતુ નથી. માટે ચરબી લાગેલાં કાપડ અને ખાદીના સંબધમાં એ જુઓ કે, અલ્પારંભ કોનાથી થાય છે અને મહા આરભ કોનાથી થાય છે? આ વિવેક રાખીને જેમાં મહા આરંભ હોય તે વસ્તુનો ત્યાગ કરો.

ખાદીને ધોવામાં વધારે પાણી વપરાય છે તે કારણથી ખાદીની નિન્દા કરવી અને ચરબી લાગેલાં કાપડને ધોવામાં પાણી ઓછું વપરાય તેથી ખાદી કરતા તેને સારુ માનવું અને તે પાછળના મહા-આરંભનો વિચાર ન કરવો તે વ્યાજબી નથી. ખાદી વાપરવાથી પાણીની વધારે વપરાશથી હિંસા થાય છે પરંતુ ચરબી લાગેલાં કાપડથી તો મનુષ્ય સુધીની પણ હિંસાઓ થાય છે.

હુ એમ કહુ છુ કે, મહાઆરંભ અને અલ્પારંભને સમજીને મહાઆ-રંભથી છૂટો. અલ્પારંભથી પણ છૂટવાની ભાવના રાખો. પરંતુ અલ્પારં-

[illegible], [illegible] જૈનના મહાવ્રતધારી નથી. [illegible] "હું મહાવ્રતધારી છું." પરંતુ [illegible], તમે તો "મહાવ્રતધારી છો અને [illegible] રેંટિયાનો નિષેધ કરવો જોઇએ કારણ કે, રેંટિયા [illegible] કરીને ફેર છે અને તેથી જીવોની હિંસા થાય છે. આ માટે તમારે તો એવો ઉપદેશ આપવો જોઇએ કે, રેંટિયો ન કાતવો" એ પ્રમાણે કહી શકાય. પરંતુ એ ઉપદેશ ત્યારે જ આપી શકાય કે, જ્યારે તમે કોઇ કપડાં ન પહેરતાં હો. કપડાં પહેરવાનું તમે છોડી શકતા નથી અને એવી સ્થિતિમાં તમોને રેંટિયો ન કાતવાનું કહેવું એ તો બીજા મહા પાપમા નાંખવાનુ થાય. દાખલા તરીકે, કોઇ બાઇને એમ કહેવામાં આવે કે, "તમે ઘંટી ફેરવવી બંધ કરી દો." આ ઉપદેશ હું આપી શકું, પરંતુ તે બાઇને લોટનો ખોરાક બધ થયો નથી, તેથી ઘટી ફેરવવી બધ કરી દેશે તો મશીનથી ચાલતી ઘંટીનો આશ્રય લેશે અને તેમ કરીને અલ્પારંભમાથી મહાઆરંભમા પડશે. પરંતુ જો હુ એમ ઉપદેશ આપુ કે, મીલનો દળેલો લોટ ખાવાનુ છોડી દો તો એ બહેન કહેશે કે, હુ મીલનો લોટ ખાવાનુ છોડી દઉં તો મારે ઘંટી ફેરવવી પડશે આ પ્રમાણે મીલમા દળેલો લોટ ખાવાનો ત્યાગ કરવાથી તેને ઘટી ફેરવવી પડશે તો તે પાપ શુ મને લાગશે? જ્યારે મારે મીલમાં દળેલા લોટનો ઉપયોગ છોડી દેવાનો ઉપદેશ આપવો પડે ત્યારે મીલ અને ઘંટી એ બન્નેથી થઇ રહેલાં પાપમા શુ અતર છે તે બતાવવુ પડશે. એમ કહેવું પડશે કે, મીલમા દળેલા લોટમાં અને ઘટીથી દળેલા લોટમા નૈતિક દૃષ્ટિએ એ જાતનુ અતર રહે છે કે, જેવું અતર ઘી નીકળેલા દૂધ અને ઘી નીકળ્યા વગરના દૂધ વચ્ચે હોય છે દેખાવમાં તો બન્ને દૂધ એક સરખા રગના લાગે છે પરતુ ખરીરીતે બન્નેમા તફાવત છે આ

પણ કોઈ માર્ગે જોઈએ? મૈત્રી, આચાર વગેરે નૈતિક ઉપાયોથી જીવન બનાવાય છે. તેથી હું એમ નથી કહી શકતો કે, તમે એ બધા છોડીને ભીખ માગો. પરંતુ એમ કહી શકું કે, પંદર કર્માદાનનો ત્યાગ કરો. આ પ્રમાણે ગાંધીજીના કહેવામાં રેંટિયાના આરંભથી મોટા મોટા પાપનો ત્યાગ થાય છે. અત્યારસુધી આફ્રિકા વગેરેથી માલ આવતો અટકે તેમાં શું ખરાબ થાય છે? જૈન દૃષ્ટિએ એવા કૃત્યને કેમ ખરાબ કહી શકાય? કોઇ એમ પૂછશે કે, રેંટિયો કોઇએ કાત્યો હોય તેવું વર્ણન શાસ્ત્રોમા આવ્યુ છે? એને માટે એમ કહેવાનુ છે કે તે માટે તમે શાસ્ત્રનાં દાખલાઓ તપાસો તો જાણી શકશો.

શંકરભાષ્યમાં જે કાંઇ કહેવામાં આવ્યુ છે તે દૃષ્ટિ સન્મુખ રાખીને જૈન શાસ્ત્રો તરફ નજર કરશો તો જૈનશાસ્ત્રનું મહત્ત્વ જાણી શકશો. શંકરભાષ્યમાં અર્થવાદનાં ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. અનુવાદ, ગુણવાદ અને ત્રીજો સદ્ભૂત અર્થવાદ. જે વસ્તુ બીજા પ્રમાણથી પ્રસિદ્ધ છે તે વસ્તુના ગુણદોષ કહેવા, તે અનુવાદ છે. જેમ કોઇ કહે કે અગ્નિ શીતળતા મટાડે છે, પાણી તરસ છીપાવે છે. આ બન્ને વાતો અનાદિથી પ્રસિદ્ધ છે, તેથી આ પ્રમાણે કહેવું તે અનુવાદ છે. બીજો ભેદ ગુણવાદ છે. જેમ કોઇ સ્ત્રીને ચંદ્રમુખી કહેવામાં આવે, જો કે તેનુ મોઢું ચદ્ર હોતું નથી, પરંતુ તેના મોઢા ઉપર શીતલતા અને સૌમ્યતા હોવાને કારણે ચંદ્રની શીતલતા અને સૌમ્યતાની અનુસાર બતાવવામાં આવે છે. ચદ્રમાં રહેલી શીતલતા અને સૌમ્યતાને લઇને સ્ત્રીને ચદ્રમુખી કહેલી છે, તેથી તે ગુણવાદ છે. ત્રીજો સદ્ભૂત અર્થવાદ છે. જેમ કોઇ માણસ કહે કે સ્વર્ગ અને નરક નથી; પરંતુ તેને એમ પૂછવામાં આવે કે તેનુ શું પ્રમાણ છે, તો તે કહેશે કે કોઇ જોઇ આવ્યુ છે? તેના જવાબમાં એમ કહેવામાં આવે કે, સ્વર્ગ અને નરક નથી એ શું તમે જોઇ આવ્યા છો? જો નથી જોઇ આવ્યા, તો પછી નિષેધ

આર્દ્રકુમાર મુનિ પણ ત્યાં હતા અને એક જગ્યાએ ધ્યાન ધરીને ઊભા હતા. ત્યાં નગરની કેટલીક બાળાઓ રમતી હતી. જેમાં શ્રીમતી નામની એક વેપારીની પુત્રી પણ હતી. એ બાળાઓ દોડી દોડીને થાંભલો પકડીને કહેતી હતી કે, " આ અમારો પતિ છે." શ્રીમતીએ આર્દ્રકુમારને માટે એમ ન જાણ્યું કે, આ મનુષ્ય છે આર્દ્રકુમાર અંધારામાં ઊભા હતા તેથી શ્રીમતીએ દોડીને તેને થાંભલો સમજીને પકડી લીધા અને કહેવા લાગી કે, "આ મારા પતિ છે." તેની સખીઓ કહેવા લાગી કે, " તુ ઠગાઇ ગઇ, તે થાંભલો નથી; પરંતુ પુરુષ છે." કથામાં એમ પણ કહ્યું છે કે, શ્રીમતી પૂર્વભવમાં આર્દ્રકુમારની પત્ની હતી. પૂર્વ ભવના સંસ્કાર પણ રહે છે તેથી શ્રીમતીએ હઠ પકડી કે, " હવે આ પુરુષ મારા પતિ છે." શ્રીમતી હઠ પકડીને ત્યાં બેસી ગઇ. તે હકીકત સાંભળીને તેના પિતા શ્રીમતીને સમજાવવા માટે ત્યાં આવ્યા અને શ્રીમતીને ખૂબ સમજાવી કે, " આ તારે યોગ્ય પતિ નથી, તેમજ મારા ઘરને લાયક જમાઇ નથી." શ્રીમતીએ પિતાની વાત ન માની. છેવટે તેના પિતાએ વિચાર્યું કે " વિવાહ તો તે કરવાની છે, તો હુ નકામી હઠ શા માટે કરું? અને તેને શા માટે રોકું?" શ્રીમતીની દરેક રીતે પરીક્ષા કર્યાં પછી તેના પિતાએ તેની ઇચ્છા મુજબ વર્ત્તવાની છૂટ આપી તે વખતે ત્યાં સુવર્ણમહોરોની વૃષ્ટિ થઇ. ત્યાના રાજા સુવર્ણમહોરો જોઇને લલચાયા અને મહોરો લેવા લાગ્યા; પરંતુ દૈવી કોપ થયો અને તેથી રાજાને શાંત થવું પડયું. આ સઘળુ જોઇને આર્દ્રકુમાર વિચારવા લાગ્યા કે, " જેની સહાયતા દેવતા કરે છે અને જે મને આ રીતે ચાહે છે તેનો કેવી રીતે અસ્વીકાર કરવો ?" આ પ્રમાણે વિચારીને તેણે શ્રીમતીને કહ્યુ કે " હું દેવતાઓથી પણ મોહિત થઇ શકયો ન હતો, પરંતુ તારી સરલતા અને પ્રેમથી હુ મોહિત થયો છુ તારા નિશ્ચયે મને

વિકારો વધારશે, તેથી મારે માટે તો રેંટિયો કાંતવો અને તેની સહાયતાથી જીવન વીતાવવું એ જ સારૂં છે. રેંટિયાની સહાયતા લેવાથી મારા ધાર્યાનું પણ રક્ષણ થશે અને મારો ધર્મ પણ રહેશે, ઉપરાંત મારી આજીવિકા પણ ચાલશે. જો હું બીજા કામમાં ગૂંથાઇને રેંટિયો થોડો કાંતીશ તો મને ખાવાનું પણ થોડું મળશે. જો મારે વધારે ખાવાની ઇચ્છા થાય તો મારે રેંટિયો વધારે વખત કાંતવો પડશે. તેથી હું મારો વખત બીજી રીતે વીતાવી શકીશ નહિ અને તેમ થવાથી વિકારોથી બચી જઇશ"

હું જે શબ્દો કહી ગયો છું તે કથામાં નથી. પરંતુ જેવી રીતે બીજથી વૃક્ષોનો વિસ્તાર થાય છે તેવી જ રીતે મૂળ વાતનો આ વિસ્તાર છે. શ્રીમતીએ વિકારોથી બચવા માટે રેંટિયાનો આશ્રમ લીધો. આજે વિધવા સ્ત્રીઓ ગમે તેટલું ખાવા–પીવા માંડશે તો કોઇ પણ તેની નિન્દા કરશે નહિ, પરંતુ જો તે રેંટિયો કાંતવા માંડશે તો તેની નિન્દા કરશે. મતલબ એ છે કે, શ્રીમતીએ સાદું જીવન જીવવા માટે રેંટિયાનો સ્વીકાર કર્યો હતો. આજે ગાંધીજી સાદું જીવન જીવવા માટે રેંટિયાનો સ્વીકાર કરવાનું કહે છે, તો તેમાં જૈનદષ્ટિએ શું નુકશાન થાય છે? જે વસ્તુથી અહિંસાનું પાલન થતું હોય અને મહાઆરંભથી છૂટાતું હોય તે વસ્તુ જો કોઇ સ્વીકારે એ જૈનદષ્ટિથી વિરુદ્ધ નથી અને કદાચ કોઇ અહિંસાની વિરુદ્ધમાં કાંઇ વાત કહે તો તેનો અસ્વીકાર કરવો જોઇએ. પછી તે વાત કરનાર ગમે તે હોય. જે વાત અનુચિત હોય તેનો વિરોધ કરી શકાય. વાસ્તવિક વાતોને માન્ય રાખી શકાય અને અવાસ્તવિક વાતોનો તો વિરોધ જ કરવો જોઇએ.

ખાદી પહેરવાનો અને રેંટિયો કાંતવાનો ઉપદેશ આપનાર ગાંધીજીની હજુસુધી મારે મુલાકાત થઇ નથી. દિલ્હીમાં તેમની

મહાન્ કરવા જોઈએ. લોકો ભલે કહે કે જેઓ મોટા નામ રાખીને દુર્ગુણોનો પ્રચાર કરે છે તેની સાથે આપણે કાંઈ સંબંધ નથી.

મતલબ એ છે કે, ગાંધીજી અહિંસાને માટે જે કાંઈ કહે છે તે જૈનધર્મને પુષ્ટિ આપે છે. તમારે અહિંસાની વાતનો સ્વીકાર કરીને હિંસાનો ત્યાગ કરવો જોઈએ. જ્યાંસુધી તમે ગૃહસ્થ છો ત્યાંસુધી મહાઆરંભ છોડવા માટે અલ્પારંભનો આશ્રય લીધા સિવાય ચાલી શકતું નથી. જેમ કોઈ માંસાહારીને માંસ છોડવાનું કહેવામાં આવે તો તે વખતે તેને એમ ન કહી શકાય કે, તારે ભૂખે મરવું પરંતુ એમ કહી શકાય કે, તારું જીવન શુદ્ધ અને સાત્ત્વિક આહારથી નભી શકે છે. આ પ્રમાણે માંસનો ખોરાક છોડી દેનાર માટે અન્નનો આધાર તો જોઈએ. આ રીતે જ્યારે મહાઆરંભ છોડવો હોય ત્યારે જીવન-નિર્વાહને માટે અલ્પારંભનો આશ્રય લીધા સિવાય ગૃહસ્થને માટે બીજો કોઈ માર્ગ નથી.

ગાંધીજી મહાઆરંભને છોડાવનારા છે અને જે મહાઆરંભને છોડે છે અને બીજાઓને તેથી છોડાવે છે તે અહિંસક છે. આ રીતે હિંસા ત્યાગવાની વાતનો સ્વીકાર કરવો એ જૈનદષ્ટિએ ખોટું કે પાપમય નથી. આ વાતને સમજીને ખાદી અને ચરબી લાગેલું કાપડ એ બન્નેમાં મહાઆરભ કયા વસ્ત્રમાં થાય છે, તેનો વિવેક રાખીને મહાઆરંભવાળા કાર્યનો ત્યાગ કરશો તો કલ્યાણ થશે.

શું કહેવું? આ બાબત ... મેં સાંભળ્યું છે કે, ગઇ કાલે ગાંધી જયંતિનો ઉત્સવ ... માં પટેલ સાહેબે કહ્યું હતું કે "રાજકોટે જે મોટા છે તે જોઇને મને આનંદ થાય છે, પરંતુ રાજકોટની દશા જોઇને ખેદ પણ થાય છે." આ રાજકોટમાં ગાંધીજીએ તેમનું બાળપણ વીતાવ્યો છે તેનું સ્મારક આજે પણ મોજુદ છે. આ રાજકોટમાં બાળપણ વીતાવનાર ગાંધીજી આજે કેવું સાદુ જીવન વિતાવી રહ્યા છે! તેમણે પોતાના સાદા જીવનથી એ બતાવી આપ્યું છે કે, સંસાર આડંબરનો ભૂખ્યો નથી, પરંતુ તેને સાદાઇ અને સદાચારની આવશ્યકતા છે. સદાચારનું પાલન કરવા સાથે સાદા બનીને જગતની સન્મુખ ઊભા રહેવું એ સૌથી ઉત્તમ વાત છે. આવું વર્તન કરવાવાળા પુરુષ જો બોલે તો તો સારું છે; પરંતુ કદાચિત ન બોલે તો પણ તેમના દ્વારા જગતનુ કલ્યાણ થાય છે અકલ્યાણ થતુ નથી. ગાંધીજી જેવા જગપ્રસિદ્ધ પુરુષ જેઓ રાજકોટમાં બાલ્યવસ્થામાં રહ્યા હતા અને આજે સાદું જીવન વ્યતીત કરે છે તે પુરુષના કથનની રાજકોટના વતનીઓ ઉપર અસર ન થાય તે વાસ્તવિક રીતે પટેલ સાહેબના કહેવા મુજબ ખેદની વાત થઇ જાય છે. નારણદાસભાઇ કહેતા હતા કે, "આપ આરભ સમારંભનો વિચાર કરીને ખાદી અને મીલના કાપડનુ અંતર બતાવો છો તે સાભળીને સહુ લોકો વાહવાહ કરવા લાગે છે, પરતુ તેનો કોઇ ક્રિયાત્મક પ્રભાવ દેખાતો નથી. ખાદી સારી છે એમ માત્ર કહેવાથી શું ફાયદો થાય?" વાસ્તવિક રીતે જોવામાં આવે તો વાહવાહ કહેવાથી શું લાભ થવાનો છે? આવી વાહવાહને માટે એક કવિએ કહ્યુ છે કે "રીઝ પરવાને કો વાહવાહ બનાઇ હે।" આવા લોકોએ પોતાના બચાવને માટે વાહવાહ શબ્દ બનાવી લીધો છે. ખાદી અને મીલના કપડામાં શું તફાવત છે તે સાંભળીને ખાદીની પ્રશંસા કરી દેવાથી અને ખાદીને માટે

ભારતનું કલ્યાણ તો ગાંધીજીને માટે વાહવાહ કરવાથી નહીં થાય. તેઓ દેશના કાર્યોનો જેટલો બોજો ઉપાડે છે તેટલો ભાર ઉપાડવાથી જ ભારતનું કલ્યાણ થઇ શકશે. એમ સાંભળ્યુ છે કે, ગઇ કાલે પંડિત સાહેબે કહ્યું હતું કે, વર્ષાઋતુમાં તો ઘણા દેડકા ઉત્પન્ન થઇને ડ્રાંઉ ડ્રાંઉ કરવા લાગે છે પરંતુ જ્યારે તાપ પડવા માંડે છે ત્યારે તેઓ અદૃશ્ય થઇ જાય છે. એ પ્રમાણે જ્યારે આંદોલનનો સમય હોય છે ત્યારે તો ઘણા માણસો એમ કહેવા લાગે છે કે, " અમે પણ દેશભક્ત છીએ " પરંતુ જ્યારે રચનાત્મક કાર્ય કરવાનો વખત આવે છે ત્યારે તે ભક્તો ક્યાં અદૃશ્ય થઇ જાય છે? તે વખતે જોવામાં પણ આવતા નથી.

આ પ્રમાણે ગાંધીજીની વાહવાહ કરવા તો ઘણા મનુષ્યો તૈયાર થાય છે, પરંતુ તેમના ઉપદેશ અનુસાર કામ કરવા ઘણા થોડા મનુષ્યો તૈયાર થાય છે. રાજકોટનિવાસીઓને હું એમ કહુ છુ કે, જો તમે કેવલ વાહવાહ કરવામાં જ રહો તો તે ઘણી શરમની વાત છે અને તમારી સાથે મારા માટે પણ શરમની વાત બનશે, કેમકે હું પણ ભારતમા જ જન્મેલો છું. હું એ જાણતો ન હતો કે, કોઇ વખત હુ રાજકોટ જઇશ અને પટેલ સાહેબની મારે મુલાકાત થશે. પરંતુ કોણ જાણે કુદરત શું કાર્ય કરી રહેલ છે! અત્યારે હું પણ રાજકોટમાં છું અને તેથી મારા માટે પણ એ શરમની વાત બનશે. જો તમે ચરબી લાગેલ મીલના કપડાનો ત્યાગ કરો તો તમોને શુ નુકશાન થાય છે? શું તેમ કરવામાં સરકાર તમને રોકે છે? સરકાર તરફથી એવી કોઇ અટકાયત નથી છતાં પણ, જો કોઈ સરકારની બીકથી ચરબી લાગેલું કાપડ ન છોડે તો તેવા માણસો દેવાદિકના ઉપસર્ગ વખતે કેવી રીતે નિર્ભય રહી શકશે? જો તમે ચરબી લાગેલ કાપડ છોડી દો અને ખાદી પહેરવા લાગો

સરદાર શ્રી વલ્લભભાઇ પટેલનું પ્રવચન



આપ સહુના દર્શન કરવાથી મને ઘણો આનંદ થયો છે. સાધુ સંતોની સામે ઊભા રહીને ઉપદેશ આપવાની મને આદત પ નથી અને મને અધિકાર પણ નથી. હું આ સંસારમાં રહેવાવાળો છું અને સંસાર પાપથી ભરેલો છે. ભારતમાં જે એક મહાપુરુષ જન્મેલ છે તેનો હું શીપાહી છું અને તેમનો સંદેશો ગામડે ગામડે પહોંચાડવ ફરું છું. અત્યારે તો હું તીર્થસ્થાનમા આવેલો છું. આ રાજકો શહેર તેમના વસવાટનું સ્થાન છે મને ખબર ન હતી કે મારે અહીં આવવું પડશે અને સંતોના મુખે આ ઉપદેશ સાંભળવાનું મળશે પરંતુ આપણું ઉપદેશ સાંભળવું એવું ન થવું જોઈએ કે, "કથા સુણીને ફૂટયા કાન તોય ન આવ્યુ હૃદયે જ્ઞાન" આ જાતનો ઉપદેશ તમે રોજ સાંભળો છો, પરંતુ "મુંખમાં રામ બગલમેં છૂરી" એ કહેવત અનુસાર વર્ત્તન ન હોય તો આ બધી બહેનોના શરીર પરના વસ્ત્રો પરદેશી કેમ જોવામાં આવે? ભારતની એ પદ્ધતિ છે કે, પાપ ધોવા માટે ગંગાસ્નાન કરવામાં આવે છે, અથવા તો કેસરીયા નાથની યાત્રાએ જઇ આવે છે અને સમજે છે કે, અમારું પાપ ધોવાઇ ગયું છે પરંતુ એ વિચાર ભૂલભરેલો છે. જે કર્મો કરવામાં આવે છે તે ભોગવવાં જ પડે છે. તેથી કેવળ ઉપદેશ

પણ શરાબમાં અહિંસાનું પાલન કેવી રીતે થાય? આ દશામાં તમે અહિંસાના પાલનહાર કેમ રહી શકો? મારા અહિંસક માણસે રેંટીયો ચલાવીને એવો પ્રયત્ન કરવો જોઈએ કે, ભુખે મરતા ઘણા માણસોને રોટલા મળી શકે.

જે દેશમાં પાશ્ચાત્યની ગાદી રહેલ છે તે દેશના માણસો ભારતના આ તપસ્વીને માટે કહે છે કે, "તે કેવો વીર છે કે તલવાર-બંદુક વગર પણ આખી સલ્તનતને ધ્રુજાવી રહ્યો છે." જગતને એ પ્રેમ કરવાનું શીખવે છે અને કહે છે કે, તે વગર કલ્યાણ નથી. તેઓ એમ પણ માને છે કે, "આ પાશ્ચાત્યશાહીને અટકાવવા વાળો ભારતમાં એક જ મહાપુરુષ છે અને જ્યાંસુધી અમે તેણે બતાવેલા માર્ગે નહીં ચાલીએ ત્યાંસુધી અમારું કલ્યાણ નહી થાય." આપણા માટે શાસ્ત્રમાં અહિંસાના પાલન માટે અનેક આદર્શ બતાવેલાં છે પરંતુ તે પ્રત્યક્ષ નથી. અહિંસાનો આવો પ્રત્યક્ષ આદર્શ, જે તમારી સન્મુખ રાખે છે તેની વાત ન માનશો તો તમારું કલ્યાણ કેવી રીતે થશે? તમે આ વાત નથી સમજ્યા. માત્ર એક કે બે માણસોએ ખાદી પહેરવાની પ્રતિજ્ઞા કરી તો તેથી એ સ્પષ્ટ થાય છે કે, તમોને સંત કે ધર્મ પ્રત્યે બરાબર શ્રદ્ધા નથી અથવા તો તમારામાં અશક્તિ છે. જો તમારામાં આવી અશક્તિ હોય તો જે ધર્મ શિર સાટે પાળી શકાય છે તે ધર્મ તમે કેવી રીતે પાળી શકશો? તમે જે ઉપદેશ સાંભળો છો તેને પાળવાનો અભ્યાસ કરશો ત્યારે જ ઉપદેશશ્રવણ સફળ થશે. આ પ્રમાણે સાધુસંતોનું આવાગમન અને ઉપદેશ આપવાનું ત્યારે જ સફળ થાય કે જ્યારે તમે, એ ઉપદેશનું પાલન કરો. ઉપદેશનુ પાલન કરવાનો અભ્યાસ કરો.

ભારતની રક્ષા સદા સ્ત્રીઓએ જ કરેલી છે. સ્ત્રીઓ જો ભારતની રક્ષા હવે નહી કરે તો પછી કોણ કરશે? પરંતુ આજે તો સ્ત્રીઓ

આ તિરસ્કાર શરીરનો નથી પરંતુ તે શરીરમાં રહેલા આત્માનો થાય છે. શરીરમાંથી આત્મા ચાલ્યા ગયા પછી ભલા અસ્પૃશ્ય જ બની જાય કે તે પછી આત્મા હોવા છતાં કોઈનું પણ અપમાન કરવું તે જીવિત અંગનું અપમાન કરવા બરાબર છે.

આપણે સહુ આ સંસારમાં જીવીએ અને અત્યારે તો હું એવા તીર્થસ્થાનમાં આવેલો છું કે જ્યાં એ મોટા જૈન થયા છે કે જે જૈન ન હોવા છતાં પણ મન, વચન અને કાયાથી જૈનધર્મનું પાલન કરી રહ્યો છે. એ મહા પુરુષના જીવનનું અનુકરણ કરીને તમારે કાંઈ પણ પ્રતિજ્ઞા કરવી જોઈએ. તેમ કરવાથી તમારાં સાધુદર્શન અને ઉપદેશશ્રવણ સફળ થશે. આટલું કહીને તમોને તેમજ મને એવી દૃઢતા પ્રાપ્ત થાઓ એ ભાવના સાથે હું વિરમું છું.



ગાંધીજીનું જીવન સ્થૂલ શરીર અને તેમનું કાર્ય; એમ બે વિભાગોમાં વહેંચાયેલું જણાય છે. જે લોકો તેમને જોવા ગયા હતા તેમણે શું જોયું? આ વિષે વિચાર કરતાં મને એક ચોભંગી યાદ આવી છે.

સંસારમાં ચાર પ્રકારના લોકો હોય છે:—એક તો એવા પ્રકારના લોકો હોય છે કે જેઓ ગુણ જ જુએ છે, રૂપ જોતા નથી. બીજા એવા હોય છે કે, તેઓ રૂપ જ જુએ છે, ગુણ જોતા નથી. ત્રીજા એવા પ્રકારના હોય છે કે તેઓ રૂપ પણ જુએ છે અને ગુણ પણ જુએ છે. અને ચોથા એવા પ્રકારના લોકો હોય છે કે જેઓ ગુણ પણ જોતા નથી તેમ રૂપ પણ જોતા નથી. આ ચોભંગી ઉપરથી જે લોકો ગાંધીજીને જોવા ગયા હતા તેઓ શા ઉદ્દેશે ગયા હતા તેનો નિર્ણય કરી શકાય છે!

કેટલાક લોકો 'અમે ગાંધીજીની આગળ સારા લાગીએ' એ માટે ખાદી પહેરીને પણ ગયા હશે! આ પ્રમાણે 'અમે સારા લાગીએ' એમ બતાવવા માટે જ જે લોકોએ ખાદી પહેરી હશે તેમને માટે એમ કહી શકાય કે, તેમણે રૂપ જ જોયુ છે, ગુણ જોયો નથી. કેટલાક લોકો એવા પણ હશે કે, જેઓ ગાંધીજીના શરીરને જોઇને શું કરવું છે! તેમણે જે કાર્ય બતાવ્યુ છે તે કરવું જોઇએ! તેઓ અહિંસા અને સત્યના માર્ગે જવા માટે માંસ, મદિરા તથા ચરબી લગાવેલ વસ્ત્રોનો ત્યાગ કરવાનું કહે છે માટે આપણે તો તેમણે બતાવેલાં કાર્યોને જ અપનાવવાં જોઇએ! આ પ્રમાણે કહેનારાઓ અને વર્ત્તનારાઓએ રૂપ નહિ પણ ગુણ જોયો છે એમ કહી શકાય.

મેં ગાંધીજીની આત્મકથામા વાંચ્યુ છે કે, જ્યારે પહેલીવાર તેઓ વિલાયત જતા હતા ત્યારે તેમણે મુનિશ્રી બેચરજીસ્વામી નામના

થાય છે. અને અહિંસાનું પાલન છે તે વાત ગાંધીજી પાસેથી ગ્રહી છે માટે તેમને સેવા અને તેમણે કરેલાં કાર્યોને અપનાવવાં નિશ્ચયે એમ કહેવાય છે. ત્રણ પ્રકારના લોકો તો આ પ્રકારના હોય છે પણ ચોથા પ્રકારના લોકો એવા હોય છે કે, તેઓ ગાંધીજીના ગુણોને પણ દેખતા નથી તેમ તેમના કાર્યને પણ અનુસરતા નથી ઊલટું ગાંધીજીની નિંદા કરે છે અને ગાંધીજીએ જ અમારુ અહિત કર્યું છે એમ છાતી કૂટીને કહ્યા કરે છે.

સંસારમાં આ ચાર પ્રકારના માણસો હોય છે એમ ભગવાન કહી જ ગયા છે, પરંતુ તમે કઇ શ્રેણીમાં રહેશો એનો તમે પોતે વિચાર કરો.

જેમની પાસે ત્યાગ લેવાથી ગાંધીજી માસ, મદિરા અને પરસ્ત્રીના સેવનથી બચી શકયા અને એ કારણે ગાંધીજી જે મહાત્માનો ઉપકાર માને છે તેમના તમે શિષ્યો હોવા છતા પણ જો કેવળ શરીરના રૂપને જ જુઓ અને ગુણોને ન જુઓ તો એમ જોવા માત્રથી શું વળવાનું છે? તમે જેમને તમારા ગુરુ કહો છો તેમની પાસે ત્યાગ ધારણ કરી ગાંધીજી પોતાને સુરક્ષિત રાખી શકયા અને એકવાર લીધેલો ત્યાગ તેમણે દૃઢતાપૂર્વક પાળી બતાવ્યો પણ તમે કેવળ ઉપદેશ સાંભળીને જ બેઠા રહો અને કાર્યમાં ન ઉતારો તો તમે કેવળ રૂપને જ જુઓ છો, ગુણને જોતા નથી એમ કહેવાય. ગાંધીજી પોતે પણ જે મહાત્માનો ઉપકાર માને છે એ મહાત્માના શિષ્ય હોવા છતા પણ જો તમે અહિંસાને વધારનારી વાતોને જીવનમાં ન ઉતારો તો તમને શું કહેવું? તમે દિવસ અને રાત ઉપદેશ સાભળો છો, અને એ માટે દૂરદૂરથી ઉપદેશ સાંભળવા આવો છો તેમ છતાં તમારા હૃદયમાં અહિંસાને વધારનારી વાતો ઊતરતી નથી એનુ શું કારણ? અને ગાંધીજીએ એક જ વારના ઉપદેશને સદાને માટે હૃદયમાં

મનાજે ત્યારે જ અહિંસાનું પાલન થઇ શકે છે અને તમારી પાસે ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કરાવી શકે છે. પણ જ્યાંસુધી પોતે જ ચરબીનાં વસ્ત્રો છોડે નહિ ત્યાંસુધી બીજાને ચરબીનાં વસ્ત્રોને છોડાવી પણ કેમ શકે? અને તેમના ઉપદેશની અસર પણ શું પડે? ગાંધીજી જો પોતે ચરબીનાં વસ્ત્રો પહેરે અને બીજાને તેનો ત્યાગ કરવાનું કહે તો શું તેમના કથનની લોકો ઉપર અસર થાય ખરી? આ જ પ્રમાણે સાધુ લોકો જ્યાંસુધી પોતે જ ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કરે નહિ ત્યાંસુધી તેમના ઉપદેશની અસર કાંઇ પડી શકે નહિ! કોઇ એમ કહે કે, સાધુ લોકો તો ગૃહસ્થોને ત્યાંથી કપડાં લાવે છે એટલા માટે તેમને જેવાં કપડાં મળે છે તેવાં જ તેમને પહેરવાં પડે છે, પણ જ્યારે ચરબીના વસ્ત્રો મળે છે ત્યારે શું તપાસ કરવાથી ચરબી વિનાનાં ખાદીનાં વસ્ત્રો નથી મળતાં શું? મળે છે. એટલા માટે સાધુઓએ સર્વપ્રથમ ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કરવો જોઇએ અને પછી લોકોને ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવો જોઇએ. જે ચરબીના વસ્રો માટે ઘોર હિંસા કરવામાં આવે છે એ વસ્રોનો ત્યાગ કરો એ જ તમારા માટે ઉચિત છે. જો અહિંસા અને ભગવાન મહાવીરને તમે સમજ્યા છો તો તમારે ચરબીનાં વસ્ત્રોનો ત્યાગ કરવો જ જોઈએ. ચરબીનાં વસ્રોનો ત્યાગ કરવાથી સ્વાર્થ સાથે પરમાર્થ પણ સધાય છે, જીવનમાં સાદાઇ આવે છે, અને અહિંસાનું પાલન પણ થાય છે. ચરબીનાં વસ્ત્રો માટે કેવા કેવાં હત્યાકાંડો થાય છે એ જાણવા છતા એવાં વસ્ત્રોને વાપરવા તે અહિંસાની અવહેલના કરવા બરાબર છે.

કેટલાક લોકો એમ કહે છે કે, અમારી પાસે પહેલાંના મીલનાં કપડાં પડયા છે તેને તો અમે પહેરી નાંખીએ? પણ અહિંસાની આરાધના માટે શું એ વસ્ત્રોનો ત્યાગ થઈ શકે નહિ? એવાં કપડાંનો મમત્વભાવ ઉતરી ન શકે? જો બધા લોકો એમ કહેવા લાગે કે,